રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

લોકભારતી ગ્રામવિદ્યાપીઠનાં સંશોધન કાર્યોને પ્રોત્સાહિત કરવા
'ઈફકો' તથા 'ગુજકોમાસોલ'ના ચેરમેન અને લોકભારતીના ચાહક
માનનિય શ્રી દિલીપભાઈ સંઘાણી દ્વારા મળેલ આર્થિક સહાય.



વર્ષ: ૭૯ અંક : ૦૯ ૧૫ એપ્રિલ, ૨૦૨૬

લોકસેવા મહાવિદ્યાલય અને શ્રી સર્વોદય સહકારી પ્રકાશન સંઘના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ વાચન શિબિર





લોકભારતી અધ્યાપન મંદિર અને શેત્રુંજી ડેમ કેમ્પસમાં વર્ષ ૧૯૭૫-૭૭ દરમિયાન પી.ટી.સી.ની તાલીમ પામેલા વડીલ તાલીમાર્થીઓનું સતત પાંચમું સ્નેહમિલન ઉત્સાહભેર યોજાઈ ગયું.










# કોડિયું

વર્ષ : ૭૯ | એપ્રિલ ૨૦૨૬ | અંક : ૦૯


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | **સત્સંગ: બાઉલ જીવની - ઉલટા ચાકાર કુંભ**<br>સતીશચંદ્ર વ્યાસ | ...૦૬ |
| ૦૨ | **નવલિકા: ફરિયાદ**<br>રોહિત શાહ | ...૦૮ |
| ૦૩ | **પ્રકાશવંત, પુરુષાર્થીઃ જ્યોતિભાઈ કનૈયાલાલ દેસાઈ**<br>પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર | ...૧૧ |
| ૦૪ | **જીવનસૂત્ર : આત્મતત્ત્વની ઓળખ...**<br>ડૉ. દિનુ ચુડાસમા | ...૧૩ |
| ૦૫ | **શ્રીમદ રાજચંદ્ર અને મહાત્મા ગાંધી : અપૂર્વ વ્યકિતત્વો, અપૂર્વ સંબંધ**<br>સોનલ પરીખ | ...૧૪ |
| ૦૬ | **શ્રી સરદાર વલ્લભભાઈ પટેલનું શિક્ષણ દર્શન...**<br>અવનિ દવે | ...૧૬ |
| ૦૭ | **લોકભારતી એટલે સ્વાદની સંજીવની**<br>પ્રા. વિશાલ જોષી | ...૨૦ |
| ૦૮ | **મરુસુંદરી મૂમલની મૃગતૃષ્ણા**<br>પારસકુમાર | ...૨૨ |
| ૦૯ | **માવતરની માવજતઃ ૩, જન્મઃ માત્ર બાળકનો નહીં, માતાપિતાનો પણ...!**<br>ડૉ. કૃણાલ પંચાલ | ...૨૪ |
| ૧૦ | **ઈન્ટર્નશિપ દરમિયાન હાથ ધરેલ ક્રિયાત્મક સંશોધન**<br>ગોહેલ રાજ મહેન્દ્રભાઈ | ...૨૬ |
| ૧૧ | **અહેવાલ : વાચનયાત્રાની મધુરપ**<br>લીંબાણી ભૂમિ, પરમાર હેતલ | ...૨૯ |
| ૧૨ | **ક્યે દા’ડે છૂટીશું...**<br>હીરજી ભીંગરાડિયા | ...૩૧ |
| ૧૩ | **સ્વર્ગમાં પ્રવેશ...**<br>ડૉ. બી. એમ. શેલડિયા | ...૩૪ |
| ૧૪ | **સંસ્થા સમાચાર**<br>પ્રશાંત મહેતા | ...૩૭ |

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**

સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૯૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**

શ્રી મેહુલભાઈ ભટ્ટ
(મો. ૯૪૨૭૨૩૩૪૬૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૯૯૦૩૪

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

◆ **સૂચના** ◆

- 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

◆ **લેખ મોકલવા માટે** ◆

'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

◆ **લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર** ◆

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

◆ **લેખકોને** ◆

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની
જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

◆ **લવાજમ** ◆

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

અત્યારે વિશ્વ યુદ્ધગ્રસ્ત છે, ભારત ક્રિકેટગ્રસ્ત છે અને અમે ઑડિટગ્રસ્ત છીએ! ૩૦મી માર્ચે સાતેક સંસ્થાઓના હિસાબો જોઈ રહ્યો છું. આવક-જાવક અને નફા-ખોટની આંકડાકીય વિગતો જાણતાં-જાણતાં ગુણવંત શાહનો લેખ નજરે ચડી ગયો! ઈશ્વર તરફથી મળેલ મૂલ્યવાન જીવનનું ઑડિટ કર્યું ? શું અંતરાત્માનો અવાજ સંભળાયો? આપણી આસપાસની સીલિંગ ફેનથી માંડીને પાના-પકક્ડ સુધીની તમામ જડ વસ્તુઓ તેનો સ્વધર્મ પાળે છે. તમામ જીવો પ્રકૃતિએ આપેલ જવાબદારીને પ્રામાણિકતાપૂર્વક વહન કરીને પોતાનું અસ્તિત્વ ટકાવી બેઠા છે. તમામ વનસ્પતિઓ તેમનું જીવનકાર્ય આનંદમય પૂર્ણ કરતાં કરતાં બહુ મોટી શીખ આપે છે કે બહાર ક્યાંય ભટકવાની જરૂર નથી. પૂર્ણત્વ પોતાનામાં જ છે, જીવન શાશ્વત વસંત જ છે. પ્રકૃતિનું જીવ વૈવિધ્ય સૌને સંપીને મોજમાં રહેવાનું શીખવે છે ત્યારે એક માત્ર જીવ માણસ પોતે પોતાનો સ્વધર્મ પાળતો નથી એ એક માણસ તરીકે કેટલી શરમજનક બાબત છે ! પ્રકૃતિએ તેને વિશિષ્ઠ ભેટ તરીકે આપેલ સંવેદના, કલ્પના, બુદ્ધિ, કૌશલ્યો વગેરે વરદાન મટી વિનાશક બની રહ્યા છે. આ યુદ્ધખોર સત્તાધીશો સંભવ છે કે માણસની સંવેદનાઓ, સેવાવૃત્તિ, ભક્તિભાવ વગેરેને બુઠ્ઠી કરીને જ જંપશે. ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા ડગી જાય તેવા દશ્યો અને સમાચારો હવે સૌને કોઠે પડતા જાય છે. સૌ પોતપોતાના રોજિંદા જીવનમાં વ્યસ્ત છે અને પાછા તેમાંથી પોતાનો આનંદ શોધતા રહે છે એ પણ નોંધપાત્ર ઘટના છે.

ભારતીય તત્ત્વદર્શન અને ઋષિ પરંપરા એ આત્માપ્રધાન અને આચારપ્રધાન છે. 'અહિંસા' શબ્દ આત્મસ્વરૂપ છે. અહિંસા આત્માનું સ્વરૂપ છે. આત્મા અમર છે. એ મરતો નથી, મરાવતો નથી અને મારતો પણ નથી, જે આત્મા મારામાં છે તે જ આત્મા તમારામાં છે અને સૌમાં છે. આત્માની આ વ્યાપકતા જ અહિંસાની પ્રતિષ્ઠા કરીને ભાઈચારો પેદા કરે છે. આ સમજાઈ જાય તો કોઈ આત્મા કોઈ આત્માની હિંસા કરી શકે જ નહીં. યુદ્ધો તો ઠીક પણ આ સમજાઈ જાય તો યુદ્ધના વિચારો પણ ન આવે. વળી, ઋષિઓએ અને આચાર્યોએ ઉપદેશથી નહીં પણ પોતાના આચરણથી શિષ્યોની કેળવણી કરવાની છે એટલે કે વિચાર કે યોજના ગમે તેટલી સક્ષમ હોય પણ તેને આચરણમાં મૂકો તો જ ફળ-પરિણામ મળે. આમ આપણે આત્મજ્ઞાન પ્રમાણેનું આચરણ કરવાનું છે, એ પ્રમાણે જીવનશૈલી પ્રયોજવાની છે. સમગ્ર જડ-ચેતન જગત સાથેનો વાણી-વર્તન-વ્યવહાર માનવીય બનાવવાનો છે. આ સંવેદનાની ભક્તિ કરવી એ જેવાતેવાનું કામ નથી. અહંમ-અભિમાન સહિતના તમામ આવરણોનું પોટલું બાંધી તેને દૂર કરીને સંપૂર્ણ નિસ્વાર્થભાવે સમર્પિત જીવનથી કરેલ સેવા જ પરિણામ આપે છે. આવી ભક્તિ કરનાર ભક્તનું ભગવાન ધ્યાન રાખે છે. એ માટે ઈશ્વર પ્રત્યે અખૂટ શ્રદ્ધા, વિશ્વાસ અને ભરોસો હોવો એ પ્રાથમિક અનિવાર્યતા છે. શ્રદ્ધાથી ચડિયાતી કોઈ શક્તિ આ બ્રહ્માંડમાં અનુભવાઈ નથી ત્યારે આપણા જેવા કે જેઓ આજની વૈશ્વિક પરિસ્થિતિમાં એક લાચાર (હેલ્પલેસ) છતાં સંવેદનશીલ સાક્ષી બનીને વેદના વેઠી રહ્યા છે, તેમણે ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા રાખીને પ્રાર્થના કરવી રહી. પ્રાર્થનામાં પણ અખૂટ શક્તિ સમાયેલ છે.

— [signature]

## ૦૧ સત્સંગઃ બાઉલ જીવની - ઉલટા ચાકાર કુંભ

**સતીશચંદ્ર વ્યાસ**

---

બંગાળનું તમલુક શહેર રૂપનારાયણ નદીના પૂર્વ કાંઠે વસેલું છે. તે નદીના કાંઠે કુકરપા નેડા બાઉલનો આશ્રમ છે. તમલુક પ્રાચીન બંદરગાહ વાળા સમૃદ્ધ નગર તામ્રલિપ્તપૂરના ઉજ્જડ થયેલા ટીંબા પર વસેલું છે. ત્યાં બૌદ્ધ ધર્મનો જીર્ણ મઠ પણ આવેલ છે. તેના અવશેષો વિખરાયેલા છે, તેથી બૌદ્ધ વિચારધારાને અનુસરતા સિદ્ધાચાર્યોના વિચારને અનુસરતા, નેડા બાઉલ ત્યાં વસતા હોય તે સહજ છે.

કુકરપા બાઉલ થોડીઘણી માધુકરી કરી, બાકીનો સમય પોતાની નિજી સાધનામાં વ્યસ્ત રહેતા. મંથન રાય સાથે અમે તેના આશ્રમે પહોંચ્યા. ત્યારે તે બગીચામાં પાણી સીંચતા હતા. મંથનને તેમની સાથે ખૂબ નજીકનો વાતો કરવાનો નાતો હતો. તેથી તેણે અમારી સામે જોઈ અને કુકરપા બાઉલનો પરિચય આપતા કહ્યું, 'જો સતીશ! આ અમારો ઉલટાપાથી, નેડા, કુકરપા બાઉલ!' અમે બધાએ તેમને વંદન કર્યા.

અમારા એક સહપ્રવાસીએ મંથનને પૂછ્યું, 'તમે બાઉલને ઉલટાપાથી કેમ કહો છો?'

મંથને કહ્યું, 'તે પ્રશ્નનો જવાબ કુકરપા આપે, તે જ સારું રહેશે.'

પછી કુકરપા તરફ જોઈ અને બોલ્યો. 'કુકર, તમે ઉલટાપાથી કેમ કહેવાયા તે અંગે, તારી તારા ગુરુ સાથે થયેલ વાતચીત અને તે પ્રસંગ મિત્રોને કહે ને!'

કુકરપા બોલ્યા, 'હું જ્યારે મારા ગુરુ અલત પા પાસે, નેડા તરીકે દીક્ષિત થવા આવ્યો, ત્યારે પ્રારંભના વર્ષોમાં તેમણે આશ્રમમાં આવેલા એક મુલાકાતી સાથે વાત કરતાં કહ્યું, 'ભાઈ! અમે બાઉલ તો ઉલટા ચાકાર કુંભ છીએ!'

તે મુલાકાતી ચાલ્યા ગયા પછી મેં ગુરુને પૂછ્યું કે, 'ગુરુ આપણે બધા બાઉલ ઉલટા ચાકાર કુંભ કેમ કહેવાયએ છીએ?'

ગુરુ હળવું હસ્યા અને બોલ્યા કે, 'ખોકા, (છોરા) તું હજી નાનો છો, તે વાતો પછી, અત્યારે તો કુંભાર પાસે જા અને સિદ્ધા કુંભાર ને કહેજે કે ઉનાળો આવી ગયો છે અને બાઉલે કુંભ મગાવ્યો છે.'

હું સિદ્ધા કુંભારના ઘેર ગયો. પરંતુ, તે તો એક માસ માટે જગન્નાથપુરી યાત્રાએ ગયો હતો. તેના પુત્રએ મને માટલું આપ્યું.

હું ગુરુ પાસે તે માટલું લઈને ગયો. ગુરુએ માટલું ચકાસીને કહ્યું કુકર આ માટલું ઉલટા ચાકાર નથી, તું કુંભાર પાસે ફરીથી જા અને જો સિદ્ધા કુંભાર ન હોય તો તેની પત્નીને કહેજે કે બાઉલ ગુરુએ માટલું મંગાવ્યું છે

મેં ત્યાં જઈ અને તે કુંભારના પત્ની પાસે માટલું માગ્યું તેણે તેના પુત્રને કહ્યું તારા પિતાજીએ જે દૂર અલાયદું રાખેલું છે તે માટલું લઈ આવ અને સાથે જઈ બાઉલને આશ્રમ સુધી મૂકી આવજે. અમે બંને ગુરુ પાસે પહોંચ્યા માટલું જોઈ અને ગુરુએ સંતોષ વ્યક્ત કર્યો.

હું જોવા લાગ્યો કે બંને માટલામાં શું ફરક છે?

મારો મનોવિચાર જાણી ગયેલા મારા ગુરુ બોલ્યા કે તને મનમાં એમ થાય છે ને કે આ બંને માટલામાં શું ફરક છે? તો આ કુંભારનો પુત્ર તારી સાથે આવ્યો છે, તેને જ પૂછી લે ને!

પછી ગુરુએ સિદ્ધા કુંભારના પુત્રને પ્રથમ માટલું બતાવી અને પૂછ્યું કે, 'બેટા, આ માટલું બનાવવામાં ચાક

પર કેટલો સમય લાગ્યો હતો?

તે બાળક બોલ્યો કે, દસ મિનિટ બાઉલ ગુરુ !

ગુરુએ બીજું માટલું બતાવી, પૂછ્યું કે હવે કહે કે, 'આ માટલું બનાવવામાં કેટલો સમય લાગ્યો હતો?'

તે બાળક બોલ્યો કે, 'એક દિવસ આખો ચાલ્યો ગયો હતો.'

બાઉલે પૂછ્યું કે, 'તેવું શા માટે બન્યું ?'

તે બાળક બોલ્યો કે, 'અમે માટલું ચાક પર ઉતારવા માટે ચાકડાને ઘડિયાળના કાંટાની દિશામાં ફેરવીએ, તમે જે પહેલા બતાવ્યું તે માટલું તે રીતે જ બનેલું છે. તેથી તે ૧૦ મિનિટમાં તૈયાર થઈ ગયું.'

પછી થોડું રોકાઈને બોલ્યો કે, 'આ માટલું તમારા માટે ખાસ બનાવવા માટે મારા બાપુ ચાકને ઘડિયાળના કાંટાની વિરુદ્ધ દિશામાં ફેરવતા હતા. ચાકને અવળો ફેરવવાની આદત ન હોય તેથી થાકી જતાં. પછી અવળી ગતિ હોઈ માટલાને ચાક પર આકાર દેવામાં પણ ખૂબ કાળજી રાખવી પડતી. કસોટી થતી. માટલા બનાવનાર કુંભાર લોકો માટે સવળા ચાક પર માટલા બનાવવા સાવ સહેલા પણ અવળો ચાક ચલાવી અને માટલા બનાવવા ખૂબ અઘરા કારણ કે તેમાં ધૈર્ય, કાળજી અને સંયમ રાખવો પડે છે. હુન્નરની કસોટી થાય અને સમય પણ ખૂબ લાગે' આ રીતે કુંભારના બાળકે વાત પૂરી કરી.

કુકરપાએ અમને સંબોધીને કહ્યું, 'આ વાત પૂર્ણ થઈ એટલે મારા ગુરુ બોલ્યા કે આપણે બાઉલ એટલે આવા ઉલટા ચાકાર કુંભ એટલે કે અવળા ચાલતા ચાકના ઘડા!'

પછી આગળ બોલ્યા કે લોકો ભલેને ઉલટાપાથી કહે. પણ 'મનેર માનુષ પ્રજાપતિએ' ખૂબ જ સમય કાઢીને, ધૈર્ય, કાળજી અને ચીવટ રાખીને આપણને ઘડેલા છે. લોકો ટીકા કરે તો તેનાથી વિચલિત ન થવું!

**નામસ્મરણ**

મંત્ર-જાપના અનેક ફાયદાઓ છે. સૌથી મોટો ફાયદો એ કે, એક જ મંત્રનો પુનઃ પુનઃ ઉચ્ચાર કરવાથી આપણે તે શબ્દસમૂહના પ્રભાવમાં આવી જઈએ છીએ.

જો ઇષ્ટદેવના નામનો જાપ કરીએ તો કેટલાક સમય પછી એ ઈશ્વરમાં રહેલા કેટલાક ગુણો આપણામાં આવી જાય છે. આપણે સ્વયં ઈશ્વરતુલ્ય ન બની શકીએ, પરંતુ અમુક વિશેષ ગુણોના પ્રભાવમાં આવીને આપણે ઘણાબધા દુર્ગુણોથી મુક્ત થઈ શકીએ છીએ.

'રામ રામ'નો મંત્ર-જાપ કરવાથી રામનું ચારિત્ર્ય આપણા પર અસર કરવા માંડે છે. 'મહાબલી હનુમાન'નું નામસ્મરણ કરવાથી આપણામાં બુદ્ધિમતા, ઇન્દ્રિયો જીતવાની શક્તિ અને શરીરબળ આવે છે.

સતત 'ૐ નમઃ શિવાય'નો જાપ કરવાથી આપણા મનમાં અને આપણા જીવનમાં 'શિવતત્ત્વ' રચાતું જાય છે. આપણે હંમેશાં કલ્યાણમાર્ગી બનતા જઈએ છીએ. 'મા દુર્ગા'નું રટણ કરવાથી આપણે આસુરી શક્તિઓ પર વિજય મેળવવા માટે પ્રયત્નશીલ બનીએ છીએ. સતત 'મહાલક્ષ્મી'નો જાપ કરવાથી આપણે વધુ કમાણી કરવાની દિશામાં પ્રવૃત્ત થઈએ છીએ. એવી રીતે દેવી 'સરસ્વતી'નું આરાધન કરવાથી આપણે કળા અને વિદ્યાના માર્ગમાં પ્રશસ્ત થઈએ છીએ.

આપણી સામે મીરાંબાઈનું દૃષ્ટાંત મૌજૂદ છે જ. શ્રીકૃષ્ણનું રટણ કરતાં કરતાં મીરાંબાઈ સ્વયં શ્રીકૃષ્ણમય બની ગયાં હતાં.

ૐ નમઃ શિવાય

ડૉ. શરદ ઠાકર

**રોહિત શાહ**

પ્રત્યય નહોતો ઇચ્છતો કે સંધિને એની વાત કરવાની અનુકૂળતા મળી જાય... સંધિ શી વાત કરવા ઇચ્છતી હશે એનો અણસાર એને આવી ગયો હતો... સંધિએ આમ તો રાત્રે સૂતી વખતે વાત કરવાના બે-ત્રણ પ્રયત્નો કર્યા હતા અને પ્રત્યયે ચાલાકીથી સંધિના રૂપની પ્રશંસા કરીને પોતાનો અલગ મૂડ બતાવીને, તો ક્યારેક ઑફિસના કામથી થાકી ગયો હોવાના બહાને એની વાત સાંભળવાનું ટાળ્યું હતું. એક વખત સંધિની વાત સાંભળ્યા પછી, પોતે એને ગણકારે નહીં તો નકામો કલહ થાય એવી દહેશત એને પજવતી હતી, પણ હવે સંધિની વાત સાંભળ્યા વગર નહીં જ ચાલે એમ એને લાગ્યું.

એક તરફ વિધુર પપ્પા હતા અને બીજી તરફ પ્રત્યય સાથે લવમેરેજ કરીને આવેલી સંધિ હતી. બંને પ્રત્યેની પોતાની ફરજ એ સમજતો હતો. પપ્પાએ પ્રત્યય પાસે બે-ત્રણ વખત પૈસા માગ્યા હતા અને દરેક વખતે સંધિ હાજર હતી. એક વખત સંધિએ નવું સ્કૂટર ખરીદવા માટે પ્રત્યયને આગ્રહ કર્યો હતો અને પ્રત્યયે થોડીક રકમ પણ જમા કરી હતી. એટલે લોન લઈને સ્કૂટર વસાવવાનું બંનેનું સ્વપ્ન હતું. એવામાં પપ્પાએ ઢીંચણના ભારે દુખાવાની ફરિયાદ કરી. ઓર્થોપેડિક ડૉક્ટરને બતાવ્યું તો ઑપરેશન કરાવવું જરૂરી થઈ પડ્યું. સંધિએ સામે ચાલીને કહ્યું કે, 'સ્કૂટરની હમણાં કશી ઉતાવળ નથી. પહેલાં પપ્પાના પગનું ઑપરેશન કરાવી લઈએ.' એના અવાજમાં કે એના શબ્દોમાં ફરિયાદનો કોઈ સૂર નહોતો છતાં, પ્રત્યય સમજતો હતો કે સંધિએ પોતાનું મન મારીને એ સમાધાન સ્વીકાર્યું હતું. જોકે ઑફિસમાંથી થોડી એડવાન્સ રકમ લઈને એણે પછી સ્કૂટર તો વસાવી લીધું હતું, એટલે સંધિને ફરિયાદ કરવાનું કારણ રહ્યું નહોતું.

ત્યાર પછી એક વખત સંધિના ભાઈનાં લગ્નનો પ્રસંગ હતો અને સંધિ માટે તથા પોતાના માટે નવાં કપડાં ખરીદવાનાં હતાં, એ વખતે પણ પપ્પાએ એમના સિનિયર સિટીઝન ગ્રૂપ સાથે કોઈ તીર્થયાત્રાએ જવાનું કહીને પૈસા માંગ્યા હતા. અલબત્ત, એમાં કાંઈ બહુ મોટી રકમ આપવાની નહોતી. એક સેવાભાવી સંસ્થા દ્વારા એ તીર્થયાત્રાનું આયોજન હતું, એટલે માત્ર ટોકન રકમ જ ભરવાની હતી.

ત્યાર પછી ચશ્માં માટે, ચંપલ માટે, દવા માટે, લાકડી માટે, કપડાં માટે પપ્પા વારંવાર પૈસા માંગ્યા કરતા. કોઈ વાર આંખોના ડૉક્ટર પાસે તો કોઈ વાર દાંતના ડૉક્ટર પાસે પપ્પાને લઈ જવા પડતા.

એક વખત તો સંધિએ પૂછ્યું પણ હતું કે, 'પ્રત્યય, તારા એકલાની આવક ઓછી પડતી હોય તો હું પણ જોબ કરવા તૈયાર છું... હજી આપણે બાળક નથી થયું ત્યાં સુધી તો ઠીક છે, બાળક થશે પછી તો ખર્ચમાં ઘણો વધારો થશે. તું એકલો કેટલું કરીશ? આજની મોંઘવારીને તું કઈ રીતે પહોંચી વળીશ?'

સંધિના આ શબ્દોમાં શું હતું : લાગણી હતી, ફરિયાદ હતી, રોષ હતો કે પછી કટાક્ષ હતો ? પ્રત્યયને કશું સમજાયું નહોતું. એણે માત્ર એટલું જ કહ્યું હતું કે, 'આપણે બંને આખો દિવસ જોબ કરવા માટે ઘરની બહાર રહીએ તો પછી પપ્પાને ઘરમાં એકલું-એકલું લાગે. તું ખૂબ સમજદાર છે એટલે થોડી કરકસર કરીને આપણે એડજસ્ટ કરી શકીશું. તારે જોબ કરવા જવાનું વિચારવું ન જોઈએ.'

સંધિએ ત્યારે કોઈ જવાબ આપવાના બદલે માત્ર ફિક્કું સ્મિત કર્યું હતું.

સંધિ હવે કોઈ ગંભીર વાત કરવા ઇચ્છે છે, ત્યારે એ વાત શી હોઈ શકે એ સમજવાનું પ્રત્યય માટે અઘરું નહોતું. સંધિ યુવાન છે.. એને પણ હોટલમાં જમવા જવાનું, મિત્રો સાથે પાર્ટીઓ માણવાનું, બ્યુટીપાર્લરમાં તૈયાર થવાનું,

થિયેટરમાં મૂવી જોવા જવાનું... એવું બધું મન તો થતું જ હોય ને ! લવમેરેજ પછી બંને જણ હનીમૂન માટે ફરવા ગયાં હતાં, પણ ત્યાર પછી એમણે કોઈ નાનકડો પ્રવાસ પણ કર્યો નહોતો. સંધિનું મન કેવું ગૂંગળાતું હશે ! એ ભલે કોઈ ફરિયાદ ન કરતી હોય, પણ મારે તો એની લાગણી અને એની અપેક્ષાઓ સમજવી જોઈએ ને !

પ્રત્યય ઘણી વખત વિચારતો હતો કે પોતે એક વખત પપ્પાને કહી દે કે, તમારે જ્યારે પૈસાની જરૂર હોય ત્યારે મને ખાનગીમાં કહેવાનું. હું તમને બધી વ્યવસ્થા કરી આપીશ, પણ હવેથી સંધિની હાજરીમાં પૈસા કદીય ન માગશો. આ વાત કહેવા માટે એને અનેક તકો પણ મળી હતી, પરંતુ પ્રત્યય કશું બોલી શકતો નહોતો. પપ્પાના મનમાં સંધિ પ્રત્યે ગેરસમજ કે નફરત ન થઈ જાય એનું પણ એણે ધ્યાન રાખવાનું હતું ને !

આખરે વિસ્ફોટની એ ક્ષણ આવી પહોંચી. પપ્પા એમના એક મિત્રને ત્યાં ગયા હતા અને રાત્રે ત્યાં જ રોકાવાના હતા. પ્રત્યય બેડરૂમમાં હતો અને સંધિ આવી. એણે કહ્યું, 'હવે આજે તો તું મારી વાત સાંભળીશ ને ! કે પછી આજેય કોઈ બહાનું કાઢીશ ?'

પ્રત્યય સંધિની સામે ગુનેગારની જેમ જોઈ રહ્યો... પોતે પોતાને ખૂબ ચાલાક સમજતો હતો, પણ આજ સુધી બહાનાં કાઢી-કાઢીને સંધિની વાત પોતે સાંભળતો ન હતો, એ વાત સંધિ સમજી ગઈ હતી ! એના ચહેરા પર ભોંઠપ લીંપાઈ ગઈ અને એની આંખોમાંથી ક્ષોભ છલકાવા લાગ્યો. એ માત્ર એટલું જ બોલ્યો,

'આજે તો તારી દરેક વાત હું ખૂબ શાંતિથી સાંભળીશ. તારો પ્રેમ હશે કે તારો રોષ, તારો ઉમળકો હશે કે તારો ઉપાલંભ, તારી લાગણી હશે કે તારી ફરિયાદ... આજે તારી દરેક વાત હું સાંભળીશ...!'

સંધિ પ્રત્યયને વિંટળાઈને બોલી, 'અરે ! તું તો બહુ સેન્ટી થઈ ગયો ! મને ખબર છે કે તું હંમેશાં મારી વાત સાંભળવા ઉત્સુક જ હોય છે. એટલે તો તારા ભરોસે મારા પપ્પાનું ઘર છોડીને હું તારી પાસે આવી છું !'

પ્રત્યયને લાગ્યું કે, સંધિની અત્યંત કડવી વાત મને ઓછી કડવી લાગે એ માટે એ મીઠા શબ્દોની જાળ ગૂંથી રહી છે. પણ એમાંય ખોટું શું છે? પ્રિય વ્યક્તિને કોઈ કડવી વાત કહેવાની હોય ત્યારે આટલી સાવધાની તો રાખવી જ જોઈએ ને ! સંધિનો હાથ પકડીને પોતાની પાસે બેસાડતાં પ્રત્યય બોલ્યો, 'બોલ ને, તારે શું કહેવું છે ?'

'તને ખોટું તો નહીં લાગે ને ?' સંધિએ પૂછ્યું.

'આજે તારી કોઈ વાતે ખોટું નહીં લગાડું, બસ?' પ્રત્યયે ખાતરી ઉચ્ચારીને પછી ધીમા અવાજે ઉમેર્યું, ' આમ તો મને ખબર છે કે તારે કઈ ગંભીર વાત કરવાની છે, છતાં મારે તારી પાસેથી સાંભળવી છે.'

'રીયલી ? તને ખબર પડી ગઈ છે કે હું શી વાત કરવાની છું ?' સંધિ પ્રત્યયની વધારે નજીક જતાં હસીને બોલી.

'તારે પપ્પાની બાબતે મને ફરિયાદ કરવાની છે, ખરુંને ?'

'ગ્રેટ ! સાવ સાચું !' સંધિ આંખોમાં શક્ય એટલું વધારે તોફાન લાવતાં બોલી, 'યુ આર જિનિયસ !'

'સંધિ, તારી સાથે મેં લવમેરેજ કર્યાં છે... તારા હૃદયની સંવેદનાઓ અને તારા મનની સમસ્યાઓ હું કેમ ન ઓળખી શકું ?' કહીને પ્રત્યયે સંધીને સમજાવવા પ્રયત્ન કરતાં કહ્યું, 'મારી સેલેરીની મોટાભાગની રકમ પપ્પા પાછળ ખર્ચાઈ જાય છે એની મને ખબર છે... તારી ઇચ્છાઓ પૂરી કરવામાં મારી સેલેરીનો પનો ટૂંકો પડે છે એ પણ હું જાણું છું. તેં તો જોબ કરવાની તૈયારી પણ બતાવી... પરંતુ હું કેટલો સ્વાર્થી છું કે, પપ્પાને ઘરમાં એકલું ન લાગે એ માટે તને જોબ પણ કરવા દેતો નથી ! હું તને બહાર હરવા-ફરવાના કે બીજા કોઈ શોખ કરાવી નથી શકતો એનો મને અફસોસ છે. પણ સંધિ, તું જાણે છે કે પપ્પાએ એમની પૂરેપૂરી બચત ખર્ચીને આ ઘર લીધું છે. અત્યારે એમની કોઈ આવક નથી. એ મારી પાસે વારંવાર પૈસા માગે છે એ મને પણ નથી ગમતું... પણ એમની એ વિવશતા જો આપણે બંને નહીં સમજીએ તો બીજું કોણ સમજશે ?' આટલી વાત કર્યા પછી સંધિના ચહેરા પર કેવા ભાવ પ્રગટે છે એ જોવા પ્રત્યય થોડી વાર અટક્યો.

સંધિ ઊંડો શ્વાસ લઈને બોલી, 'બધું બોલી લીધું કે હજુ કંઈ કહેવાનું બાકી છે ?'

'બસ, છેલ્લે મારે એટલું જ કહેવું હતું કે પપ્પા બાબતે તારી ફરિયાદ હું સમજી ગયો એમ તું પણ મારી મજબૂરી સમજવા પ્રયત્ન કરજે !' પ્રત્યય નીચું જોઈને બોલ્યો.

'અરે, મારા પાગલ પતિદેવ ! તેં આટલા સંગાથ પછી મને બસ આટલી જ ઓળખી ? તને હું એવી સ્વાર્થી લાગી કે તારા પપ્પા માટે ખર્ચાતી રકમ પ્રત્યે મને અણગમો હશે ?' સંધિએ જરા રીસ અને રોષ વ્યક્ત કરતાં કહ્યું, 'અરે પાગલ, મારે તો તને એવી ફરિયાદ કરવાની હતી કે પપ્પાએ તારી પાસે પૈસા માગવા જ કેમ પડે ? આ ઉંમરે એમને પણ નાની-મોટી જરૂરતો હોય, ઈચ્છાઓ હોય... એ બધા માટે વારંવાર તારી પાસે પૈસા માગવામાં એમને કેવો સંકોચ થાય ! તારે એવી કોઈક વ્યવસ્થા કરવી જોઈએ કે એમણે નાની-નાની બાબતો માટે ઓશિયાળા થઈને તારી પાસે પૈસા માંગવા ન પડે ! એમનું સ્વમાન જળવાય અને તારું કર્તવ્ય પણ શોભી ઊઠે એવી વ્યવસ્થા તારે કરવી જોઈએ...'

પ્રત્યય અહોભાવથી સંધિની સામે તાકી રહ્યો પછી એને આલિંગનમાં લેતાં બોલ્યો, 'વાહ, મારી સંધિ ! તને ઓળખવામાં મેં થોડી ભૂલ કરી એ માટે હું દિલગીરી અનુભવું છું, પણ તારા વિશેની મારી ધારણા ધરાર ખોટી પડી એ માટે હું ગર્વ અનુભવ છું ! હવેથી દર મહિને મારી સેલેરી પૂરેપૂરી પપ્પાના હાથમાં મૂકી દઈશ અને જરૂરત પ્રમાણે એમની પાસેથી આપણે બંને જણ રકમ માગીશું, ઓકે ?'

'ઓકે...' કહીને સહેજ કડકાઈના સ્વરમાં સંધિ બોલી, 'હવે મારી એક વોર્નિંગ પણ સાંભળી લે... જો આજ પછી પપ્પાએ ક્યારેય તારી પાસે પૈસા માગવા પડશે તો હું...'

'... એ વખતે તારે જે કરવું હોય એ કરી લેજે, પણ અત્યારે તો હવે મારે જે કરવું છે એ જ હું કરીશ !' એમ કહીને પ્રત્યય પોતાના શ્વાસ વડે સંધિના ગાલને સ્પર્શી રહ્યો....

મો. ૯૪૨૮૫ ૬૮૩૬૮

**ઓળખ ભૂંસી નાખે તે હજારો વર્ષ પૂજાય છે.**

આધ્યાત્મ પ્રક્રિયા છે, પ્રાપ્તિ નથી. તેમાં કશે આવી પહોંચવાનું નથી પણ ચાલી નીકળવાનું છે અને નિરંતર ચાલ્યા કરવાનું છે. સિદ્ધ એટલે સમય અને સ્થળનાં બંધનોથી પાર જનાર. તેની સાધનાયાત્રાનો નકશો જડે છે પણ જીવનયાત્રાનો નહીં. જે જીવનસાધકને સ્વમાં સ્થિર થવું છે તેને અનુભવોની ઝંખના નથી અને અભિવ્યક્તિનો મોહ નથી. સિદ્ધ એટલે બધી વ્યાખ્યાઓની પાર જનાર. આ યાત્રીઓ ઓછા સામાને લાંબી જાત્રા કરનારા છે. આખરે તો ઓળખ ભૂંસી નાખે તે હજારો વર્ષ પૂજાય છે.

માનવચિત્ત પર સૌથી વધારે તનાવ જગતનો છે અને તેથી જ સૌથી વધુ ચડાવ-ઉતાર તે જ અનુભવે છે. મનના સ્તરે થતી અને બુદ્ધિની લગામે દોરવાતી બધી દોડ કયાંયે પહોંચાડતી નથી, તેવી પ્રતીતિ અહંકારી સાધકને કયારેય થતી નથી. આખરે દોડ જ નિરર્થક છે. એવો ખ્યાલ નથી આવતો, પછી તે સ્વર્ગની હોય કે સંસારની, તે ચર્ચા અસ્થાને છે.

બુદ્ધં શરણમ્ ગચ્છામી એટલે જીવન અને પૃથ્વી તત્ત્વથી શોભતા બુદ્ધ, ધમ્મં શરણમ્ ગચ્છામી એટલે ધરતીપરનું જીવન અને સંઘમ્ શરણમ્ ગચ્છામી એટલે ભાત અને રાબ ખાતો મઠ. સાધક માટે તો પૃથ્વી આખી એક સાધનાશ્રમ છે અને વિશ્વ આખું વિશ્વાત્મા અનુભવવાનું અનુષ્ઠાન! રૂઢ પરિપાટી તૂટી કે દર્શન એક ઝબકારમાં એક ઝબકાર જેવું. સ્વયંને ખોઈ નાખો અને પામો, ખોજીશું તો ખોઈશું.

સ્વ અને અન્યને ઓળખીને માણસ અનુકૂલન-સમાયોજન ઈચ્છે છે. પર્યાવરણ સાથે સંતોષપ્રદ તાલમેલ ઈચ્છે છે. હું શરીર છું,એવું માનનારા બધા વેદનાગ્રસ્ત જીવો છે અને હું શરીરમાં છું, તેમ માનનારા બધા સ્વતંત્ર આત્માઓ છે.

સુભાષ ભટ્ટ

## ૦૩ પ્રકાશવંત, પુરુષાર્થીઃ જ્યોતિભાઈ કનૈયાલાલ દેસાઈ

**પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર**

સત્ય, સિદ્ધાંતનિષ્ઠ, મૂલ્યો,આદર્શોમાં એકરૂપ,વત્સલ, નિરંતર પ્રયોગશીલતા અને પોતાની શરતો ઉપર જિંદગી જીવનાર, ડી.બી.એડ્. કૉલેજ વેડછીના આચાર્ય જયોતિભાઈએ (જન્મ : ૫/૫/૧૯૨૬, વિદાય : ૨૭/૨/૨૦૨૪) લોકભારતીમાં અધ્યાપક અને નિયામક તરીકે સંનિષ્ઠ સેવાઓ પ્રદાન કરી તેનું સૌને ગૌરવ છે. આ લેખમાં જયોતિભાઈ ઉપરાંત તેમના જીવનસાથી લોકભારતીના અધ્યાપિકા માલિનીબહેન તથા તેમના યશસ્વી સંતાન, એક સામાજિક સંસ્થાના ધરોહર સ્વાતિબહેનનો સંક્ષિપ્ત પરિચય પ્રસ્તુત છે.

**પ્રજ્ઞાવાન વ્યકિતવ્ય : જયોતિભાઈ**

૧૯૪૨માં તેમની વય ૧૬ વર્ષની. સ્વાતંત્ર્યસેનાની માતા અને પિતા તરફથી પ્રાપ્ત સંસ્કાર, પ્રોત્સાહનને કારણે ભારત છોડો આંદોલનમાં જોડાયા. જેલમાં ગયા. ત્યાર પછી મુંબઈ યુનિ.માંથી B.Sc.ની પદવી પ્રાપ્ત કરી. લંડન યુનિ.માંથી શિક્ષણશાસ્ત્રમાં અનુસ્નાતક થયા. ઓકસફર્ડ યુનિ.માંથી ઈન્ટરનેશનલ એજયુકેશનલ સર્ટીફિકેટ મેળવ્યું.

ગાંધીવિચારથી રંગાયેલા આ યુવાને ગ્રામીણ સમાજ માટે જીવન સમર્પિત કરવાનો નિર્ણય કર્યો હતો તેથી નવલભાઈ શાહના નિમંત્રણથી તેઓ વિદ્વાન ક્રાંતિકારી મુનિ સંતબાલજી દ્વારા સ્થાપિત ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘમાં ગુંદી તા. ધોળકામાં જોડાયા. તેમણે નઈ તાલીમ, ખાદી, ખેતી અને ગોપાલન જેવી પ્રવૃત્તિઓ માટેના ગ્રામ સંગઠનોને મજબૂત બનાવવામાં યોગદાન આપ્યું. થોડા સમય પછી મહારાષ્ટ્રમાં દહાણું પાસે ક્રોસબાર્ડ બોરડીમાં કેળવણીકાર તારાબહેન મોડક દ્વારા પ્રારંભિત બાલવાડી ગ્રામશિક્ષણ કેન્દ્રમાં કાર્યશીલ રહ્યા. અહીં પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે મોન્ટેસોરી પદ્ધતિ આધારિત બાલક્રિડાંગણ, બાલશિક્ષક તાલીમ, નૂતન બાલશિક્ષણ સંઘ અને બાલશિક્ષણ નગર જેવા કાર્યક્રમોમાં જયોતિભાઈની ભાગીદારી અવર્ણનીય હતી. અહીં સાધક સ્વામી આનંદ પાસે તેમનું ઘડતર અને ચણતર થયું. ત્યાર પછી તેઓ લોકભારતી ગ્રામવિદ્યાપીઠમાં ૧૯૫૯થી ૧૯૬૭ આઠેક વર્ષ પ્રવૃત્ત રહ્યાં.

**વિશેષતાઓ :**

**૧. પારદર્શક વ્યકિતત્વ, જીવંત કેળવણીકાર**

તેમનું વ્યકિતત્વ પારદર્શક, તેમને જેવું લાગે તેવું કહે. જે યોગ્ય ન લાગે તેનો વિરોધ કરે. દૂધ અને પાણીનો ભેદ કરી જાણે. જે વાત સમજાઈ ગઈ હોય તેનો પૂરો સ્વીકાર અને તે પ્રમાણે જીવવા પ્રયત્નશીલ. લોકભારતી અને ગાંધી વિદ્યાપીઠ વેડછીમાં શિક્ષણને કેળવણીમાં રૂપાંતરિત કરવામાં તેઓ સફળ થયા. મૂળશંકરભાઈ ભટ્ટે તેમના પુસ્તક ‘શિક્ષકની નિષ્ઠા અને દૃષ્ટિ’ માં શિક્ષકની જે લાક્ષણિકતાઓ દર્શાવી છે તે નિડરતા, સંવેદનશીલતા, કાર્યશીલતા, મૌલિકતા, સર્જનશીલતા, સ્વતંત્રતા અને સમાનતા તે બધી તેમનામાં. તેમના પારસમણીનો સ્પર્શ કરનારા સેંકડો વિદ્યાર્થીઓ આજે સમાજમાં નિષ્કામભાવે સક્રિય છે. તેમના વિદ્યાર્થી, મનસુખભાઈ સલ્લા નોંધે છેઃ ‘૧૯૬૦માં હું તેમનો વિદ્યાર્થી. તેઓ માનસશાસ્ત્ર ભણાવે. તેમનું શિક્ષકત્વ સોળે કળાએ ખીલેલું. તેઓ વર્ગખંડમાં આવીને અમારી સામે એકાદ પ્રશ્ન કે પરિસ્થિતિ રજૂ કરે. અમારા પ્રતિભાવો મળે તેનું સવિસ્તર વિશ્લેષણ કરે. નવા નવા સંદર્ભો રજૂ કરે. સતત કહેઃ ‘વાંચો અને વિચારો, વિચારો અને તપાસો.’ માલિનીતાઈ પણ અમારા અધ્યાપિકા. એક સૂર્ય જેવા પ્રખર અને બીજા ચંદ્ર જેવા શીતળ. અમને સ્નેહ અને પ્રકાશ (જ્ઞાન) બંને મળતા. અલબત્ત અભિવ્યકિતમાં ફરક.

**૨. નિડરતા :**

કર્ણાટકની તુંગભદ્રા નદીમાં પ્રદૂષણનું પ્રમાણ વધી જાય ત્યારે યોજાતી લડત, બાંગ્લાદેશના શરણાર્થીઓની આવતી વણથંભી વણજાર સમયે વ્યવસ્થાપન, ગ્વાલિયરમાં જયપ્રકાશ નારાયણની હાજરીમાં બાગીઓનું સમર્પણ કે

ગુજરાતમાં નર્મદા બચાવો આંદોલનમાં સામા પૂરે તરવાનું હોય જયોતિભાઈની સક્રિય હાજરી વર્તાય જ.

**૩. પ્રયોગશીલતા :**

તેમની દઢ માન્યતા હતી કે શિક્ષણ એટલે પુસ્તક આધારિત માહિતી આપવાની પ્રક્રિયા કે પરીક્ષા લેવાની માત્ર નહીં પણ જીવનલક્ષી, અનુભવલક્ષી ભાર વિનાનું ભણતર. વેડછી ગાંધી વિદ્યાપીઠમાં તેઓ ડી.બી.એડ્. કૉલેજના આચાર્ય. ત્યારે તે વિભાગનું સમગ્ર સંચાલન વિદ્યાર્થીઓને સોંપેલું. અહીં દેશ વિદેશથી અસંખ્ય મહેમાનો આવે શિબિરો -સેમિનાર યોજાય ત્યારે વિદ્યાર્થીઓએ જ તમામ વ્યવસ્થા સંભાળવાની. ફલસ્વરૂપ સભાનતા, સતર્કતા, ચોક્કસાઈ અને આદરભાવના ગુણ આત્મસાત થાય.

**૪. નિરંતર અધ્યયનશીલ :**

તેઓનું અંગ્રેજી ભાષા ઉપર પ્રભુત્વ. અનેક વિષયો સાહિત્ય, પર્યાવરણ, રાજનીતિ કે ઈતિહાસનું ઊંડાણપૂર્વક અધ્યયન કરે. જેના નીચોડરૂપ તેમના ૯ પુસ્તકો અને અનેક સામયિકોમાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં અધ્યયનપૂર્ણ લેખો પ્રકાશિત થયા છે. વિવિધ સંસ્થાઓમાં ધારદાર વ્યાખ્યાનો આપ્યા છે.

જયોતિભાઈના સહયાત્રી માલિનીબહેન એમ.એ., બી.એડ્. (જન્મ : ૨૧/૭/૧૯૨૪)ના પિતાશ્રી આત્મારામભાઈ ખેર જાણીતા સ્વાતંત્ર્યસેનાની અને પછી ઉત્તરપ્રદેશ વિધાનસભાના સ્પીકર. તેઓ પણ લોકભારતી અને વેડછીમાં અધ્યાપિકા અને ગૃહમાતા. માલિનીબહેન એટલે સરળ, સહજ, પરગજુ, કર્મઠ ને પ્રેમાળ. વિચાર અને વ્યવહારમાં એકરૂપતા. તેમના શોખના વિષયો પ્રવાસ અને સંગીત. તેમના સુપુત્રી સ્વાતિબહેન નોંધે છેઃ 'તેમનામાં એટલું ખુલ્લાપણું અને ક્રાંતિકારી વિચારો કે નવું નવું સ્વીકારવાનું તે સહજ. મારી મા મારી દોસ્ત. બધી જ વાતો કરાય તેવા સંબંધ અને શ્રદ્ધા. કયારેય મારા વિકાસમાં અંતરાય આવે એવું થવા દીધું નહીં. તેમણે ઘર અને શૈક્ષણિક કાર્ય બંને સંભાળ્યા. તે મને બાલ્યાવસ્થાથી જ શીખવા મળ્યું. દરેક કામ ઉત્તમ છે પછી તે સફાઈ, રસોઈ હોય કે અન્ય જવાબદારી. લગ્નજીવનમાં તેમની સલાહ હતી કે ગળા સુધીની ખાત્રી હોય તેની સાથે જ લગ્ન કરવા. સામેની વ્યકિત બદલાય તેવી આશા રાખવી નહીં આપણે જ બદલાવું. નાનાભાઈ ભટ્ટે તેમને પ્રમાણપત્ર આપ્યું હતું કે તેમની આંખોમાં જે સજ્જનતા જોઈ છે તે બહુ ઓછા લોકોમાં હોય છે.'

સ્વાતિબહેન તેમના બા અને બાપુજી બંનેની ભૂમિકા અંગે પ્રતિભાવ આપે છે : 'બંને મનોવિજ્ઞાનના અભ્યાસુ. આ બાબત તેમણે મારાં ઉછેરમાં પૂરે પૂરી ૧૦૦% વર્તન,વ્યવહારમાં મૂકી બતાવી. મને પ્રયોગો કરવાની પૂરી મોકળાશ આપી. મેં કયારેય નોકરી કરવાનું ઈચ્છયું નહીં. સામાજિક કામો કરવા એ મારી પસંદગી હતી. માતાપિતાએ બંનેને સહર્ષ સ્વીકાર કર્યો. સ્વતંત્રતા, પ્રેમ, આદર અને આત્મવિશ્વાસના પાયા પર થયેલ ઉછેર વ્યકિતને સ્વસ્થતા અને સમજણ મેળવવા માટેના રસાયણ બને છે. નિર્ણય લેવામાં સ્પષ્ટતા, વિવેક તેમજ મૂલ્યો તરફ આકર્ષણ મને તેમના તરફથી મળ્યા છે.'

**પાયામાંથી પરિવર્તન :**

**મોઝદા પ્રોજેકટ – સ્વાતિબહેન :** તેમના તેજસ્વી સંતાન સ્વાતિબહેન ફિઝીકસ વિષય સાથે સ્નાતક થયા. એમ.એસ. યુનિ. વડોદરામાંથી એન્જિનીયર માઈકલ તેમના જીવનસાથી. બંને નર્મદા જિલ્લાના ડેડિયાપાડાના અંતરિયાળ આદિવાસી પ્રદેશ મોઝદાની આસપાસના ૪૪ ગામોમાં ૧૯૯૧થી જમીન સંરક્ષણ,જળસંગ્રહ, આરોગ્ય, વૃક્ષારોપણ જેવી અનેક પ્રવૃત્તિઓમાં નિષ્કામભાવે ખૂંપી ગયા છે. લોકભાગીદારીથી થતા આ કાર્યોને પરિણામે ૭૦૦૦ થી વધુ ખેડૂતો લાભાન્વિત થયા છે. પાણીના સ્તર ઊંચા આવ્યા છે. ખેડૂતો બે પાક લેતા તેમની આવક વધતાં શિક્ષણના પ્રમાણમાં ભારે વૃદ્ધિ થઈ છે. માઈકલ પાયામાંથી પરિવર્તન લાવવા અથાગ મથામણ કરી રહયા છે.

ગુજરાતના અગ્રહરોળના ગાંધીજન, અંબર ચરખો અને ગીત,સંગીત જેમના નિત્ય સાથીદાર હતા તે જયોતિભાઈ, સૌને માટે વાત્સલ્યમૂર્તિ માલિનીબહેન અને આ દંપતિના મૂલ્યવાન વારસદાર સ્વાતિબહેન, જીવનને મિશન કઈ રીતે બનાવી શકાય તેના જીવંત ઉદાહરણ છે.

મો. ૯૪૨૬૪૬૧૦૯૦

## ૦૪ જીવનસૂત્ર : આત્મતત્ત્વની ઓળખ...

**ડો. દિનુ ચુડાસમા**

કવિ નરસિંહ મહેતાએ પોતાની કાવ્યધારાથી ગુજરાતી ગિરાને સંતૃપ્ત કરી છે. નરસિંહના સર્જનથી એક આગવી ઓળખ ગૂર્જર ભાષાને મળી છે. આ કાવ્યોની સંવેદના ભાવકને અખિલાઈની અનુભૂતિ કરાવવા સક્ષમ છે. એક પદમાં કવિએ સાધકજીવોને જીવનમર્મ આપ્યો છે કે;

**'જયાં લગી આત્માતત્ત્વ ચીન્યો નહીં,**
**ત્યાં લગી સાધના સર્વ જૂઠી.'**
**ભણે નરસૈયો, તત્ત્વદર્શન વિના**
**રત્નચિંતામણિ જન્મ ખોયો..'**

તપસ્વીઓના જીવનતપની અખિલાઈ આત્માતત્ત્વની ઓળખ થવી એ છે. માત્ર બાહ્ય ક્રિયાઓમાં રમમાણ રહેવાથી કેટલુંક મહત્ત્વનું ચૂકી જવાતું હોય છે. ઘણી વખત તો દેખાવની દીવાલો ચણવામાં જ જિંદગીનું સમાપન થઈ જતું હોય છે. જાગૃતિની ક્ષણ,પળની અનુભૂતિ થઈ જવી એટલે જ પંચ મહાભૂતોથી નિર્માણ પામેલા દેહમાં પરમતત્ત્વની પિછાન થઈ જવી. આત્મતત્ત્વની ઓળખનું પ્રથમ પગથિયું સાંઈ કવિ મકરન્દભાઈ એમની કવિતામાં ચીંધે છેઃ

**'ભીતરનો સૂર તારો સ્હેજે મળે તો ભલે,**
**દુનિયાનો સૂર જાય દૂર.'**

આંતરિક લયને આત્મસાત્ કરવા માટે જગતના ઘોંઘાટને દૂર રાખવો પડશે, સંસારની ચક્કીમાં બધું દળાઈ જતું કળાય છે. પદ,પ્રતિષ્ઠા, સત્તાની દોડમાં માણસાઈ પાછળ રહી જાય છે. આગળ વધી જવાની તલપ માનવને અમાનવીય બનાવે છે. માણસાઈ ખોવી એટલે જ ભીતરના લયથી દૂર જઈ બેચેન બની જવું. આંતરિક સૂરતા ત્યારે જ લોપ પામે છે, જયારે માણસ કોઈની ખોટી નિંદા-કૂથલી કર્યા કરે, અકારણ ઈર્ષ્યા-અદેખાઈમાં વ્યસ્ત રહે, કોઈ સાચા માણસને ખોટો જ ચિતર્યા કરે, દંભ કરે, માણસ જે કોઈ ખેલ નાખે તે તેને આત્મતત્ત્વની ઓળખથી દૂર લઈ જવા માટે કાફી હોય છે.

આ ભવ ફેરો સાર્થક કરવો હોય તો એ બધા ફિતુર-સ્ટંટ-અભિનય છોડી આંતરશુદ્ધિની પ્રક્રિયામાં લયલીન થઈ જવું પડે. શુદ્ધહૃદય,પવિત્ર મનમાં પરામાત્માનો નિવાસ હોય છે. ચૈતન્યની માત્રા ત્યારે જ વધતી હોય છે, જયારે આપણે સ્વયંની શુદ્ધિ કરતા રહીએ. ભલે, માણસ બાહ્યરીતે સ્નાનવિધિ કર્યા કરે પણ આંતરિક મેલ તો વધતો જ રહે એનું શું કરવું ? કબીરે ચોક્ખું કીધું છે કેઃ

**'ન્હાયે ધોયે કયા ભયા? જો મન મૈલ ન જાય,**
**મીન સદા જલ મેં રહૈ ધોયે બાસ ન જાય ! '**

એટલે લોકસમાજમાં જીવતાં, કહેવાતા સભ્ય માણસો જેમ બાહ્ય સુઘડતાની કાળજી રાખતા હોય..એથી અધિક સભાનતા આંતરિક શુદ્ધિની પણ રાખવી જોઈએ જ. આપણી આત્માની ચાદરમાં કોઈ ધબ્બો-ડાઘ ના પડે માટે સચેતન રહેવું એ જ પરમાત્માને ગમતું હોય છે. મીરાંબાઈએ ગાયું હતુંઃ 'કાળી કામળી ઓઢું, ડાખ ન લાગે દૂજો રે.' અને કબીર કહી ગયો કે, 'જયો કીં ત્યો ધરિ દીન્હી ચદરિયા.'

પરમેશ્વરે જન્મકાળે-બાળક તરીકે જેવી ચાદર આપી હતી..એ એવી જ પવિત્ર રાખી પરમાત્માને પરત કરવી હોય તો? જે ખોટા ઘખારા હોય તે મૂકીએ.! કોઈને પાડીને આગળ વધી જવાની ખોટી દોડ અટકાવીએ. એક સૂફી કહેવતમાં કહેવાયું એટલું કરીએ; **'અલ્લાહની બંદગી કરો, પરંતુ પહેલાં તમારા ઊંટને કોઈ ખીલે બાંધી દો...'**

બસ, જીવનમાં ભજન જીવીએ, ભજન ભીતર દ્રવે-ઓગળે. માનવસેવાની વાતો જ ના કરીએ આચરણ પણ કરીએ. જીવનશ્રદ્ધા, લોકસેવા, સમર્પણ, નામસ્મરણને સેવતા રહી પ્રાર્થનામાં ઊતરવું પડશે. જીવનસાધના એટલે જ કર્મજ્ઞ રહી,ભકિતનો મારગ પકડીને આત્મતત્ત્વની ઓળખ પામવી. ભકિતમાં ઓગળી ગયેલી મીરાંબાઈ સાદ પાડીને જગાડે છે કેઃ

**'આ આત્માને ઓળખ્યાં વિના રે,**
**લખ ચોરાસી નહિ રે મટે રે.'**

મો.૯૯૭૯૧૮૭૫૮૭

## ૦૫ શ્રીમદ રાજચંદ્ર અને મહાત્મા ગાંધી : અપૂર્વ વ્યક્તિત્વો, અપૂર્વ સંબંધ

**સોનલ પરીખ**

શ્રીમદ રાજચંદ્ર અને મહાત્મા ગાંધી - બંને શક્તિના પૂંજ. વિરલ વિભૂતિઓ. સાગરનું ઊંડાણ અને આકાશનો વ્યાપ માપવા મુશ્કેલ છે તેમ આ બંને વિભૂતિઓના જ્ઞાન અને વ્યક્તિત્વનો પાર પામવો મુશ્કેલ છે. એક આત્મસાક્ષાત્કારના શિખરે સ્થિર, બીજા જનસેવાના સમુદ્રના મરજીવા. આ બંનેનું એક સદી પહેલા ભારતભૂમિ પર એકત્ર હોવું એ એક યોગાનુયોગ માત્ર ન હતો. એ તો હતો એક અપૂર્વ અવસર.

શ્રીમદનો જન્મ ૧૮૬૭માં વવાણિયા ગામે. ગાંધીજી પોરબંદરમાં ૧૮૬૯માં જન્મ્યા. ૧૮૯૧ની સાલમાં ઇંગ્લેન્ડથી બેરિસ્ટર થઈને આવેલા બાવીસ વર્ષના મોહનદાસ ગાંધી અને રેવશંકર જગજીવનની પેઢીમાં સોનાચાંદીનો વેપાર કરતા ચોવીસ વર્ષના કવિ રાયચંદભાઈની પ્રથમ મુલાકાત થઈ હતી. એમનું શતાવધાનીપણું જોઈને ગાંધીજીને આશ્ચર્ય થયું. પણ તેઓ ખરા પ્રભાવિત ત્યારે થયા જ્યારે તેમણે જોયું કે ઝવેરાતની પેઢી સાંભળતા આ તેજસ્વી યુવાનના ઢાળિયા પર હિસાબના ચોપડા સાથે ધર્મનાં પુસ્તક પણ હોય છે અને મોટા સોદા કર્યા પછી સમય મળે કે તરત તે ધર્મની સૂક્ષ્મ વાત તરફ વળે છે. તેમનો સદા જાગ્રત આત્મા અને અણીશુદ્ધ ચારિત્ર્ય જોઈ ગાંધીજી પોતાની ધર્મસંબધી શંકાઓ એમની સમક્ષ રજૂ કરવા માંડી.

કેવી હશે આ બે અજબ યુવાનોની અજબ વાતો, અજબ મુલાકાતો!

ત્યાર પછી ૧૮૯૩માં ગાંધીજી દક્ષિણ આફ્રિકા ગયા. ત્યાંથી તેમનો શ્રીમદ સાથે પત્રવ્યવહાર ચાલતો. તેમાં તેઓ પોતાને ધર્મ વિષે થતા પ્રશ્નો મૂકતા. શ્રીમદ એ પ્રશ્નોનું વિશદ સમાધાન કરતા અને અમુક ગ્રંથો વાંચવાનું સૂચવતા. આ પત્રવ્યવહારના કુલ ૨૦૦ જેટલા પત્રોમાંથી ત્રણ પત્રો જ અત્યારે ઉપલબ્ધ છે. આ પત્રો શ્રીમદે ગાંધીજીને તેમની જિજ્ઞાસાના પ્રત્યુત્તરરૂપે લખેલા છે. પહેલામાં ગાંધીજીએ આત્મા, ઈશ્વર, મોક્ષ, પુનર્જન્મ, ધર્મ, વેદ, ગીતા, યજ્ઞ, ખ્રિસ્તી ધર્મ, ઇસુ, પ્રલય, અવતાર, ભક્તિ જેવા વિષયો પર પૂછેલા ૨૭ પ્રશ્નોના જવાબ છે, બીજામાં આત્મજ્ઞાન સમજાવ્યું છે અને ત્રીજામાં આર્ય આચારવિચારની વાત છે. આ પત્રવ્યવહારનું પરિણામ એ આવ્યું કે ગાંધીજીની હિન્દુ ધર્મ પરની હલી ગયેલી શ્રદ્ધા સ્થિર થઈ.

ત્રણ વર્ષ પછી ગાંધીજી પહેલીવાર દક્ષિણ આફ્રિકાથી ભારત આવ્યા ત્યારે મળવું શક્ય નહીં. બીજી વાર આવ્યા ત્યારે શ્રીમદનું અવસાન થઈ ચૂક્યું હતું. શ્રીમદના ભાઈ મનસુખભાઈ પાસેથી આત્મસિદ્ધિશાસ્ત્ર મેળવી ગાંધીજી દક્ષિણ આફ્રિકા લઈ ગયા હતા. શ્રીમદ અને ગાંધીજીનો પ્રત્યક્ષ-પરોક્ષ સંબંધ પાંચેક વર્ષનો ગણાય. શ્રીમદની અસર ગાંધીજી પર સૌથી પહેલી અને કદાચ સૌથી ગાઢ પડી હતી. શ્રીમદ-ગાંધીજીનો સંબંધ માર્ગદર્શક-મુમુક્ષુનો હતો, તે ગાંધીજીએ વારંવાર સ્વીકાર્યું છે. પણ તેમણે 'સત્યના પ્રયોગો'માં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે હું તેમને મારા ગુરુ કહી શકતો નથી. શ્રીમદ અને ગાંધીજીની કક્ષાની વ્યક્તિઓ કોઈને ગુરુ કરે નહીં અને કોઈના ગુરુ થાય નહીં.

આ બંને વિભૂતિઓનું જીવન સાથે સાથે વિચારવાનું ઘણું રસપ્રદ છે. ગાંધીજી કહેતા કે મારું જીવન એ જ મારો સંદેશ. શ્રીમદનું જીવન પણ ખુદ એક સંદેશ હતું. સંસારનાં આધિ-વ્યાધિ-ઉપાધિ વચ્ચે પણ શાંતિ રાખી શકાય, આત્મકલ્યાણનાં ઊંચાં શિખરો સર કરી શકાય તે આ બંનેએ કરી બતાવ્યું. શ્રીમદે કહ્યું છે, 'આત્મામાં શૌર્ય ઉપજાવી વિકારને હટાવવાનો છે. મુમુક્ષુએ આ કદી ન ભૂલવું.'

ગાંધીજી કહેતા, 'કુરુક્ષેત્ર પોતાની અંદર જ છે. માણસે પોતાના દુર્ગુણો પર વિજય મેળવવાનો છે.'

શ્રીમદે સમન્વયમાર્ગ પસંદ કર્યો હતો. તેઓ જિન દર્શનને શ્રેષ્ઠ માનતા પણ અન્ય દર્શનનું ખંડન ન કરતાં. ગાંધીજી પોતાને 'સનાતન હિન્દુ' કહેવડાવવામાં ગૌરવ અનુભવતા પણ અન્ય ધર્મોનો પણ એટલો જ આદર કરતા. બંને ગૃહસ્થાશ્રમી હતા, પણ સ્વપત્ની પરત્વે પણ સંયમ પાળતા. શ્રીમદના દાંપત્ય વિષે માહિતી મળતી નથી, ગાંધીજી-કસ્તુરબા ૬૨ વર્ષના લગ્નજીવન દરમ્યાન સાથે જ હતાં, પણ સાડત્રીસ વર્ષની ઉંમરથી તેમણે બ્રહ્મચર્ય પાળવા માંડ્યું હતું. પોતાના આ નિર્ણય પર શ્રીમદની અસર હોવાનું ગાંધીજી કહે છે. બેમાંથી કોઈએ સાધુનો વેશ કે તિલક-કંઠી ધારણ કર્યાં ન હતાં પણ તેમના જેવા વિરક્ત સાધુપુરુષો ત્રણે કાળમાં ભાગ્યે જ જોવા મળે.

શ્રીમદ કહેતા કે અધ્યાત્મમાર્ગની પહેલી શરત છે અભય. વિકટ વનોમાં તેઓ એકલા ચાલ્યા જતા, કઠોર સાધના કરતા. ગાંધીજીના અગિયાર મહાવ્રતમાં અભય છે. માણસને મુખ્ય ભય મરણનો હોય છે. ભયનું કારણ છે પરિગ્રહ. લાખો રૂપિયાનો વેપાર કરતાં શ્રીમદ અને પોતાની સહીના પણ પાંચ રૂપિયા દેશના ફાળા માટે ઉઘરાવી લેતા ગાંધીજી બંને અપરિગ્રહી હતા.

ઈસુ-બુદ્ધ જેવી વિભૂતિઓની જેમ કરુણા આ બંનેનો સ્વભાવ હતો. બંને અહિંસાને પરમ ધર્મ ગણાતા. દેહાતીત હોવા છતાં બંને દેહનું મહત્ત્વ સમજતા. શ્રીમદ દેહને આત્માનું મંદિર, મોક્ષનું સાધન માનતા. ગાંધીજી દેહને સેવાનું સાધન સમજતા. દેહને લાડ ન લડાવતા, પણ કુશળ કારીગર જેમ પોતાના ઓજારને બરાબર રાખે અને તેનાથી સારામાં સારું કામ લે તેમ તેઓ પોતાના દેહને સાચવતા અને વાપરતા.

શ્રીમદ કહેતા, 'તું ગમે તે ધર્મ પાળે, જે રસ્તે સંસારમળનો નાશ થાય તે રસ્તે જજે.' ગાંધીજી માનવધર્મને શ્રેષ્ઠ માનતા. છેક છેવાડાના માનવીને ગરિમા અને સમાન અધિકારથી જીવવાનો હક્ક અપાવવા તેઓ જિંદગીભર મથ્યા.

શ્રીમદ અને ગાંધીજી બંનેએ ઘણું લખ્યું છે. બંને પોતાની ભાષાને અતિક્રમી ગયેલા છે. શ્રીમદના 'આત્મસિદ્ધિશાસ્ત્ર'ની ભાષા ત્યારે પ્રચલિત ભાષા કરતાં અનોખું તેજ ધરાવે છે. ગાંધીજીની ભાષાએ તો સાહિત્યમાં એક યુગ સર્જ્યો છે.

બંનેની સાધના મોક્ષની. શ્રીમદ નિજસ્વરૂપમાં લીન થયાં, ગાંધીજી વિશ્વસમસ્તમાં વિસ્તર્યા. તેમનાં આ અમર વચનો આ સત્યને સ્પષ્ટ કરે છે, 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે, ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો, સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને, વિચરશું કવ મહત્પુરુષને પંથ જો' અને 'હું તમને એક મંત્ર આપું છું. જ્યારે સંદેહ થાય અથવા અહંકાર માથા પર ચડી બેસતો લાગે ત્યારે આ કસોટી અજમાવોઃ જે સૌથી ગરીબ, સૌથી અસહાય તમે જોયો હોય, તેને યાદ કરી પોતાના દિલને પૂછો - મારા આ કામથી એનું શું ભલું થશે? - અને તમને માર્ગ મળી જશે.'

મો. ૯૮૩૩૭૦૮૪૯૪

અમેરિકન કાવ્યજગતમાં એમીલી ડિકન્સનનું નામ મોટું કહેવાય.

એની આ નાનકડી કવિતા આપણને કશુંક યાદ કરાવવા માટે પૂરતી છે...!

હું તો કંઈ નથી! ને તમે?

લે...તમે પણ કંઈ નથી?

તો..તો...આપણી જોડી થઈ ગઈ!

શ...અવાજ ન કરો, નહિંતર આપણને કાઢી મૂકશે...ખબર છે ને...!

કાદવને રાજી કરવા દેડકાની જેમ આખી જિંદગી 'હું આમ' ને 'હું તેમ' બોલતાં રહેવું એ તો કેટલું દુઃખદ કહેવાય, હેં ને!

ભાવાનુવાદક ટપાલીઃ વિશાલ ભાદાણી

## ૦૬ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલનું શિક્ષણ દર્શન...

**અવનિ દવે**

દેશની સંસ્કૃતિ અને પ્રકૃતિને સંવર્ધિત કરતી શિક્ષણ પ્રણાલી જ માણસને પ્રસન્નતા બક્ષી શકે છે. જીવનલક્ષી રચનાત્મકતા, સર્વાંગી વિકાસ મનુષ્યને સક્ષમ બનાવે છે. મેકોલેની, કારકુની શિક્ષણ પદ્ધતિ ભારતીય સાંસ્કૃતિક મૂલ્યો અને નાગરિકોની વિચારસરણી પર યોગ્ય ભરડો લેવા લાગી હતી. એ સમયે મહાત્મા ગાંધીજીએ ભારત દેશને નઈ તાલીમ-બુનિયાદી શિક્ષણ પદ્ધતિની અમૂલ્ય ભેટ આપી હતી. આ શિક્ષણ પ્રણાલિને વિકાસ અને લોકોની જરૂરીયાતોને અનુલક્ષીને કાર્યરત કરવામાં આવેલ હતી. નઈ તાલીમ શિક્ષણમાં ઉદ્યોગ દ્વારા સમાજ અને પ્રકૃતિને જોડીને જીવન સાથે અનુબંધિત કેળવણી આપવાની શરૂઆત થઈ. હૈયું, મસ્તક, હાથનો સમન્વય, સ્વાવલંબી પરિણામ મેળવવાની એ પ્રક્રિયા. પ્રાથમિક શિક્ષણ ફરજીયાત અને માતૃભાષામાં અપાય તેનો આગ્રહ રાખવામાં આવ્યો હતો.

ગાંધીજીની નઈ તાલીમ કેળવણીને પ્રેરણા સ્ત્રોત તરીકે ગણીને, સરદાર વલ્લભભાઈ પટેલે વ્યવહારુ શિક્ષણ પ્રણાલી પર ભાર મૂક્યો. વ્યવહારુ શિક્ષણ પ્રણાલીમાં ચારિત્ર્ય ઘડતરનું મહત્ત્વ સૌથી વધુ જે જીવાતા જીવનને ઉત્કૃષ્ટ બનાવી શકે. વ્યવહારુ શિક્ષણમાં વ્યાવસાયિક કૌશલ્યો કેળવવાની તાલીમ આપી વ્યક્તિને આત્મનિર્ભર અને સક્ષમ બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો. આવડત કેળવીને સ્વનિર્ભર બનાવવાની આ શિક્ષણ પ્રક્રિયા સરદારજીએ વિચારેલ. સાથે આ માટેના અનુભવો પૂરા પાડે તેવો અભ્યાસક્રમ ઘડવામાં આવ્યો.

સરદાર પટેલને મન સ્ત્રી શિક્ષણનું આગવું મહત્ત્વ હતું. મજબૂત સ્ત્રીઓ મજબૂત કુટુંબ અને સમાજ ઘડી શકે. સ્ત્રીને શિક્ષણ આપવા માટે ખાસ પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા. સંસ્કૃતિને સંવર્ધિત કરતી માતૃભાષા શિક્ષણનું માધ્યમ બને સાથે રાષ્ટ્રભાષા હિન્દી અને વૈશ્વિક ભાષા અંગ્રેજીનું શિક્ષણ પણ આપવામાં આવ્યું. સ્વદેશી ઉત્પાદનો વાપરવા, વધારવા સહકારી મંડળો દ્વારા નવા વ્યવસાયો ખોલાયા. આઝાદ ભારત માટે આઈ. પી. એસ., આઈ. એ. એસ. અધિકારીઓ તૈયાર કરવા. UPSC પરીક્ષાઓનું માળખું સરદાર પટેલ દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું. ગામડાઓ ટકી રહે તે માટે ગામડાની નજીકમાં શૈક્ષણિક સંકુલો બનાવવામાં આવ્યા. વલ્લભવિદ્યાનગરને આદર્શ ગામ તરીકે રજૂ કર્યું.

સરદાર સાહેબે વ્યાવહારિક શિક્ષણની જે સંકલ્પના આપેલી તે પ્રમાણેનાં ધારા ધોરણો NEP ૨૦૨૦માં જોવા મળે છે. વિકસિત ભારત ૨૦૪૭- આત્મનિર્ભર ભારત, સ્વદેશી પર ભાર, ડિજિટલ સાક્ષરતા, નવીનીકરણ, સ્વનિર્ભર વ્યક્તિ બને. વિશ્વમાં ભારતનો વિકાસ ટોચ પર પહોંચે એ વિચારસરણીમાં સરદાર વલ્લભભાઈ પટેલની અખંડ ભારત સંકલ્પનાની દીર્ઘદ્રષ્ટિ પાયામાં રહેલી છે.

સરદાર પટેલનું જીવન શિસ્ત, અભય અને દેશભક્તિનું ઉત્તમ ઉદાહરણ છે. ભારતને એક મજબૂત રાષ્ટ્ર બનાવવામાં તેમનું યોગદાન અમૂલ્ય છે. લગભગ ૫૬૨ જેટલા રજવાડાઓનું એકીકરણ કરી ભારતને એક સૂત્ર કર્યો. આ કાર્યમાં ખૂબ સંઘર્ષ કર્યો , સ્વ પુરુષાર્થથી તેમણે મજબૂત સમાજ ઘડતરનું કાર્ય રાજકીય ઘડતર સાથે કર્યું.

સરદાર પટેલે ગામડાઓને સાચવવાનું બીડું ઝડપેલું. ગામડાના લોકો શહેર તરફ સ્થળાંતર થવાની તાલાવેલી ધરાવતા, આ લોકોને તેમના જ ગામમાં કે ગામ નજીક સુવ્યવસ્થિત શિક્ષણ વ્યવસ્થા આપવામાં આવે તો ગામડાઓ સમૃદ્ધ અને મજબૂત બને. સ્ત્રીઓને યોગ્ય કેળવણી આપીને સશક્ત, જાગૃત તથા આર્થિક ઉપાર્જન માટે તૈયાર કરી, સ્ત્રીઓએ બારડોલી સત્યાગ્રહ બાબતે ઉમદા કાર્યો કર્યા. સત્યાગ્રહ સમયે પ્રભાત ફેરી કરતી સ્ત્રીઓ ગાતી...

ડંકો વાગ્યો લડવૈયા શૂરા જાગજો રે,
શૂરા જાગજો રે, કાયર ભાગજો રે. -ફૂલચંદભાઈ શાહ.

સરદાર પટેલે ગાંધીજીની નઈ તાલીમ, બુનિયાદી શિક્ષણ પદ્ધતિને આદર્શ રાખીને સમાજમાં લોકોને વાસ્તવિક જીવનની સમસ્યાઓના ઉકેલ મળે, જરૂરીયાતોની વ્યવહારુતા સાથે અનુબંધ હોય તથા ચારિત્ર્ય ઘડતર, મૂલ્યો, પ્રામાણિકતા, અહિંસા સમજીને અનુસરે તેવી કેળવણી માટે પ્રેરણા અને પ્રોત્સાહન આપ્યા.

**વ્યવહારુ શિક્ષણ (Pragmatic Education) :**

આપણી સંસ્કૃતિમાં ખેતીકામ ઉત્તમ, વ્યાપાર મધ્યમ અને નોકરીને કનિષ્ક કાર્ય માનવામાં આવતું. મેકોલે ભારતીય શિક્ષણ પ્રણાલીને નોકરીને પ્રાધાન્ય આપતા કારકુનો તૈયાર કરતી બનાવી દીધી હતી. માત્ર સૈદ્ધાંતિક શિક્ષણ આપીને જ્ઞાનાત્મક પાસુ સબળ બને તેવું શિક્ષણ જીવન ઉપયોગી નીવડી શકે નહિ. જીવાતા જીવન સાથે તાલ મેળવે, ડગલે પગલે અનુભવતી સમસ્યાઓ, જીવનના કોયડાઓને ઉકેલી શકે તેમજ મનુષ્યની જરૂરિયાતો સામાજિક તથા આર્થિક કે શિક્ષણ પોષી શકે તેવું વ્યાવહારિક શિક્ષણ સમાજમાં સારા નાગરિકો ઘડી શકે, સમસ્યા ઉકેલ થવાથી, યોગ્ય નિર્ણય લઈ શકાય, ઉત્પાદક કાર્ય હાથ ધરી શકાય જેથી કરીને સારા પરિણામો જીવનમાં મેળવી શકાય. કૌશલ્યોમાં નિપુણતા આવે તેવું વ્યાવહારિક શિક્ષણ જે ગામડાઓ ભાંગતા અટકાવી શકે તેની હિમાયત સરદાર પટેલે કરેલી. શિક્ષણ માત્ર અક્ષર જ્ઞાન નહિ, વ્યક્તિને સંસ્કારી, સશક્ત અને આત્મનિર્ભર બનાવે તેવું હોવું જોઈએ.

૧૯૪૦માં કરાંચી પ્રાંતમાં રહેતા ભાઈલાલભાઈ પટેલને સરદાર પટેલે નમૂનારૂપ ગામ બનાવવા ગુજરાત બોલાવ્યા. નિપુણ ઇજનેરે તેમના સુચારુ સંચાલન કૌશલ્ય વડે કરમસદ અને આણંદ વચ્ચેની જગ્યામાં 'વલ્લભ વિદ્યાનગર' ગામ બનાવ્યું. ઈંટ અને બીજા બાંધકામમાં જરૂરી સામગ્રી બનાવવાનાં વ્યવસાયો શરૂ કર્યા. ૧૯૪૫માં ચરોતર વિદ્યામંડળ અને બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય અને V.P. Science College શરૂ કર્યા. જે દ્વારા નાગરિકો તેમનાં ગામ આસપાસ સારું ઉચ્ચ શિક્ષણ મેળવી શકે અને શહેરો તરફ સ્થળાંતર ન થાય.

સહકારી મંડળીઓ, ઉદ્યોગનગર, આરોગ્યમંડળ પણ શરૂ કરાયા. સહકારી પ્રવૃત્તિઓનાં બીજ અહીં વવાયા. સરદાર પટેલનું માર્ગદર્શન મેળવીને ત્રિભુવનદાસ પટેલ દ્વારા 'અમૂલ' તરીકે પછી ઓળખાણ પામેલ દૂધ મંડળીની સ્થાપના કરવામાં આવી, જેમાં ખેડૂતો અને પશુપાલકો સંચાલન કરતા. અમદાવાદમાં કાંકરિયા તળાવ બનાવવામાં પણ ભાઈકાકાએ ઇજનેરી કાર્ય કર્યું. સરદાર પટેલની દીર્ઘદ્રષ્ટિ, ભાઈકાકાની ઇજનેરી દક્ષતા અને ભીખાભાઈની શૈક્ષણિક આવડતો વડે ગુજરાતને શિક્ષણ ક્ષેત્રે નવો આકાર પ્રાપ્ત થયો.

ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના ૧૯૨૦માં ગાંધીજી દ્વારા નઈ તાલીમની ઉચ્ચ શિક્ષણ સંસ્થા તરીકે કરવામાં આવી ત્યારે સરદાર પટેલે આર્થિક ફાળો એકઠો કરી આપેલો. આ સંસ્થાને રાષ્ટ્રીય વિશ્વવિદ્યાલયનો દરજ્જો અપાવ્યો અને વિદ્યાર્થીઓને આઝાદીની લડતમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરવા વ્યાવસાયિક શિક્ષણ અપાતું. ગાંધીવિચારની,સ્વવલંબનની કેળવણીનો આદર્શ અનુસરવામાં આવતો જેથી વ્યક્તિને આત્મનિર્ભર કરી, આદર્શ નાગરિક બનાવી શકાય. કાંતણકામ, વણાટકામ, ખેતીકામને લગતા કૌશલ્યો, જ્ઞાન માટેની તાલીમ આપવામાં આવતી.

ગાંધીજીના નઈ તાલીમ કેળવણીનાં વિચારોમાં ઉદ્યોગ, સમાજ અને પ્રકૃતિનો સુભગ સમન્વય વ્યક્તિત્વ ઘડતરમાં થવો જોઈએ. સાથે સત્યપાલન, પ્રામાણિકતા, અહિંસા, ઉદ્યોગ, મહેનત જેવા મૂલ્યોનું સંવર્ધન શિક્ષણનું પાયાનું કાર્ય હોવું જોઈએ.

**સરદાર વલ્લભભાઈ પટેલે વ્યવહારિક શિક્ષણ માટે દિશા સૂચન કરેલ પાસાઓ :**

**પ્રાયોગિક જ્ઞાન અને કૌશલ્યો :**

અભ્યાસક્રમમાં વિવિધ કૌશલ્યો જે વ્યવસાયમાં પરિણામે તેવા હોય તેનું જ્ઞાન, અનુભવ અને તાલીમ મળી રહે. માત્ર બોધાત્મક ન રહેતા શિક્ષણ કાર્યમાં હાથ દ્વારા કરવામાં આવતા કાર્ય કૌશલ્યો હોવા જોઈએ. જે વ્યક્તિને સ્વનિર્ભર બનાવી શકે. જે વ્યક્તિને તેનાં જ્ઞાનનો ઉપયોગ વાસ્તવિક જીવનમાં કરતાં શીખવે છે. જેમાં કાંતણ, વણાટ,

ખેતીકામ, રસોઈકળા, બાંધકામ, પશુપાલન, વાહન ચાલન, તકનીકી મશીનોનું સંચાલન વગેરે હોઈ શકે.

**સ્ત્રી શિક્ષણ :**

સરદાર પટેલ સ્ત્રીઓને શિક્ષિત કરવા માટે ખાસ ઝૂંબેશ ચલાવી હતી. તેઓ દ્રઢપણે માનતા હતા કે સમાજને સંગઠિત બનાવવો હશે તો સ્ત્રીઓને શિક્ષિત કરવી, વ્યવસાયિક તાલીમ પણ આપવી અને અડગ મનોબળવાળી બનાવવી જોઈએ. તેમણે પોતાની દીકરી મણિબહેનને ગૂજરાત વિદ્યાપીઠમાં ઉચ્ચ શિક્ષણ અભ્યાસ માટે મૂકીને ઉદાહરણ પૂરું પાડ્યું હતું. બારડોલી સત્યાગ્રહમાં સ્ત્રીઓએ જોશભેર જોડાઈને દેશની આઝાદીની લડતને વેગ આપ્યો હતો.

**આત્મનિર્ભરતા :**

વ્યાવસાયિક કૌશલ્યો, શિસ્ત, ચારિત્ર્ય ઘડતર, શારીરિક શ્રમની સર્વાંગી કેળવણી દ્વારા વ્યક્તિ સામાજિક અને આર્થિક બાબતે સ્વાવલંબન કેળવે જેથી જીવનમાં આવનાર સમસ્યાઓનો સામનો કરવા કોઈ પર નિર્ભર રહેવું ન પડે.

**રાષ્ટ્ર ઘડતરમાં શૈક્ષણિક પ્રદાન :**

વલ્લભ વિદ્યાનગરમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવામાં જે ગામડાઓમાં નાગરિકોને સ્થાયી કરી શકે, વ્યાવસાયિક શિક્ષણ અને કૌશલલક્ષી તાલીમ આપવા યુવાન નાગરીકો માટે સ્થાપવામાં આવેલ. આઈ. ટી. આઈ. અને આઈ. આઈ. એમ. સંસ્થાઓ સારી રીતે વ્યવસ્થિત ચાલે માટે સરદાર પટેલે રાજકીય અને વહીવટી મજબૂતાઈ ઊભી કરી, જે steel frame તરીકે ઓળખાઈ. ૧૯૬૧માં આઈ. આઈ. એમ. કલકત્તાની સ્થાપનામાં તેમના વ્યવહારુ શિક્ષણની સંકલ્પનાને વેગ આપવામાં આવ્યો. ૧૯૪૭માં દેશ આઝાદ થયો ત્યારે બ્રિટીશ પ્રતિનિધિઓ Indian Civil Service Officers દેશમાં બધુ સંચાલન કરતા હતા, જે જતા રહેવાના હતા. તેથી સરદાર પટેલે આઈ. સી. એસ.નાં સ્થાને આઈ. એ. એસ. (Indian Police Service)ની સ્થાપના કરી, મક્કમતાપૂર્વક આ સેવાઓ ટકાવી. સરદાર વલ્લભભાઈ પટેલને ભારતના સનદી સેવાઓના રક્ષક સંત (Patron Saint of India's Civil Services) માનવામાં આવે છે.

રાષ્ટ્રીય કક્ષાએ UPSC અને રાજ્ય કક્ષાએ GPSCનું માળખું તૈયાર કરી આપ્યું. આજે લગભગ ૮૦ વર્ષ પહેલા તૈયાર થયેલી રચના એ જ રીતે પ્રસ્તુત કાર્યરત છે. જેથી આત્મનિર્ભર ભારત તૈયાર થઈ શકે.

**NEP-૨૦૨૦:**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ જે ૨૦૨૦માં તૈયાર કરવામાં આવી તેમાં વ્યવહારુ અને વ્યાવસાયિક શિક્ષણને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓમાં બાળપણના શિક્ષણથી વિવિધ કૌશલ્યોનું બીજારોપણ થઈ શકે એવો અભ્યાસક્રમ રચવાનો દૃઢનિર્ધાર અમલમાં મૂકાયો હતો. કૌશલ આધારિત,માત્ર પુસ્તકિયું નહીં,આવડતવાળું શિક્ષણ, જે જીવનને કેન્દ્રમાં રાખે તેવું શિક્ષણ હોય. સમસ્યા ઉકેલ, સર્જનાત્મકતા, વિવેચનાત્મક દ્રષ્ટિકોણ કેળવવા અનુભવ આધારિત જ્ઞાનપ્રાપ્તિ થાય, જેથી ચોકસાઈ, ધીરજ,નેતૃત્વ, શારીરિક-માનસિક નિરામય ગુણો ઉજાગર થાય. વિદ્યાર્થીઓ સારા નાગરિક બને એવી કેળવણીનો વિચાર સરદાર પટેલના શૈક્ષણિક વિચારોમાં જોવા મળે છેઃ

**આવી વ્યવહારુ શિક્ષણ સંકલ્પના માટે**

- દરેક વિદ્યાર્થી ઓછામાં ઓછો એક વ્યવસાય શીખે.
- શ્રમની ગરિમા અને ભારતીય કળા પર ભાર આપવો.
- સામાજિક દરજ્જાની શ્રેણીને દૂર કરવી.
- મુખ્ય પ્રવાહના શિક્ષણમાં એકીકૃત કરવું.
- વિજ્ઞાન, ટેકનોલોજી, ઇજનેરી અને ગણિત શિક્ષણ (STEM) વડે દેશને આત્મનિર્ભર કરી વિકસિત બનાવવો. વ્યવસાયી શિક્ષણ સામાન્ય શિક્ષણનો ભાગ હોવું જોઈએ. ઉત્પાદક સમાજ ઉપયોગી કાર્યો કરવા.
- કૃષિ કેન્દ્રો ઊભા કરવા તથા રોજગારીની તકો ઊભી કરવી. વ્યાપક અર્થમાં વ્યાવસાયિક શિક્ષણમાં દરેક પ્રકારના શિક્ષણનો સમાવેશ કરી શકાય છે. કુશળતાના વિકાસની ગતિને વધારવી.

સરદાર પટેલે ચારિત્ર્ય ઘડતર શિક્ષણ પર ખાસ ભાર આપ્યો હતો. NEP-૨૦૨૦માં પણ નૈતિક મૂલ્યો, માનવીય

સંવેદનાઓ અને નાગરિક કર્તવ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. માતૃભાષા માનસિક વિકાસની સીડી ગણાવવામાં આવી છે. તથા 'એક ભારત શ્રેષ્ઠ ભારત' સંકલ્પનાને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. શિક્ષણમાં પારદર્શિતા અને જવાબદારી મહત્ત્વનાં ગણવામાં આવ્યા છે.

**વિકસિત ભારત ૨૦૪૭ :**

સરદાર વલ્લભભાઈ પટેલનું 'અખંડ ભારત' સ્વપ્ન એ 'વિકસિત ભારત ૨૦૪૭' ના સ્વપ્નનો પાયો છે. સરદાર પટેલ સ્વદેશી ઉત્પાદનો અને ભારતીય ઉદ્યોગોને પ્રોત્સાહિત અને વિકસિત કરવા પ્રયત્નશીલ હતા. 'Smart Village' બનાવવા અને કૃષિ ક્ષેત્રે આધુનિકતા લાવવાનો અભિગમ છે. સહકારી અભિગમથી 'અમૂલ' દૂધ મંડળીની શરૂઆત સરદાર સાહેબે કરાવેલ. ગુજરાતથી શરૂ થયેલ 'સહકારથી સમૃદ્ધિ'નો મંત્ર ભારતનાં વિકાસનું એન્જીન બનશે. **આત્મનિર્ભરતાની વિચારધારા** : પશ્ચિમી નકલ છોડી ભારતીય મૂલ્યો દ્વારા નાગરિકોનું ચારિત્ર્ય નિર્માણ થાય એ પણ વિચારમાં સામેલ છે.

- અધિકારો કરતા કર્તવ્યને પ્રાધાન્ય આપવું.
- ભારતીય સંસ્કૃતિ અને ઇતિહાસનું જતન કરવું.
- શિસ્ત,સચોટ વહીવટ અને આર્થિક સમૃદ્ધિ હોય.

સરદાર પટેલ ગાંધીરંગે રંગાયેલો આત્મા હતો એથી એમની વિચારધારામાં સર્વોદયપણું ઉજાગર થાય છે. સરદાર પટેલે જ કહેલું કે: **'આપણે સૌએ મળીને એક એવા ભારતનું નિર્માણ કરવાનું છે,**

**જેમાં કોઈ ગરીબ ન હોય, કોઈ અભણ ન હોય અને કોઈ લાચાર ન હોય.'**

શિક્ષણમાં ભવિષ્યશાસ્ત્ર, શૈક્ષણિક ભવિષ્યવાદ વિદ્યાર્થીઓને ઝડપથી બદલાતી દુનિયા માટે તૈયાર કરે છે. તે માટે જરૂરી કૌશલ્યો, જ્ઞાન, વલણોને સમજીને ભવિષ્યલક્ષી કૌશલ અને અનુકૂલન ક્ષમતાને પ્રોત્સાહન આપવું અને વિકસાવવું જોઈએ.

કૃત્રિમ બુદ્ધિમતા (AI) સ્વયં સંચાલન (Automation) શિક્ષણને નવો આકાર આપશે. વ્યક્તિનો સર્વાંગીણ વિકાસ તથા આજીવન નવું શીખતા, જાણતા રહેવું તેમજ અને અનુકૂલન સાધવાની ક્ષમતાઓ માણસે વિકસિત કરતી રહેવી પડશે.

સરદાર પટેલનું લોખંડી મનોબળ અને આત્મનિર્ભર ભારતીય સંવેદનાની ઝાંખી એમના જીવનપથ ઉપરથી સંવેદનશીલ ભાવકને મળી શકે છે.

મો.૯૭૨૩૫૫૧૨૦૧

**'સ્વસ્થ' મનુષ્ય**

ગાંધીજીનું જીવન તપાસીએ તો એક વાત સમજાશે. તેમણે કદી પણ દંભ કર્યો ખરો? તેઓ જેવું જીવ્યા તેવું બોલ્યા. તેઓ જેવું જીવ્યા તેવું લખ્યું. એમના વ્યકિતત્વના ટુકડા પડયા હોય એવો એક પણ દાખલો જોવા મળતો નથી. આવું કેમ બન્યું? એક જ કારણ જડે છે. તેમણે સત્યનો હાઇવે કદી ન છોડયો. જયાં સત્યપાલન હોય, સત્યનિષ્ઠા હોય અને સત્યાગ્રહ હોય ત્યાં દંભ હોઈ જ ન શકે.

જીવનમાં ઉચ્ચતમ આદર્શ માટેની સાધના સાથે પણ ગાંધીજી પોતાનું નિર્મળ બોખું સ્મિત જાળવી શકયા. 'માહ્યલાનો ટેકો ધરાવતી બુદ્ધિ' વિના આવું શકય ન બને. 'સ્વસ્થ' મનુષ્ય એટલે એવો મનુષ્ય જેને કારણે ઉત્ક્રાંતિની ધીમી પ્રક્રિયા એક ડગલું આગળ વધે. મહાત્મા ગાંધીના ઉત્ક્રાંત માનવ્યને આવી દષ્ટિએ બિરદાવું છું.

ગાંધીજી કદી અપ્રસ્તુત નથી થવાના, કારણ કે સત્ય કદી પણ અપ્રસ્તુત થવાનું નથી. કમ્મર પર લટકતી ગાંધીની ઘડિયાળ પર કલાકોના નહીં, સદીઓનાં નિશાન હતાં. મહાત્મા ગાંધી આ પૃથ્વી પર પાંગરેલી નાદાન માનવજાતના ખોળામાં થોડાક વહેલા આવી પડયા! સદીઓ વીતે તેમ તેમ મહાત્માની વાતો સમજાતી જશે. કદાચ પચીસમી સદીમાં એક ભવ્ય મુવીનું નિર્માણ થશે, જેનું શીર્ષક હશેઃ 'એક હતી પૃથ્વી, એક હતો માણસ અને એક હતો ગાંધી.'

- ગુણવંત શાહ

## ૦૭ લોકભારતી એટલે સ્વાદની સંજીવની

**પ્રા. વિશાલ જોષી**

---

સમય ખંડના ધસમસતા પ્રવાહમાં આવળીયાટમાંથી હરેક ઋતુમાં નિજ પ્રકૃતિ શૃંગાર સાથે મ્હોરી ઊઠતી લોકભારતી એટલે સ્વાદની સંજીવની. આમ તો ઋતુએ ઋતુએ આઠેય પ્રહરમાં એના સ્વ-રૂપના દર્શન માણતા રહીએ છીએ. શિયાળે હુંફાળી ઝાકળની સવારી સાથે ચિકુવાડીના પંથે પદ્માસન વાળીને બેસીએ. ઉનાળે ઢળતી સાંજે સિંદરી નદીના ડેમ જતાં કુંજગલીમાં કેડીએ ચાલતા ચાલતા ભોળા માસુમ બાળક જેવી નહેરની આંગળી ઝાલીને કેટલાય સૂર્યાસ્ત આંખોમાં આંજ્યા છે. ચોમાસે તો રાતદિવસ ઝરમરતી જળની સરગમ સાથે તડતડ પડતાં વર્ષાબિંદુ કે ઝરમર વરસતાં ફોરામાં મૂશળધાર અને વાછટ વચ્ચે સાંગોપાંગ તરબતર ભીંજાયાના ટાણાં ત્વચામાં ગાણાં ગાતાં હોય છે. પ્રત્યેક મોસમમાં રસ,રૂપ,ગંધ અને સ્વાદ પીરસતું લોકભારતીનું પરિસર પોતે એક ગુરુ છે. ફળ, ફૂલ, પાન, ઝાડ, વેલ, પંખી અને પહેલા વરસાદમાં ડોકું કાઢતા મખમલિયાથી માંડીને ગીરના સાવજની ડણક સુધીની જીવ સૃષ્ટિ સહજીવન (co-existence)નો સજીવી અનુભવ કરાવે છે.

ફળની વાત કરીએ તો લોકભારતી દરેક ઋતુમાં The perfect mouth watering Bowl from the kitchen of Mother Nature : મોંમાં પાણી લાવે એવા પ્રકૃતિના રસોડે પાકેલ રસથાળ પીરસે છે. લોકભારતીની સાંજ એટલે -

**એક સાંજ થોડી ખાટી, થોડી મીઠી ઢળી.**
**ચાલને ચરણ, ચાખવા જઈએ ઘરથી બહાર નીકળી.**

કુદરતે સ્વાદ એકસરખાં મૂક્યા છે પણ વિવિધતા કેટલી ! અમારા ઘરની પછીતે રોપેલાં શેતૂરને ડાળ ઉપરથી વીણતાં વીણતાં જ vernacular strawberry કહેવાનું ગતકડું સૂઝ્યું હતું.

લોકભારતી પરિસર આવા કુદરતી સ્વાદોથી ઋતુએ ઋતુએ આવકારે. પ્રત્યેક ઘરમાં ફળાઉ ઝાડ- ચિકુડી, આંબો,જાંબુડો, સીતાફળી, ઝમરૂખડી, બોરડી, દાડમડી, કેળ ક્યાંક તો દ્રાક્ષ,ગોરસ આમલી, રાયણ, બદામડી, પપૈયો, ઋતુ આવ્યે લુંબે ઝુંબે !! જીવનરસના વાહકો ખાસ કરીને ઇસ્માઇલદાદા, ઝાલાબાપુ, પ્રવીણભાઈ મશરૂવાળા જેવા દાદાઓનો આ પેઢી દર પેઢી હસ્તાંતરણ પામેલો વારસો હજીય ક્યાંક ક્યાંક કોળી રહ્યો છે. આપણે તો ખાઈએ જ પણ હોંશે હોંશે આડોશ પાડોશ, મિત્રો અને સ્નેહીજનો, કાર્યકર પરિવારોને ધરતા રહીએ અને હા, દરકે વિદ્યાર્થીઓ તો "જ્યાં જ્યાં નજર મારી ઠરે,......(મુઠ્ઠી ભરી ત્યાં સ્વાદની)ના ન્યાયથી મોકળા મને માણે. ઇસ્માઇલદાદા કહેતા, 'છોકરાંને ચણવું બહુ ગમે. આંગણામાં કે સંસ્થાની વાડીમાં ફાલસા વાવો. એના ફૂલો મનને હરશે અને બાળકોને ફળ ચૂંટીને ખાવાનો આનંદ મળશે. તેમાં વિટામિન 'સી' ભરપૂર છે. એનાથી બચ્ચાઓનું શરીર બંધાય છે. દરેક કુટુંબના વાડોલિયામાં એક લીંબુડી, સીતાફળી, આંબલી ને ફાલસા હોવા જોઈએ. ફૂલો એ જ શોભા નથી. બાળકોની દ્રષ્ટિએ પણ વૃક્ષો વાવવાં જોઈએ.'

આ અર્થમાં જ અતિથિગૃહનો આંબો તો જાણે પરીક્ષાની મોસમનો સાથી. વિદ્યાર્થિની બહેનો ભોજન બાદ વાચન માટે ખાસ આ વિસ્તાર પસંદ કરે. ટબ્બા જેવી કાચી કેરી ડાળે બેસે ત્યાં જ બુક થઈ જાય. વાંચવાની બુક એક બાજુએ અને પછી રીતસરની હરીફાઈ થાય, એમાંય જો સંમતિ મળે તો આંબા પર ચડીને છેક ટગલી ડાળી સુધી

પહોંચીને નીચે ટપોટપ પાડે. એ કેરીનો સ્વાદ અને સુગંધમાં કોણ ચડે એ કહેવું આજે પણ મારા માટે મુશ્કેલ છે.

મુખ્ય કાર્યાલયની બરાબર સામે આવેલી આમલી પણ જરાય ઊણી ઉતરે એવી નહીં. એના કૂણા કૂણા પાન ચાવ્યાની મોજ મસ્ટરમાં સહી કરતી વખતે આપણી હાજરીનેય ખટમીઠી બનાવે, તો વિદ્યાર્થીઓ અને પરિવારના બાળકો તો ગજવામાં ભરી ભરીને બટકુંક બટકુંક ચાખતા રહે ને આંખો મીંચાઈ જાય એટલી ખાટાશને આસ્વાદે.

રાજેન્દ્ર હિલમાં ચણી બોર ખાવાં જવાનો કાર્યક્રમ તો શૈક્ષિણક કેલેન્ડરમાં સ્થાન પામે એવો મોજીલો. કાશી બોર, કાગડા બોર, એપલ બોર એમ બોરના વકલ આવકારે અને તમને ચિકુવાડીની અડોઅડ પંખીઓ જયાફત ઉડાવતા જોવા મળે. એવો જ ઉમંગ રંગ જાંબુડાનો. જેમ પછીતે શેતૂર એમ અમારા ઘરના આગળના ફળિયામાં જાંબુડો તો જૂન મહિનાને જાંબુડિયા રંગથી રંગી દે. જાંબુડા ખેરવાના રીતસરના આયોજન સાથે વિદ્યાર્થીઓની ભાગીદારીથી કાર્યક્રમ યોજાય. દ્વારની સામે કુદરતી રંગોળી પૂરાઈ જાય. વાયુસેવન કરતા કરતા સંશોધન અને વિજ્ઞાન ભવનની ભાગીદારીની સાખ પૂરતો જાંબુડો વિદ્યાર્થીઓની લોકજીભે પ્રિય છે. ચીકુની સીઝનમાં તો ચીકુ હાડ હાડ થાય. મૂલ્ય સંવર્ધનના શૈક્ષિણક પ્રયોગોમાં તો જમરૂખના જામ અને જેલી બનાવવાની એક પરંપરા તો ઝાલાબાપુને ફાળે જાય.ખલ્લેલા અને આમળા કેમ બાકી રહી જાય!? પૂર્વ વિદ્યાર્થીના સંમેલનોમાં પણ આ બધાં જ ફળો અને એની સાથે જોડાયેલા ફળિયાઓ કે નાના મોટા કાર્યકરો સાથેના સ્વાદિષ્ટ સંબંધોના સંસ્મરણો વાગોળાય. આ વાંચતી વખતે પણ કોઈ પૂર્વ વિદ્યાર્થી કે કાર્યકરની જીભ સળવળતી હશે જ. સ્વાદ,યાદ અને એ સંવાદની વાત કેમ વિસરે રે !

પરિસરમાં આવા વૃક્ષો સાથે અદ્ભૂત જીવ સૃષ્ટિ, પંખીઓની જમાત, કલરવથી પડતી સવાર સાથે જૈવિક વૈવિધ્ય તો લટકામાં. ઉલટથી ઉચ્ચારણ નીકળે : ‘વાહ, ક્યા સ્વાદ હૈ લોકભારતી કા !’

**વિનોબાની સંવેદના**

વિનોબા અને મીરાં ભટ્ટનો એક સંવાદ-ભૂદાન યાત્રા દરમિયાન ગ્રામજનો ‘ભૂમિવાળા બાબા’નું સ્વાગત કરવા માટે પત્રમ-પુષ્પમ લઈને ઊભા રહેતા, ત્યારે એક ગામમાં ઘણાં ગ્રામજનો વિનોબાનું સ્વાગત કરવા આનંદિત ચહેરે ઊભા હતા આ જોઈ

મીરાં ભટ્ટઃ ‘બાબા, ગ્રામજનોના ચહેરા ઉપર ઉત્સાહ ખૂબ છે.’

વિનોબાઃ ‘મીરા, તું એમના ચહેરા સામે તો જુએ છે, પણ એમના પગ સામું જો ! ’

મીરાં ભટ્ટઃ તરત મારું ધ્યાન ખેંચાયું કે એકેય સ્વાગતાર્થીના પગમાં પગરખાં નહોતાં. પગરખાં શું, શરીર ઢાંકવાનાં વસ્ત્ર પણ થીગડથાગડ ?

બે ટંકના પૂરા ભોજનની સલામતી વગર દિવસરાત હાડમાંસ ગાળતા મારા દેશના એ ભૂમિહીન ખેતમજૂર ?

ગાંધીના ‘સાવ છેવાડાના માણસ’ની વાત સાંભળી હતી, પરંતુ એનાં દર્શન તો આ પદયાત્રાએ જ કરાવ્યાં. હું રોઈ પડી..બાબા મને કહેઃ ‘આ છે આપણું ભારત, આપણે આ લોકો માટે પદયાત્રા કરીએ છીએ.’

## ૦૮ મરુસુંદરી મૂમલની મૃગતૃષ્ણા

**પારસકુમાર**

---

સ્વર્ણનગરી જૈસલમેરમાં કોઈ યુવતી સાથે ભૂલથી ટકરાઈ જાઓ તો માત્ર 'સોરી' કહેવાને બદલે 'સોરી મિસ મૂમલ' કહેશો તો સામેના સળગતા છેડેથી કોમળ અવાજમાં 'ખમ્મા ઘણી' સાંભળવા મળશે. જૈસલમેરની દરેક દીકરી મરુસુંદરી 'મૂમલ' તરીકે મશહૂર થવા માંગે છે અને મરુસુંદરીની મૃગતૃષ્ણા સંતોષવા રાજસ્થાન ટૂરિઝમ દ્વારા જૈસલમેરના રણોત્સવમાં દર વર્ષે 'મિસ મૂમલ પ્રતિયોગિતા' યોજવામાં આવે છે. આપણા કચ્છના રણોત્સવમાં 'મિસ હોથલ' પ્રતિયોગિતાનું આયોજન થઈ શકે ખરું? જહાં વીરતા પલતી હૈ ઉન્નત ઘાટી મેં, કહો કૌન સા રંગ નહીં હૈ રાજસ્થાન કી માટી મેં. મૂમલ એટલે રાજસ્થાનના સુવર્ણ રણમાં પાંગરેલો પ્રણયનો સુવર્ણ રંગ.

મૂમલ અને મહેન્દ્રની પ્રેમકહાની થારના સુવર્ણ રણમાં ખીલીને થારના રણમાં જ ગરકાવ થયેલાં સપ્તરંગી ગુલાબની ગમગીન કહાની છે. મરુભૂમિ જૈસલમેરની ત્રિભુવનસુંદરી રાજકુંવરી મૂમલે જવાન થતાવેંત પરણવા માટે રેતીના ઢુવાંને મુઠ્ઠીમાં ભરવા જેવી દુર્ગમ શરત મૂકી દીધી. જે વ્યક્તિ તેના મહેલની રહસ્યમય ભૂલભૂલામણી પાર કરીને મહેલમાં નિરંતર પહેરો ભરતા ભયંકર જનાવરોને હણ્યા વિના હરાવીને મૂમલ સુધી પહોંચશે, મૂમલના વેધક સવાલોના મૃણ્મય જવાબો આપશે,તેને જ મૂમલ પરણશે. કેટલાક પરાક્રમી રાજાઓ મૂમલ સુધી પહોંચી તો ગયા પણ મૂમલના વેધક સવાલો ઉકેલી શક્યા નહીં. એકવાર પાકિસ્તાનના અમરકોટથી શિકાર કરવા નીકળેલો પ્રતાપી રાજા મહેન્દ્ર ભૂલભૂલમાં મૂમલ સુધી પહોંચી ગયો અને મૂમલના વેધક સવાલો ઉકેલીને મૂમલના હૃદયમહેલમાં વસી ગયો પણ મહેન્દ્રનેતો પહેલેથી જ સાત રાણીઓ હતી. ઘાયલ મહેન્દ્ર રોજરાત્રે જાતવાન અશ્વ જેવા ઊંટને લઈને સો કૌસ દૂર અમરકોટથી મૂમલને મળવા જૈસલમેર પહોંચતો અને મોસૂઝણું થાય તેપહેલાં અમરકોટ પરત ફરતો.

ઈર્ષ્યામાં ડૂબેલી રાણીઓએ મહેન્દ્રના જાતવાન અશ્વ જેવા ઊંટને બીમાર બનાવી દીધો. લાચાર મહેન્દ્ર તે રાત્રે અજાણ્યું ઊંટને લઈને સમયસર જૈસલમેર પહોંચી શક્યો નહીં. આ બાજુ રાહ જોઈને થાકેલી મૂમલ સાથે મૂમલની બહેન સૂમલ પુરુષનો પોશાક પહેરીને મૂમલ સાથે જ સૂઈ ગઈ. મોડીરાત્રે મહેન્દ્ર આવ્યો અને મૂમલને અજાણ્યા પુરુષ સાથે સૂતેલી જોઈને દુઃખી થઈને નીકળી ગયો. મૂમલને મોડી રાત્રે મહેન્દ્રની આવવાની અને સુમલની ગલતફહેમીથી દુઃખી થઈને નીકળી જવાની ખબર પડી. દુઃખી મહેન્દ્ર ફરી પાછો ક્યારેય જૈસલમેર આવ્યો નહીં. મૂમલે ભૂલ સુધારવા ઢગલાબંધ પત્રો લખ્યાં પણ રાણીઓએ એકપણ પત્ર મહેન્દ્ર સુધી પહોંચવા દીધો નહીં. મહામહેનતે મૂમલનો પ્રેમદૂત મહેન્દ્ર સુધી પહોંચ્યો, સઘળો ફોડ પાડ્યો ત્યારે છેક મૂર્છીત યુગલના ઉરમાં શ્વાસનો ફુંવારો છૂટ્યો.

મહેન્દ્ર જાણે અગ્નિપરીક્ષા લેવા માંગતો હોય તેમ જૈસલમેર પહોંચતા પહેલાં મજાકમાં મૂમલ સુધી સંદેશો પહોંચાડ્યોકે, સાપ કરડવાથી મહેન્દ્રનું મૃત્યુ થયું છે અને પ્રેમમાં વિજોગણ બનેલી મૂમલ મહેન્દ્ર-મહેન્દ્ર બોલીને રેતીના ઢૂવાંમાં ઢળી પડે છે. ઘાયલ મહેન્દ્ર પણ મૂમલના વિરહમાં જૈસલમેરના રણમાં જ ઝૂરી-ઝૂરીને મૃત્યુ પામે છે અને રણમાં ખીલેલું ગુલાબ છેવટે રણના ગર્ભમાં જ ગરકાવ થઈ જાય છે.

રૂપસુંદરી મૂમલના સ્મરણમાં મરુભૂમિ જૈસલમેરમાં દર વર્ષે યોજાતી મિસ મૂમલ પ્રતિયોગિતામાં જૈસલમેરની

મરુસુંદરીઓ જ વિજેતા થતી પણ છેલ્લાં ત્રણ વર્ષથી બિકાનેરની રૂપસુંદરીઓને મૂમલના આશીર્વાદ ફળ્યાં છે. અને દર વર્ષે મિસ મૂમલ બનનાર યુવતીને રાજસ્થાન સરકાર મહિલા દિને વિશેષ સન્માનિત કરે છે. કેમ કે મિસ મૂમલ સ્પર્ધા રાજસ્થાનની ગરિમા અને ગૌરવની સ્પર્ધા છે. હવે મુસ્લિમ યુવતીઓ પણ મૂમલના રંગે રંગાઈને મિસ મૂમલ પ્રતિયોગિતામાં સહભાગી થવા લાગી છે અને રાજસ્થાનની પહેલી મિસ રાજસ્થાન, મિસ મારવાણ, મિસ થારસુંદરી અને મિસ મૂમલ સહીત સૌંદર્યના સઘળા ખિતાબ જીતનાર બિકાનેરની મરુસુંદરી કોમલ સિદ્ધ ફોન પર જણાવે છેઃ

મૂમલ કુંવારી હતી માટે કુંવારી યુવતીઓ જ 'મિસ મૂમલ' બની શકે છે. મિસ મૂમલ બનવા માટે મૂમલ જેવી લાંબી કદકાઠી,મોટી સુંદર આંખો, સપ્રમાણ ભરાવદાર શરીર,રાજપૂતી ગરિમાયુક્ત લાલ રંગનો પોશાક અને મૂમલના સૌમ્ય શણગારની પ્રતીતિ કરાવતાં મરુભૂમિના આભૂષણો જરૂરી છે. કોમલ સિદ્ધને મિસ મૂમલ બનવા માટે દાદી અને નાની તરફથી વારસામાં મળેલાં શીશફૂલ, આડ, મોહનમાળા, ટીમણીયાં અને મુંદરી જેવા ૬૦ લાખની કિંમતના ઐતિહાસિક આભૂષણો, હાથની મહેંદીમાં પોતે જ કંડારેલાં મૂમલ-મહેન્દ્રના પ્રેમના દોહા જ તેને 'મિસ મૂમલ' ભણી દોરી ગયા. મિસ મૂમલ આગળ કહે છે : કોમલમાંથી 'કો' હટાવીને 'મૂ' લગાવો કોમલનું 'મૂમલ' થઈ જાય અને મિસ રાજસ્થાન બન્યા પછી હું 'મિસ મૂમલ' પ્રતિયોગિતામાં પણ વિજેતા થઈ, લોકો મને મિસ રાજસ્થાનને બદલે 'મિસ મૂમલ' કહેવા લાગ્યા. બહાર નીકળું છું અને સાંભળવા મળે છેઃ 'અરે ! એ તો મૂમલ હૈ, વો દેખો મૂમલ જા રહી હૈ!'

અને રાજસ્થાની મહિલાઓ માટે સન્માનિત ગણાતી મિસ મૂમલ કોમ્પિટિશનમાં વિજેતા થનાર કોમલ સિદ્ધને પૂછેલા વધુ કેટલાક સવાલોના જવાબ તેમના જ શબ્દોમાં સાંભળોઃ

પ્રશ્નઃ આપકો મિસ મૂમલ બનને કી પ્રેરણા કહાં સે મિલી?

ઉત્તરઃ મૂમલ ઔર મહેન્દ્ર કી કહાની રાજસ્થાન કે હર ઘર મેં લોકપ્રિય હૈ. મેરા બચપન ગાઉ મૈ બીતા, લેકિન બિકાનેર મેં નૌકરી મિલને કે બાદ મૈ વહી બસ ગઈ ઔર બિકાનેર મેં મિસ મારવન બનને કે બાદ મુજે ખુદ સે હી ઔર આગે બઢને કી પ્રેરણા મિલી.

પ્રશ્નઃ મિસ મૂમલ,મિસ રાજસ્થાન,થાર સુંદરી,ગણગોર ક્વીન ઔર મિસ મારવાન આપ કો કૌન સા કોમ્પિટીશન જીતને મેં જ્યાદા મજા આયા?

ઉત્તરઃ મુજે તો સબ કોમ્પિટીશન મેં અચ્છા લગા લેકિન સબ સે પહલે મૈ મિસ રાજસ્થાન બનના ચાહતી થી,રાજસ્થાન મેં અલગ અલગ ઓર્ગેનાઈઝેશન કે દ્વારા મિસ રાજસ્થાન કોમ્પિટિશન હોતા થા લેકિન રાજસ્થાન ટૂરિઝમ દ્વારા મિસ રાજસ્થાન પુષ્કર મેં હુઆ ઔર મૈ જીત ગઈ.

પ્રશ્નઃ મિસ મૂમલ બનને કે લિયે ક્યાં જરૂરી હૈ?

ઉત્તરઃ 'મિસ મૂમલ બનને કે લિયે મૂમલ કી રૂહ કો જાનના જરૂરી હૈ, મૂમલને કભી જુડા નહીં રખા થા, ઇસ બાર લડકિયાં જુડા બના કે આયી થી, જો સહી નહીં થા, હમને પઢા હૈ કી મૂમલ કી આંખે હિરની જૈસી હોતી હૈ, ઔર કઈ લડકિયાં મિસ મૂમલ બનને કે લીએ હીરની જૈસી આંખો કા લેન્સ લગાતી હૈ, લેકિન મૂમલ બનને કે લીએ નેચરલનેસ જરૂરી હોતી હૈ. મૂમલ રાજસ્થાન કા ગૌરવ હૈ ઔર રાજસ્થાન કી આન,બાન,શાન હરબાર જિન્દા રખની હી હૈ.'

મિસ મૂમલ બન્યા પછી મૂમલની ગરિમા જાળવીને જાહેરજીવનમાં જીવવું પડે છે. મરુસુંદરીને છેલ્લે છેલ્લે પૂછું છું, બિકાનેરની મરુસુંદરીની છેલ્લી મૃગતૃષ્ણા કઈ? જવાબ મળે છેઃ મિસ મૂમલ બન્યા પછી લાગ્યું કે જાણે સ્વયં મૂમલને જ મળી લીધું, હવે કોઈ મૂવીમાં મૂમલનો કિરદાર નિભાવીને મૂમલના અંતરમનમાં ઓગળી જવા માંગું છું.

ખમ્મા ઘણી બાઈસા!

-મો ૯૮૨૫૯૯૬૫૩૯

## ૦૯ માવતરની માવજતઃ ૩, જન્મઃ માત્ર બાળકનો નહીં, માતાપિતાનો પણ...!

**ડૉ. કૃણાલ પંચાલ**

---

આજ સુધી યુવાનીના જોશ સાથે મનમાનીથી જીવતા યુવક અને યુવતી માતાપિતા બનતાની સાથે જ પોતાની જવાબદારીઓ પ્રત્યે સભાન બની જાય છે..! હવે તેને પોતાની પહેલા બાળકનો વિચાર આવે છે..આનાથી મોટું પરિવર્તન બીજું કયું હોઈ શકે ?

જ્યારે કોઈ નવજાત શિશુ આ દુનિયામાં જન્મ લઈને આવે ત્યારે તેનો એકનો જન્મ થતો નથી. અહીં એક સાથે ત્રણ વ્યક્તિત્વનો જન્મ થાય છે. કેમ કે બાળકના જન્મની સાથે માતાપિતાનો પણ બીજો જન્મ થાય છે. આ સમજ જેટલી પાક્કી માતાપિતા તરીકે એટલા સફળ...!

આપણે એ સમજવું પડશે કે, બાળકનો જન્મ એ માત્ર એક શારીરિક ઘટના નથી તે માતાપિતા માટે એક નવા માનસિક, ભાવાત્મક અને આધ્યાત્મિક બદલાવની શરૂઆત છે. જેમાં માતા-પિતા પોતાની નવી ઓળખ ઊભી કરવાની શરૂઆત કરે છે. નવી જવાબદારીઓ સ્વીકારે છે અને જીવનના ઉદ્દેશ્યને નવી દૃષ્ટિએ મૂલવવાનો પ્રયત્ન કરે છે. આજના ઝડપી અને વ્યસ્ત જીવનમાં ઘણા યુગલો માટે સંતાનપ્રાપ્તિ એક સ્વપ્ન જેવું હોય છે. કેમકે જંકફૂડ અને અન્ય કેટલીક આદતો તથા બદલાયેલી જીવનશૈલીને લીધે ફર્ટિલિટી રેટ ઘટી રહ્યો છે. જેના કારણે પ્રેગ્નેન્સી રહેવી એ પણ સફળતાનો એક માપદંડ બની ગયું હોય તેવું લાગે છે..!

જ્યારે માતાપિતા બનવાનું સ્વપ્ન સાકાર થાય છે ત્યારે સઘળું બદલાઈ જાય છે. ખાસ કરીને પહેલા બાળકના જન્મ સાથે માતા-પિતા પોતાની જાતને એકદમ નવા સ્વરૂપમાં જુએ છે. માતા માટે તો આ પરિવર્તન જીવન બદલી નાખે છે. ગર્ભાવસ્થા દરમિયાન શરીરમાં થતા હોર્મોનલ ફેરફારો, ડિલિવરીની પીડા અને ત્યારબાદના દિવસોમાં લાગતો થાક, ઊંઘની ઉણપ અને બાળકની સંપૂર્ણ નિર્ભરતા આ બધું માતાને સાવ બદલી નાખે છે. તે હવે માત્ર પત્ની, બહેન, દીકરી કે નોકરી કરતી એક વ્યક્તિ નથી રહી. તે 'મા' બની ગઈ હોય છે. 'મા' બનવું એ એક એવી ઓળખ હોય છે કે જેમાં પોતાની બધી જ જરૂરિયાતો પાછળ ધકેલાઈ જાય છે અને બાળકની જરૂરિયાત સર્વોપરી બને છે.

મનોવૈજ્ઞાનિકો આ પરિવર્તનને 'મેટરનલ ટ્રાન્સિશન' કે 'મેટરનલ આઈડેન્ટિટી શિફ્ટ' તરીકે ઓળખાવે છે. સંશોધનોમાં સ્પષ્ટ થયું છે કે, બાળકના જન્મ પછી માતાના મગજમાં થતા ફેરફારો તેના સમગ્ર મગજના વાયરિંગમાં આમૂલ પરિવર્તન લાવે છે. માતા બાળકના રડવાના અવાજ પ્રત્યે અત્યંત સંવેદનશીલ બને છે. તેની ગંધ, તેનું હલનચલન આ બધું જ તેને ખૂબ અસર કરે છે. આ બધું એટલા માટે થાય છે કે પ્રકૃતિએ માતાને બાળકની સંભાળ લેવા માટે જ બનાવી છે. પરંતુ આ સાથે સાથે માતા પોતાની જૂની ઓળખને ગુમાવવાનો ભય પણ અનુભવે છે. હું કોણ છું? હવે મારી કરિયરનું શું થશે ? શું મારા પતિ હજુ મને પહેલા જેટલો જ પ્રેમ કરશે ? આવા પ્રશ્નો તેને તેના મનમાં ચિંતાના વાદળો બની ફર્યા કરે છે.

બાળકના પિતા બનવું આ પરિવર્તન પણ એક પુરુષના જીવનનું સૌથી તીવ્ર પરિવર્તન હોય છે. ખાસ કરીને જ્યારે પુરુષ દીકરીનો બાપ બને છે ત્યારે તેની સમગ્ર દૃષ્ટિ,વ્યક્તિત્વ અને સ્ત્રીઓ પ્રત્યેનો દ્રષ્ટિકોણ પણ બદલાઈ

જાય છે. એક પિતા તરીકે જ્યારે પહેલી વખત નવજાત શિશુને હાથમાં લે છે ત્યારે એ જ ક્ષણે પોતાની બદલાયેલી ભૂમિકા વિશે સભાન થઈ જાય છે. પહેલાં તેઓ માત્ર પોતાના અને પત્નીના ભવિષ્ય વિશે વિચારતા હતા તેને બદલે હવે ત્રીજી વ્યક્તિની જવાબદારી આવી ગઈ હોય છે. આ નવું જન્મેલું બાળક જે સંપૂર્ણપણે તેમના પર નિર્ભર છે આથી બેજવાબદારીના દિવસો દૂર થાય છે અને પિતા સ્વયં જવાબદાર હોવાની અનુભૂતિ કરે છે. બાળકના જન્મ બાદ પિતા ઘણીવાર આર્થિક જવાબદારીનું ભારણ વધુ અનુભવે છે. હવે મારે વધુ કમાવું પડશે. બાળકનું ભવિષ્ય સુરક્ષિત કરવા કામે લાગી જવું પડશે. આ વિચારો તેમને રાત-દિવસ ધંધા-રોજગાર તરફ દોડાવે છે. આ સાથે ભાવનાત્મક પરિવર્તન પણ થાય છે. બાળકની સાથે વિતાવેલી સહજ અને યાદગાર ક્ષણો, તેનું હસવું, તેની આંખોમાં જોવું, તેને રમાડવું, સુવડાવવું આ બધું પિતાના હૃદયમાં એક નવી કોમળતા લાવે છે. પિતા તરીકેનો મારો અનુભવ રહ્યો છે કે, બાળકના જન્મ પછી મારામાં વધુ ધીરજ આવી છે. હું વધુ સંવેદનશીલ અને અધિક જવાબદાર બન્યો છું.

બાળકના જન્મ સાથે જોડાયેલું આ પરિવર્તન માત્ર વ્યક્તિગત જ નથી તે સમગ્ર કુટુંબની રચનાને પણ બદલી નાખે છે. પહેલાં જ્યાં દંપતીનો સમય માત્ર એકબીજા માટે હતો તે હવે બાળકકેન્દ્રી બની જાય છે. રાતની ઊંઘનું સમયપત્રક બદલાઈ જાય છે. પરસ્પર વાતચીત ઘટી જાય છે. ઘરનું વાતાવરણ બદલાઈ જાય છે. આ દરમિયાન ઘણી વખત દંપતી વચ્ચે તણાવ પણ આવે છે. ખાસ કરીને પતિ પત્ની માંથી જો એક વ્યક્તિ આળસુ, બેજવાબદાર કે બદલાવનો સ્વીકાર ન કરી શકે તેવું હોય તો ઘરમાં સમસ્યાઓ વધતી જાય છે. કોણ વધુ થાકેલું છે ? કોણ વધુ સંભાળ લે છે ?આવા મુદ્દાઓ પર ઝઘડા થાય છે. પરંતુ જે દંપતી આ તણાવને સમજીને એકબીજાને સમર્થન આપે છે તેઓ વધુ મજબૂત બને છે. તેમના સંબંધો વધારે દ્રઢ બને છે. બાળક તેમને એક નવા પરિવર્તનનો સકારાત્મક સંદેશ લાગે છે.

આજના સમયમાં આગળ કહ્યું તેમ માતાપિતા બનવું એટલું સરળ નથી રહ્યું. નોકરીનું દબાણ, આર્થિક અસ્થિરતા, શહેરી જીવનની એકલતા, સોશિયલ મીડિયા પર બતાવવામાં આવતું પરફેક્ટ પેરન્ટિંગ કન્ટેન્ટ આ બધું નવા માતાપિતા માટે સ્ટ્રેસનું કારણ બને છે. ઘણા લોકો આદર્શ માતાપિતા બનવાના તણાવમાં પોતાની જાતને ભૂલી જાય છે. પરંતુ સાચું વાલીપણું એ માત્ર બાળક માટેની ચોકસાઈ નથી. તે પ્રેમ, સમજણ અને સતત શીખવાની પ્રક્રિયા છે.

બાળક આપણને ઘણું શીખવે છે. ધીરજ, ત્યાગ, નિઃસ્વાર્થ પ્રેમ, વર્તમાનમાં જીવવું આ બધા ગુણો બાળક પાસેથી શીખવા જેવા છે. એક નાનકડું બાળક જ્યારે તમારી આંખોમાં જોઈને હસે છે ત્યારે દુનિયાની તમામ ચિંતાઓ ભૂલાઈ જાય છે. તે આપણને યાદ અપાવે છે કે, જીવનમાં સુખી થવું સૌથી વધુ સરળ છે જો તમે એક બીજાની કાળજી લો છો. છેવટે, બાળકનો જન્મ એ માત્ર એક નવા જીવનની શરૂઆત નથી તે માતાપિતાના પુનર્જન્મની શરૂઆત હોય એવું લાગે છે. આ પરિવર્તન ક્યારેક પીડાદાયક હોય છે તો ક્યારેક આનંદમય પણ તે હંમેશા જીવનને સમૃદ્ધ બનાવે છે. એટલે તો આપણે કહીએ છીએ કે જન્મ એક જ નથી થતો તે ત્રણ જીવના જન્મની પ્રક્રિયા છે. બાળક, માતા અને પિતા..! બાળકનો જન્મ એ માત્ર એક શારીરિક નહીં પરંતુ દૈવિક ચમત્કાર છે..! જે માતાપિતાને નવા જીવનની ભેટ આપે છે.

મો : ૯૪૨૯૨૯૭૭૩૭.

## ૧૦ ઇન્ટર્નશિપ દરમિયાન હાથ ધરેલ ક્રિયાત્મક સંશોધનઃ

**ગોહેલ રાજ મહેન્દ્રભાઈ, માર્ગદર્શક : શ્રી જગદીશગિરિ ગોસાઈ**

---

**૧. સમસ્યાઃ**

'તળાજા તાલુકાના પીપરલા ગામની પ્રાથમિક શાળાના ધોરણ-૮ ના વિદ્યાર્થીઓને ગણિત વિષયમાં એકસમાન લાગતા સૂત્રો સમજવામાં અને લાંબા સમય સુધી યાદ રાખવામાં પડતી મુશ્કેલી.'

**૨. સમસ્યા ક્ષેત્રઃ**

આ સંશોધન કાર્ય જે વિસ્તાર અને મર્યાદામાં હાથ ધરવામાં આવ્યું છે તેની વિગતો નીચે મુજબ છેઃ

● શાળાનું નામઃ પીપરલા ગામની પ્રાથમિક શાળા, તા. તળાજા, જિ. ભાવનગર.

● ધોરણઃ ૮ (આઠ)

● વર્ગઃ અ

● વિષયઃ ગણિત

● મુખ્ય મુદ્દોઃ ગણિતના સૂત્રોના લેખન અને ઉપયોગમાં થતી ભૂલો તેમજ વિસ્મૃતિની સમસ્યા.

● લક્ષિત જૂથઃ ધોરણ-૮ ના એવા વિદ્યાર્થીઓ જેઓ પાયાના ગાણિતિક સૂત્રોમાં વારંવાર ભૂલો કરે છે.

**૩. સમસ્યાના સંભવિત કારણોઃ**

**૧. મનોવૈજ્ઞાનિક કારણો**

● ગણિતનો ભય (Math Anxiety): ઘણા વિદ્યાર્થીઓમાં ગણિત વિષય પ્રત્યે પૂર્વગ્રહ અથવા ડર હોય છે. આ માનસિક ડરને કારણે તેઓ સૂત્રો જોતા જ ગભરાઈ જાય છે, પરિણામે એકાગ્રતાના અભાવે સૂત્રો યાદ રાખી શકતા નથી.

● ગોખણપટ્ટીની વૃત્તિઃ વિદ્યાર્થીઓ સૂત્ર કેવી રીતે બન્યું અથવા તેની પાછળનું તર્ક સમજવાને બદલે તેને માત્ર કંઠસ્થ (ગોખવાનો) કરવાનો પ્રયત્ન કરે છે, જે લાંબાગાળે વિસ્મૃતિનું કારણ બને છે.

**૨. શૈક્ષણિક કારણો**

● પાયાના જ્ઞાનનો અભાવઃ ધોરણ ૬ અને ૭ ના પાયાના ગાણિતિક ખ્યાલો જેવા કે ચલ, અચલ, ઘાત અને ઘાતાંકની સમજ સ્પષ્ટ ન હોવાને કારણે ધોરણ ૮ ના જટિલ સૂત્રો સમજવામાં અવરોધ ઊભો થાય છે.

● મહાવરાનો અભાવઃ 'ગણિત એ ગણવાનો વિષય છે, વાંચવાનો નહીં.' જો વિદ્યાર્થીઓ સૂત્રોનો ઉપયોગ કરીને દાખલા ગણવાનો પૂરતો મહાવરો ન કરે, તો સમય જતાં સૂત્રો વિસ્મૃત થાય છે.

● સંકેતોની અસ્પષ્ટતાઃ સૂત્રમાં વપરાતા વિવિધ સંકેતોના અર્થ અને તેના એકમો વિશેની સમજ સ્પષ્ટ ન હોવાથી વિદ્યાર્થીઓ મૂંઝવણ અનુભવે છે.

**૩. શિક્ષણ પદ્ધતિના કારણોઃ**

● પરંપરાગત શિક્ષણ પદ્ધતિઃ જો સૂત્રોને માત્ર બોર્ડ પર લખીને કે પાઠ્યપુસ્તકમાંથી વાંચીને શીખવવામાં આવે, તો તે નીરસ લાગે છે.

● TLM અને પ્રાયોગિક પ્રવૃત્તિનો અભાવઃ ગણિતના સૂત્રોને જો પ્રાયોગિક રીતે કે પ્રવૃત્તિ દ્વારા સમજાવવામાં ન આવે, તો વિદ્યાર્થીઓ તેના ગાણિતિક માળખાને સમજી શકતા નથી.

૪. પાયાની જરૂરી બાબતો (**Background Information / Data Collection**)

સમસ્યાના મૂળ સુધી પહોંચવા અને માહિતી એકત્રિત કરવા માટે નીચેની પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો:

● વર્ગખંડ અવલોકન:

શૈક્ષણિક કાર્ય દરમિયાન વિદ્યાર્થીઓની ગણિત વિષય પ્રત્યેની રુચિ અને સૂત્રોના ઉપયોગ વખતે થતી મૂંઝવણનું પ્રત્યક્ષ અવલોકન કરવું.

● ગણિતની પાઠ્યપુસ્તક અને સ્વાધ્યાયપોથી:

વિદ્યાર્થીઓ સ્વાધ્યાયપોથીમાં સૂત્રોનો ઉપયોગ કેવી રીતે કરે છે અને તેમાં કેવી ભૂલો કરે છે તેની ચકાસણી.

● પરીક્ષાલક્ષી મૂલ્યાંકન:

એકમ કસોટી કે સત્રાંત પરીક્ષાની ઉત્તરવહીઓના આધારે વિદ્યાર્થીઓને કયા પ્રકારના સૂત્રોમાં વધુ મુશ્કેલી પડે છે તેનું વિશ્લેષણ.

● સાથી શિક્ષકો સાથે ચર્ચા:

અન્ય ગણિત શિક્ષકોના અનુભવો જાણીને વિદ્યાર્થીઓની સામાન્ય ભૂલો સમજવી.

● મૌખિક પ્રશ્નોત્તરી:

વર્ગખંડમાં અચાનક સૂત્રો પૂછીને વિદ્યાર્થીઓની યાદશક્તિ અને આત્મવિશ્વાસનું સ્તર તપાસવું.

**૫. ઉત્કલ્પનાઓ (Action Hypotheses)**

સમસ્યાના નિવારણ માટે નીચે મુજબની ધારણાઓ (ઉત્કલ્પનાઓ) બાંધવામાં આવી છે:

**૧. શૈક્ષણિક ઉત્કલ્પનાઓ (Pedagogical Hypotheses)**

● જો વિદ્યાર્થીઓને ગણિતના સૂત્રોની તારવણી (Derivation) પ્રાયોગિક રીતે સમજાવવામાં આવશે, તો તેઓ ગોખણપટ્ટીને બદલે સમજીને લાંબા સમય સુધી યાદ રાખી શકશે.

● જો દરરોજ શૈક્ષણિક કાર્યની શરૂઆતની ૫ મિનિટ 'સૂત્રગાન' અથવા 'સૂત્રલેખન' માટે ફાળવવામાં આવશે, તો સૂત્રોનું દ્રઢીકરણ ઝડપી બનશે.

● જો સૂત્રોને યાદ રાખવા માટે ફ્લેશ કાર્ડ્સ કે ચાર્ટ્સનો ઉપયોગ કરવામાં આવશે, તો વિદ્યાર્થીઓની વિઝ્યુઅલ મેમરીમાં સુધારો થશે.

**૨. પ્રવૃત્તિલક્ષી ઉત્કલ્પનાઓ (Activity-based Hypotheses)**

● જો ગણિતના સૂત્રોને સંગીતની લય કે જોડકણાં સાથે જોડવામાં આવશે, તો વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક અને આનંદદાયક રીતે સૂત્રો મોઢે કરશે.

● જો વર્ગખંડમાં 'સૂત્ર પેટી' જેવી રમત રમાડવામાં આવશે, તો રમત-રમતમાં સૂત્રોનું પુનરાવર્તન થશે.

● જો વિદ્યાર્થીઓને વાસ્તવિક જીવનના કોયડા ઉકેલવામાં સૂત્રોનો ઉપયોગ કરવાની પ્રેક્ટિસ કરાવવામાં આવશે, તો તેમને સૂત્રોની ઉપયોગિતા સમજાશે.

**૩. ટેકનોલોજીલક્ષી ઉત્કલ્પનાઓ (ICT Hypotheses )**

● જો શૈક્ષણિક સોફ્ટવેર, એનિમેશન કે ઓનલાઈન ક્વિઝ દ્વારા સૂત્રોની સ્પર્ધા યોજવામાં આવશે, તો ડિજિટલ માધ્યમથી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધશે.

● જો વર્ગખંડની દીવાલ પર 'સૂત્ર પ્રદર્શન' તૈયાર કરવામાં આવશે, તો વારંવાર નજર સામે આવવાથી સૂત્રો સહજતાથી યાદ રહી જશે.

**૬. પ્રયોગકાર્યની રૂપરેખાની મુખ્ય વિશેષતાઓ:**

● વૈવિધ્યપૂર્ણ શિક્ષણ: આમાં નિદર્શન, રમત, સંગીત અને ટેકનોલોજીનો સમન્વય કરવામાં આવ્યો છે જેથી દરેક

પ્રકારના વિદ્યાર્થીઓને રસ પડે.

● તુલનાત્મક અભ્યાસઃ પૂર્વ કસોટી અને ઉત્તર કસોટી દ્વારા પ્રયોગની સફળતાનો ચોક્કસ ખ્યાલ આવશે.

● ક્રમબદ્ધતાઃ ૧૫ દિવસના આયોજનમાં પાયાની સમજથી લઈને દ્રઢીકરણ સુધીના તમામ તબક્કાઓનો સમાવેશ થાય છે.

### ૭. પૃથક્કરણ અને અર્થઘટન (Analysis and Interpretation)

પ્રાયોગિક કાર્યના અમલીકરણ બાદ એકત્રિત કરવામાં આવેલી માહિતીનું પૃથક્કરણ કરતા નીચે મુજબના તારણો પ્રાપ્ત થયાઃ

● હકારાત્મક પરિવર્તનઃ

વિવિધ પ્રવૃત્તિઓ અને આધુનિક શિક્ષણ પદ્ધતિઓના ઉપયોગથી વિદ્યાર્થીઓમાં ગણિતના સૂત્રો પ્રત્યેની ગંભીરતા વધી છે.

● ક્રમશઃ સુધારોઃ

શિક્ષકના યોગ્ય માર્ગદર્શન અને સતત પ્રોત્સાહન દ્વારા છેલ્લા બે સપ્તાહમાં વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસ અને યાદશક્તિમાં નોંધપાત્ર પ્રગતિ જોવા મળી છે.

● તાર્કિક સમજઃ

વિદ્યાર્થીઓ હવે સૂત્રોને માત્ર અક્ષરો તરીકે નહીં, પરંતુ એક ગાણિતિક તર્ક તરીકે સમજતા થયા છે, જેનાથી તેમની ભૂલોનું પ્રમાણ ઘટ્યું છે.

### ૮. તારણ અને અનુકાર્ય (Conclusion and Follow-up Work)

**૧. તારણઃ**

સંશોધનના અંતે નીચે મુજબના હકારાત્મક પરિણામો પ્રાપ્ત થયા છેઃ

● ગોખણપટ્ટીમાં ઘટાડોઃ વિદ્યાર્થીઓ હવે સૂત્રોને ગોખવાને બદલે તેની તારવણી અને પાછળના સિદ્ધાંતો સમજવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે.

● ગણિતના ભયનું નિવારણઃ ગણિતના સૂત્રો પ્રત્યેનો ડર કે અણગમો દૂર થયો છે અને વિદ્યાર્થીઓમાં વિષય પ્રત્યે અભિરુચિ કેળવાઈ છે.

● દ્રશ્ય સ્મૃતિનો વિકાસઃ ફ્લેશ કાર્ડ્સ, ચાર્ટ્સ અને એનિમેશન જેવા દ્રશ્ય-શ્રાવ્ય સાધનોના પ્રભાવથી સૂત્રો લાંબા સમય સુધી યાદ રાખવાની ક્ષમતામાં વધારો થયો છે.

● આત્મવિશ્વાસમાં વૃદ્ધિઃ જે વિદ્યાર્થીઓ અગાઉ સૂત્રો બોલવામાં સંકોચ અનુભવતા હતા, તેઓ હવે ક્વિઝ અને અંતાક્ષરી જેવી સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લે છે.

● ચોકસાઈમાં વધારોઃ સૂત્રોમાં થતી સામાન્ય ભૂલો (જેમ કે ચિહ્નોની ભૂલ કે ઘાત લખવાની ભૂલ) માં આશરે ૪૦% થી ૫૦% જેટલો ઘટાડો નોંધાયો છે.

**૨. અનુકાર્ય (Follow-up Work)**

સંશોધન પૂર્ણ થયા પછી પણ આ પ્રક્રિયા સાતત્યપૂર્ણ રહે તે માટે નીચે મુજબનું આયોજન કરવામાં આવ્યું છેઃ

● સતત મહાવરોઃ પ્રયોગ પૂર્ણ થયા પછી પણ દરરોજ પ્રાર્થના સભામાં અથવા ગણિતના તાસની શરૂઆતમાં ૫ મિનિટ 'સૂત્રગાન'ની પ્રવૃત્તિ ચાલુ રાખવી.

● નવીનતમ પ્રયોગોઃ સમયાંતરે નવી પ્રવૃત્તિઓ અને રમતો દ્વારા સૂત્રોનું પુનરાવર્તન કરાવતા રહેવું જેથી વિદ્યાર્થીઓ વિષય સાથે જોડાયેલા રહે.

● પ્રેરણાત્મક વાતાવરણઃ વર્ગખંડમાં 'ફોર્મ્યુલા કોર્નર' જેવી વ્યવસ્થા કાયમી રાખવી જેથી ગણિત વિષયમાં વિદ્યાર્થીઓનો રસ જળવાઈ રહે.

અધ્યાપનમંદિર લોકભારતી-સણોસરા

## ૧૧ અહેવાલ : વાચનયાત્રાની મધુરપ

**લીંબાણી ભૂમિ, પરમાર હેતલ**

લોકભારતી લોકસેવા મહાવિદ્યાલય અને શ્રી સર્વોદય સહકારી પ્રકાશન સંઘના ઉપક્રમે તા.૨૦-૩-૨૬ થી ૨૨-૩-૨૬ બપોર સુધી-અઢી દિવસની વાચન શિબિરનું આયોજન પ્રથમ વર્ષનાં વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે લોકભારતીમાં કરવામાં આવ્યું હતું.

સાંપ્રતમાં વિદ્યાર્થીઓનું વાચન ઓછું થતું જાય છે. ડિજિટલ-મીડિયાના યુગમાં સૌ જીવે છે. AIનો જમાનો ચાલે છે. રિલના જમાનામાં રિયલ-વાસ્તવિકતાથી લોકો દૂર જતા કળાય છે. શિક્ષણમાં જ્યાં વાચન અને વિચારની મહત્તા ખૂબ હોય એ ફિલ્ડમાં પણ વાચનમાં અધૂરપ આવી ગઈ છે. ત્યારે લોકભારતી ગ્રામવિદ્યાપીઠમાં અભ્યાસ કરતા છાત્રો માટે વાચન શિબિરોનું આયોજન થતું રહે છે. જેના કેન્દ્રમાં સદ્‌વાચનનું જીવનમાં મહત્ત્વ શું હોઈ શકે એની સમજણ આપીને...વિદ્યાર્થીઓને પુસ્તકમિત્ર બનાવવાનો હેતુ રાખવામાં આવે છે.

માનવ તરીકે સરસ જીવન જીવવા માટે સારા પુસ્તકોનો સંગાથ અને સદ્‌વિચારોનું આચરણ મહત્ત્વનું હોય છે. આ સંદર્ભે ગાંધીજી પુસ્તકનું મહત્ત્વ સમજાવતા કહે છે કે, 'પુસ્તકનું મૂલ્ય રત્ન કરતા અધિક છે. રત્ન બહારની ચમક બતાવે છે, જ્યારે પુસ્તક અંતઃકરણને ઉજ્જ્વળ કરે છે.'

તેવી જ રીતે લોકમાન્ય તિળક પુસ્તક વિશે જણાવતા કહે છે કે,

'હું નરકમાં પણ સારા પુસ્તકોનું સ્વાગત કરીશ, કારણકે તેમનામાં એટલી શક્તિ છે કે તે જ્યાં જશે ત્યાં આપોઆપ સ્વર્ગ બની જશે.'

આ અઢી દિવસની વાચનયાત્રામાં મનગમતા પુસ્તકોનો રસથાળ પીરસવામાં આવ્યો હતો. દરેક વિદ્યાર્થી ભાઈ-બહેનોને ગમતું પુસ્તક વાચન-ભાવન કરવાનું કહેવામાં આવ્યું હતું. જેમાં નવલકથા, આત્મકથા, નિબંધો, પ્રવાસ,મનોરંજન વગેરે ક્ષેત્રના પુસ્તકો આપવામાં આવ્યા હતા. દરેક છાત્રોએ સ્મૃતિભવનમાં પલાઠી વાળીને વાચન કર્યું હતું.

વાચન એક અજોડ અને રસપ્રદયાત્રા છે, જેમાં માણસ પોતાના સ્થાન પર બેઠો હોવા છતાં વિચારોના વિશાળ વિશ્વમાં ફરવા નીકળે છે. પુસ્તકો આપણને નવી જગ્યાઓ, નવા લોકો અને નવા અનુભવો સાથે જોડે છે. વાચન દ્વારા આપણે ઇતિહાસ, વિજ્ઞાન, કલા અને જીવનના અનેક પાસાઓને સમજી શકીએ છીએ. પુસ્તકોનું ભાવન માણસની વિચારશક્તિને વિસ્તારે છે, એનો ચેતોવિસ્તાર કરાવી, કલ્પનાશક્તિને સમૃદ્ધ બનાવે છે.

પુસ્તકમાંથી મળેલ-આચરણ કરેલ વિચારથી માણસ વ્યક્તિત્વને સરસ કરી શકે છે. આ વાચનયાત્રામાં દરેક પાનું એક નવી દિશા બતાવે છે અને દરેક પુસ્તક જીવનને સમજવાનો એક નવો દ્રષ્ટિકોણ આપે છે. તેથી વાચન માત્ર સમય પસાર કરવાનું સાધન નથી, પરંતુ આત્મવિકાસ અને જ્ઞાન મેળવવાનો ખજાનો છે. પુસ્તક વિશે અંગ્રેજી કવિનું કથન છે કેઃ

'My never failing friends are they, With whom I converse day by day.'

એટલે કે, સારા પુસ્તકોએ કદાપી છેહ ન દે એવા સંમિત્રો છે. મિત્રો વચ્ચે તો મતભેદ પણ પડે અને એકબીજાથી તેઓ જુદા પણ પડી જાય છે. પણ પુસ્તકો એવા મિત્રો છે કે જે કદી છેહ દેતા નથી. તમે એની સાથે દિવસોના દિવસો સુધી જ્ઞાનગોષ્ઠિ કર્યા જ કરો પણ એ થાકતા નથી.

જગતના મહાપુરુષોનો જીવન સહવાસ સૌને મળવો અશક્ય છે. પણ પુસ્તકો દ્વારા આપણે એમનો સૂક્ષ્મયોગ સાધી શકીએ છીએ. એ રીતે વાચન એ માનસિક મિલન કે

આત્મપૂજા છે. જેમાં કોઈ સ્થૂલમૂર્તિની નહીં પણ અક્ષરરૂપની ભાવના રહી છે.

અમારી વાચન શિબિરની પાંચ બેઠકમાં અભ્યાસુ વક્તાઓએ સદ્‌વાચન વિષયક સરસ પ્રેરક વાતો મૂકી હતી. પ્રથમ બેઠકમાં પુસ્તકોના સંગી શ્રી મહેન્દ્રસિંહ પરમારે ‘પુસ્તકોનું વાચન એ પાંચેય જ્ઞાનેન્દ્રિયોની ધાર કાઢવાની ક્રિયા છે.’ એ સમજાવીને સાહેબે બે વાર્તાઓનું પઠન કરી વિદ્યાર્થીઓને વાર્તાપઠનની કળા પણ દેખાડી હતી. જેથી અમે લોકો એમાંથી બોધપાઠ લઈ શકીએ.

દરેક બેઠકમાં એક વકતાએ વાચનની પરબથી મળતી તૃપ્તિની વાત કરી હતી. પ્રા. શ્રી વિશાલભાઈ જોષીએ વાચનને ‘કૃતિ’ અને ‘પ્રકૃતિ’ સાથે જોડીને માણસને સંવેદનશીલ બનાવતું દર્પણ કહ્યું હતું. પ્રા.શ્રી નીતિનભાઈ ભીંગરાડીયાએ પ્રાશ્વાત્ય સાહિત્ય અને ગુજરાતી સાહિત્યની કૃતિઓની વાતો મૂકી, કેવું પુસ્તક વાંચવું જોઈએ એ તરફની સમજણ આપી હતી. અમદાવાદથી આમંત્રિત વક્તા શ્રી રમેશભાઈ વિરમગામીએ ‘ઉકરડી દેવી’ વાર્તાનો રસાસ્વાદ કરાવીને છાત્રોને મજા કરાવી હતી. અંતિમ બેઠકમાં ડૉ. દિનુભાઈ ચુડાસમાએ પુસ્તક વાચન સાથે સદ્‌વિચારોનું જીવનમાં આચરણ કેમ,કેવી રીતે કરી શકાય એની રસપ્રદ શૈલીમાં વાતો મૂકી આપી પ્રસન્નતાનો સંસ્પર્શ કરાવી આપ્યો હતો.

શિબિરના આરંભમાં કે સમય મળતાં શ્રી રામચંદ્રભાઈ પંચોળી પુસ્તક વાચનની પ્રક્રિયાની મજાની વાતો કહેતા હતા. લોકભારતીના દાદાઓની વાચન ટેવો રજૂ કરી વિદ્યાર્થીઓને લોકભારતીના વારસા સાથે અનુબંધ કરી દેતા હતા.

જો આવી વાચન શિબિરો ધોરણ ૮ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની યોજવામાં આવે તો તેઓનો પુસ્તક પ્રત્યે અને વાચન પ્રત્યે ઘણો રસ કેળવાય. દરેક શાળા અને કૉલેજએ પોતાના છાત્રો માટે વાચન શિબિરનું આયોજન કરવું જોઈએ જેથી શિક્ષકો અને વિદ્યાર્થીઓની પુસ્તક તરફ મૈત્રી કેળવાય. અમને લાગે છે કે દરેક ઘરમાં માતાપિતાએ ઘરના વાતાવરણમાં પુસ્તકોને એકરૂપ કરી દઈને બાળકોને પુસ્તક તરફ સહજ અભિમુખ કરવા જોઈએ. એજ રીતે વિદ્યાર્થીઓ જો શિક્ષકો પાસેથી વર્ગમાં ઉત્તમ પુસ્તકો વિશે જાણે-માણે તો પુસ્તકો વાચન કરવા પ્રેરાશે.

શ્રેષ્ઠ પુસ્તકોનો મહિમા તો અપરંપાર છે. મહાત્મા ગાંધીજી પુસ્તક મહિમા વિશે લખે છે કે : ‘સારા પુસ્તકો મિત્ર સમાન છે. માનવ જીવનમાં ધન મુખ્ય નથી, ધર્મ મુખ્ય છે. હું માનું છું કે સારા પુસ્તકોના વાંચનનો શોખ છે તે ગમે તે જગ્યાએ એકાંતવાસમાં સહેલાઈથી બેસી શકે છે. વાંચનનો હેતુ જ્ઞાનગ્રહણ કરવું અને તેમાંથી બોધ લેવો છે.

પુસ્તક વાંચન જીવનની સમજણ અને સંસ્કારી જીવન કેમ જીવવું એનો દિશા નિર્દેશ આપે છે. શિબિર દ્વારા અમને નવી જાણકારી પ્રાપ્ત થઈ અને વાચનની સારી આદત વિકસાવા પ્રેરણા મળી. આ અનુભવ અમારા જીવનમાં ઉપયોગી બનશે અને અમને વધુ વાચન તરફ પ્રેરિત કરશે. લોકભારતીના સુંદર પરિસરમાં યોજવામાં આવેલી આ શિબિર અમને જીવનભર યાદ રહેશે. આવી શિબિરનું આયોજન સતત થતું રહે તે જરૂરી છે.

આજે જયારે સમય ખૂબ બદલાતો જાય છે. લોકો પાસે દોડાદોડીમાં નિરાતનો સમય નથી, ટેકનોલોજીએ માણસને વ્યસ્ત કરી દીધો છે. અનેક પ્રકારની ઝંઝાળોમાં માણસ અટવાતો જાય છે. ત્યારે આવી વાચન શિબિરો ખૂબ યોજવામાં આવે તો ફરી વાચન તરફ,પુસ્તકો પ્રતિ વિદ્યાર્થીઓ દોરાય. આખરે તો પુસ્તક જ એવો ખરો મિત્ર છે જે કદીયે માણસનો ભરોસો ભેલાડતો નથી.

વાચન શિબિરનું સમગ્ર સંકલન-વ્યવસ્થાપન શ્રી સર્વોદય સહકારી પ્રકાશન સંઘના વડીલ શ્રી રામચંદ્રભાઈ પંચોળી તેમજ લોકસેવાના મહાવિદ્યાલયના ઇ.ચાર્જ આચાર્ય શ્રી ધીરુભાઈ રાઠોડના માર્ગદર્શનમાં શ્રી જગદીશભાઈ બોરીંચા, શ્રી દિનુભાઈ ચુડાસમા અને શ્રી રવિભાઈ ચૌહાણએ સંભાળ્યું હતું. અંતમાં કવિવર રવીન્દ્રનાથ ટાગોરનુ સ્મરણ કરીને ગુરુદેવનો એક વિચાર સૌ માટે : ‘ધનબળ, શક્તિબળ, આયુષબળ એ સૌ બળ કરતા ગ્રંથબળ સામાન્ય બળ નથી.’

લોકભારતી માતૃસંસ્થાને પ્રણામ.

વિદ્યાર્થિનીઓ, પ્રથમ વર્ષ- લોકસેવા મહાવિદ્યાલય

## ૧૨ ક્યે દા'ડે છૂટીશું...

**હીરજી ભીંગરાડિયા**

"અલ્યા રવજી ! છેલ્લા ત્રણ-ચાર દા'ડાથી "આજ નહીં, કાલે વાત...આજ નહીં, આવતી કાલે વાત" એમ કર્યે જા છો તે તારે ટ્રેક્ટર હાંકી દેવું છે કે નહીં ? તારા ભરોહે તો ભલામાણહ મેં બીજાને કીધું નથી ! હવે આવતી કાલે સવારમાં તારું નાનું ટ્રેક્ટર લઈને આવી જા તો કપાહના ચાહની પડખામાં ખાતર વાવી દઈએ. આ જો, માથા ઉપર મે જળુંબી રહ્યો છે, ક્યારે ટૂટી પડે એનું કંઈ કહેવાય નહીં. જો આવી જાહે ને, તો તો પછી વરાપ થાતાં લાગી જાહે વાર, અને કપાહના છોડવા થઈ જાહે મોટા, એટલે પછી એમાં ટ્રેક્ટર હાંક્યે ડાળ્યું જાય ભાંગી, અને આ ખાતર વાવવાનો આપણો કાર્યક્રમ જ બંધ રાખવાનો થાહે. માટે કાલે મારો વારો લઈલે ભૈલા !" સાંજના રવજીને ઘેરે જઈ કરશનકાકાએ તાકીદ કરી.

"ના, કરશનકાકા કાલ નહીં ! કાલ તો છે "અગિયારશ" ! તમે બમણું ભાડું આપો તોયે અગિયારશ હું નહીં ભાંગુ ! મારું નીમ છે કાકા કે "અગિયારશ" અને "અમાહે" તો અગતો પાળવાનો જ !" રવજીએ કરશનકાકાની શરમ નો ભરી તે બસ નો જ ભરી ! અને કુદરતને કરવું છે તે કરશનકાકાને બીક હતી એવું જ થયું ! બીજે દિવસે સાંજકનો વરસાદ શરૂ થયો તે ચાર દિ' સુધી લાગલગાટ વરસ્યો ! રવજીની અગિયારશનો અગતો રવજીને તો ફળતા ફળશે પણ કરશનકાકાને તો સરખાઈનો નડી ગયો !

મિત્રો ! આપણે ખેડૂતોમાં સુધી આવા અગિયારશ અને અમાસના અગતા પળાતા હતા. તે દિવસોમાં સાંતી-કોસ અને મુસાફરી જેવા બધા કામો બળદ માથે હતાં. એટલે ક્યારેક એને થોડોક થાક-પોરો ખાવા મળે એવી એની પાછળની દ્રષ્ટિ હતી. પણ આજ તો હવે મશીનથી-ટ્રેક્ટરથી ખેતીકામો કરવાના થાય છે એમાં વળી "અગતા"ની જરૂર શી ? કહેશો ! ગામડાંમાં અને એમાંયે ખેડૂતસમાજમાં તો આવા કેટકેટલાય વહેમો ને અંધશ્રદ્ધાનું પાલન-પોષણ થઈ રહ્યું છે. કહો ! કોની વાત કરવી ને કોની ન કરવી?

હા, અગતા પાછળનું કોઈ વ્યાજબી કારણ હોય તો જરૂર પળાય. જેમકે અમારા વિસ્તારમાં "ઢસા ગામ" અને "ઢસા વીશી" એવા નામની બે મોટી વસ્તિ છે. બન્ને કસબાની પંચાયતો પણ અલગ અલગ છે. એકમાં અગતો રખાય છે "અમાસ" નો અને બીજામાં પળાય છે "પૂનમ" નો ! પણ એ એટલા માટે કે બન્નેની બજારોમાં આસપાસના ગામડાંઓનું હટાણું જબરું છે. એટલે બધા ધંધાદારીઓને મહિનામાં આવી રજા હોય તો વ્યાપાર-ધંધા બંધ રાખી, અન્ય કામો કરી શકે તે છતાં કોઈ બહાર-ગામડેથી ખરીદીઅર્થે આવી ચડનારને ખોટો ધક્કો ન થાય ! ઢસા ગામની બજારોમાં રજા હોય તો ઢસા સ્ટેશન ખુલ્લું હોય અને ઢસા સ્ટેશનમાં રજા હોય તો ઢસાગામ ખુલ્લું હોય,બન્ને ગામ બાજુબાજુમાં સાવ અડીને છે તેથી આ બન્નેના અગતા સૌને નડતરરૂપ નથી

મૃત્યુ પ્રસંગે "મોટી કાણ્ય"નો દેખાડોઃ અમારા પાડોશીના સગામાં એક વૃદ્ધદાદાનું મોટું ગામતરું થયું. તો અમારા પાડોશીએ તો "તમારે બે જણાએ ખોટક્યાના કામે આવવાનું," એવું કહી કહી ૨૦-૨૨ જણાને તૈયાર કર્યા, મોટું વાહન બાંધી ખરખરે જઈ આવી ગયા. હવે તમે જ કહો, કોઈનું મૃત્યુ થાય એટલે એના નજીકના સગા-સંબંધી

હોય તેઓને ફરજ પડે કે સગાંના દુઃખમાં ભાગીદાર થવા- કંઈક આશ્વાસન દેવા જવું જોઈએ. પણ ''મોટી કાણ્ય''નો દેખાડો કરવા જેઓને આ મૃત્યુ સાથે કંઈ લેવાદેવા નથી એ બધાનો સમય અને ગાડીભાડાનો વેડફાટ કરાવવાનો કંઈ અર્થ ખરો ? જ્યારે ને ત્યારે આવી ''કાણ્ય'' ની ઢાલો ઊભી જ હોય !

વૈતરણી તરવા ગાયને પૂંછડે પાણી ? એક દિવસ કે જેટલા દિવસ ''બેસણું'' રાખ્યું હોય તેટલા દિવસ કાણ્યે આવતા આદમી માથે ફાળિયાં ઓઢી લાંબે રાગે રોતા રોતા આવે અને બૈરાંઓ તો છાતી કૂટતી આવે એવો રિવાજ ખોટો દેખાડો નથી ? અને ''પાણીઢોળ'ની વિધિ વખતેય એવો ફજેતો કરવાનો, કે વાછરડીની ડોકે સાતધાનની પોટલીઓ ટીંગાડી કુટુંબીજનોએ એને પૂંછડે પાણી રેડવા ક્યાંય ક્યાંયથી આવી જવાનું ! કહેવાય છે કે આમ કરવાથી સદગત વૈતરણી પાર ઉતરી જાય, બોલો ! કોણે ભાળી છે વૈતરણી, કોઈ કહેશો ? બધું ગપેગપ કે બીજું કાંઈ ?

અને પાછો મરણ પછીનો રિવાજ તો જુઓ ! પાણીઢોળને દિવસે ''સોગ'' ભાંગ્યા પછી પાછા કારજ નિમિત્તે સૌએ ભેગા મળી લાડવા દાબવાના ! ''મૃત્યુ'' એ તો દુઃખનો પ્રસંગ છે. તે પછી મૃત્યુ ભલેને વૃદ્ધદાદા કે દાદીનું થયું હોય ! એ ઘટના દુઃખદ જ ગણાય. પહેલાં તાણી તાણીને રડી લેવાનું અને પછી ધરાઈ ધરાઈને મિઠાઈ ઝાપટવાની? સગા-સ્નેહી-સંબંધી આપણા દુઃખમાં ભાગ પડાવવા આવ્યા હોય તે યોગ્ય છે, તેઓ પણ પ્રસંગની ગંભીરતા જાણી ''સાદા રોટલા'' જ જમે અને જમાડાય. વિચિત્રતા તો એવી છે કે જે કેટલાક પૈસેટકે થોડા માતબર હોય એતો વળી ''ગળી કાણ્ય'' નો કાર્યક્રમ આદરે ! મોઢે આવેલાને બધાને તાણ્ય કરી કરીને મિષ્ટાન જમાડીને પછી જ જવા દે,બોલો !

ઉદાહરણરૂપ માલપરાગામનો રિવાજ : અમારા ગામ માલપરામાં સ્વર્ગસ્થ માટલિયાભાઈના તપ થકી ગ્રામસમાજમાં કેટલાક સંસ્કારો ઘડાયા છે, તેમાં આ ''કારજ-દાડા''માંથી મોટાભાગના લોકો મુક્ત થયા છે, એની પાછળની પાક્કી સમજણ બસ એ જ કે ''મૃત્યુ પાછળ મિજબાની'' ન હોય ! એની પાછળ બીજો પણ શુભ હેતુ સમાયેલો એ છે કે ''દાડા'' જેવા ખોટા રીત-રિવાજમાં પૈસા ખરચવા એના કરતાં કોઈ સારા ગામાયત કાર્યમાં જ ન ખર્ચીએ ? અને એ નિમિત્તે કોઈ બસસ્ટેંડ, કોઈ હવાડા ઉપર છાંયો, કોઈ વળી પાણીનું પરબ કે શાળામાં વોટરકૂલર, ગ્રામ-પ્રવેશદ્વાર કે મકાનો બાંધવા જેવા કાર્યોમાં યથાશક્તિ યોગદાન આપી રહ્યા છે.

અમારી જ વાત કરું તો અમારા માતુશ્રી દિવાળીબાનું અવસાન થતાં વાછરડીનાં પૂંછડે પાણીયે નથી રેડ્યું કે નથી ગાદલું-ગોદડું-ચાદર-ઓશિકું-લોટો-ચમ્પલ-છત્રી-ફળો જેવી ચીજવસ્તુઓ મૂકીને ખાટલોએ કળપ્યો ! કે નથી લાડવાવાળો દાડોયે કર્યો. હા, બા-બાપાની સ્મૃતિરૂપે અમે એમનાં સંતાનો જ્યાં ભણીને શિક્ષણ-સંસ્કાર પામ્યાં તે વાત્સલ્યધામ લોકશાળામાં વિદ્યાર્થીઓના અભ્યાસમાં અનુકૂળતા થાય તે અર્થે ત્રણ વર્ગખંડો બંધાવી આપ્યા, અને દર વરસે એમની નિર્વાણતિથિએ કુટુંબી ભેળાં થઈ તેમના ગુણસ્મરણનો કાર્યક્રમ રાખતા હોઈએ છીએ.

''લીલ પરણાવવી'' : હજી એક એવોએ રજા દીધા જેવો રિવાજ છે કે કોઈ અપરણિત છોકરો, યુવાન કે ભલેને સાઈઠ છાંડી ગયેલ આધેડ હોય પણ પુરુષ જાતિ જ હો ! કોઈ દીકરી, કે સ્ત્રી લગ્ન થયા વિના મૃત્યુ પામે તો પાછું નહીં હો ! એના લગ્ન ન થયેલ હોય અને મૃત્યુ થયું હોય તો તેની પાછળ ''લીલ પરણાવવી'' પડે. અને એમ ન કરાય તો મરનારનો આત્મા અવગતે જાય ! જે રીતની લગ્નમાં વિધિ હોય એ રીતે જ ડાભડા-એક પ્રકારનું ઘાસના વર-કન્યા બનાવી, એમાં મરનારના આત્માનું નિરૂપણ કરી રીતસર ફેરા ફેરવી લગ્ન કરવાનો રિવાજ છે. બોલો, આવું કરવાનો કોઈ અર્થ ખરો ? માનસમાં ઘર કરી ગયેલ વહેમ કે બીજું કાં? સમયની બરબાદી,નાણાંનો વેડફાટ અને બુદ્ધિનું

દેવાળું નહીં તો બીજું શું કહેશું કહો !

સુરધન-શિકોતર રૂપે ગોંખલા પૂજવા : માનો કે કોઈનું કોઈ પણ જાતના અકસ્માતે મૃત્યું થયું ? તો તેના મનમાં અધૂરી રહી ગયેલી ઈચ્છાઓની પૂર્તિ માટે ભૂવાને બોલાવી-માંડવો નાખી-દાણા જોવરાવી એને "સુરધન-શિકોતર" સ્વરૂપે ગોંખલામાં બેસાડી કાયમખાતે ભૂવા કહે એમ એની સરભરા કર્યા કરવાની, અને માનો કે કુટુંબમાં કોઈ સભ્ય જરા સાજા-માંદા થયા કે કોઈ કામમાં નબળું પરિણામ મળ્યું ? તો તરત બોલાવો ભૂવાને, અને કરો માંડલું, જૂઓ દાણાં ! શોધો, આપણને કોણ નડે છે ? અને એ શોધવામાં ઢોંગી ભૂવાને રળાવ્યા કરવાનું અને પોતાના મગજને કાયમ આવા વહેમના બાનમાં રાખતા રહેવાનું !

અમારે ઘેર ચોસલામાં પણ મકાનની ઓંશરીના ભડે એક ગોંખલો હતો. એ ગોંખલા ઉપર એક પડદો હતો. એ પડદો ખુલ્લો હોય ત્યારે મારાં બાને એની લાજ કાઢવાની થતી. કારણ કે એમાં "સુરધનદાદા" બેઠેલા હતા. અને ઘરની પછીતે એક ગોંખલો હતો તેમાં "શિકોતરમા" બેઠેલા હતા. હું ત્યારે માલપરે માટલિયાભાઈની લોકશાળામાં ૮મું ધોરણ ભણતો હતો. મેં માટલિયાભાઈને સૂરધન-શિકોતરની વાત કરી. તો મને કહે "આપણે આગ્રા-ગંગાજીના પ્રવાસે જઈએ ત્યારે સાથે લઈ લેજે-ગંગાજીમાં પધરાવીને તેનો મોક્ષ કરી દઈશું." મેં ઘેર વાત કરી તો કાકાએ તો ભૂવાને બોલાવ્યા. દાણાની એકી-બેકી કરીને ભૂવો કહે, " જો છોકરા ! સુરધનદાદા સામાપૂરે હાલે તો મૂર્તિઓ સોનાની કરાવવી પડશે !" મારા બાપા કહે, "કંઈ વાંધો નહીં બેટા ! એવું થાય તો પાછા લાવજે". હું તો ખાદીના રૂમાલમાં વીંટી, કપડાના થેલામાં મૂકી સાથે લઈ ગયો અને ૩૨ વિદ્યાર્થીઓની સાક્ષીમાં ગંગાના વહેણમાં તરતા મૂક્યા,એ કંઈ સામાપૂરે ન હાલ્યાં, તણાઈ ગયા ! અમારા કુટુંબમાંથી સુરધન-શિકોતરનો વહેમ પણ કાયમ ખાતે તણાઈ ગયો.

પિતૃઓને પાણી પાવું : ગામડાંઓમાં તો એક એવોએ રિવાજ છે કે ભાદરવી અમાસના દિવસે હાથમાં ઝારી-લોટા લઈ ધરો, બોરડી, પીપળે, વડલે, નદીને કાંઠે, ગાયોનો ગોંદરે વગેરે સ્થળે પિતૃઓને તૃપ્ત કરવાના બહાને પાણી રેડવું જોઈએ. સંત એકનાથજીએ આવું જોયું તો નદીના વહેણમાં ઊભા રહી ખોબલે ખોબલે દક્ષિણ દિશામાં પાણી ઉડાડવા માંડ્યા. કોઈકે કહ્યું કે "એકનાથજી ! આ શું કરો છો ?" તો એકનાથજી કહે, "મારું ખેતર આ બાજુ છે એને પાણી સિંચું છું." તો પેલો જણ કહે " આ તમારું ખોબે ખોબે ઉલેચેલું પાણી એટલે દૂર થોડું પહોંચે ?"ત્યારે એકનાથજીએ કહેલું કે "ભલાભાઈ! મારું ખેતર તો નજીક જ છે, જો મારું ઉલેચેલું પાણી ત્યાં ન પહોંચવાનું હોય તો તમારા વડવાઓને એટલે બધે દૂર તમે આ રીતે રેડો છો તે થોડું પહોંચતું હશે ?" વડવાઓને પાણી તો જીવતેજીવ તેમણે માગ્યું ત્યારે પાયું હોય તો તેમનો કોઠો ઠર્યો હોય ! બાકી શું અર્થ છે આવી રીતે આવા વહેમ અને રીતરિવાજોની પાછળ સમય અને મગજ ખોયા કરવાનો ?

લીંબું-મરચાં અને ઘોડાનો નાળ દરવાજે ટીંગાડવાઃ એક દિવસ વન-પર્યાવરણ અંગેની એક મિટિંગમાં અમે ૫-૭ ખેડૂતો પાલીતાણા જઈ રહ્યા હતા. રસ્તામાં રોડ ઉપર જ ૩-૪ મોટર-કાર ઊભેલી જોઈ અમે પણ "શું છે?" એ જાણવા જીપ ધીમી પાડી-ઊભી રાખી અને જોયું તો એક ઘોડાગાડીવાળો હાથમાં ઘોડાના પગેથી નીકળી ગયેલો "નાળ" હાથમાં ઉંચો રાખી, સૌને દેખાડી, "ઘેરે નાળ ટીંગાડી રાખવાથી થતા ફાયદા" વર્ણવી નાળનું વેચાણ કરતો ભાળ્યો. અમારા માહ્યલા કોઈને તો આવી હંબક વાત ગળે થોડી ઉતરે ? અમે તો ત્યાંથી ચાલતી પકડી. પણ અમારા માહ્યલા ઠાકરશીભાઈ કહે "હીરજીભાઈ ! તમે ભલે ન માનો, પણ દરવાજે ઘોડાનો "નાળ" અને લીંબું-મરચા ટીંગાડવાનો જો કંઈ લાભ ન હોય તો મોટા મોટા ડાક્ટરો અને શેઠિયાઓ પોતાના દવાખાને કે ઓફિસોમાં શું કામ

ટીંગાડતા હોય ?'' મેં કહ્યું કે ''ઠાકરશીભાઈ ! ડાક્ટરો કે શેઠિયા થઈ ગયા એટલે આવા વહેમોમાંથી નીકળી ગયા હોય એમ માનવું ભૂલ ભરેલું છે. તમને તો ગળે ઉતરે છે ને કે ઘોડાનો નાળ કે લીંબું-મરચાં તો શું, ઘોડાગાડીનું આખું પૈડું અને લીંબું-મરચાની આખી ગાંહડી બારણે ટીંગાડીએ તોયે વિના પુરુષાર્થે ક્યાંય રોટલા મળતા નથી ! એવું કરતા હોય એને કરવા દ્યો. આ જમાનો હવે ઘોડાના નાળ કે લીંબું-મરચાં ટાંગવાથી થાવાવાળી પ્રગતિનો નથી રહ્યો. કૉમ્પ્યૂટર અને ઇંટરનેટનો જમાનો આવી ગયો છે મિત્રો ! આપણે હજુ એવા વહેમોમાં જ રચ્યાપચ્યા રહેશું તો ખરેખર કરવા જેવા કામો કરવાનો ગાળો જ નહીં મળે ભાઈઓ ! એમાંથી જલ્દી બહાર નીકળીએ''

આવા વહેમોયે પાર વિનાના : અરે ! કેવા કેવા વિચિત્ર વહેમો અને રીતરિવાજો આપણાં માનસમાં ઘર કરી ગયા છે કે ન પૂછો વાત ! ગામતરે જવા નીકળીએ અને બિલાડી આડી ઉતરે કે-કૂતરું કાન કરે કે વેળા-કવેળાનો વખત હોય અને જો ચીબરી બોલી ઊઠે તો ખલાસ ! ભારે અપશુકન જ થયા ગણાય. બિલાડી તો આપણાં ઘરોમાં રહેનારો જીવ છે, શું એને હરફર નહીં કરવાની ? એ ન આડી ઉતરે તો શું સાવજ-દીપડા આડા ઉતરે ? અને ચીબરી તો ખેતીપાકોનો રાતનો રખેવાળ હોઈ, એ તો ખેડૂતની સહેલી ગણાય. એની હાજરી તો આપણી મોલાતોને ઉંદર જેવા રાની જીવોથી રક્ષણ આપનાર છે. એ બોલે એ તો ખેડૂતને મન શુકન થયા ગણાય.

''શનિવાર'' તો કહે હનુમાનદાદાનો વાર. ''દેવદેરાં ચડાય પણ હનુમાનની હડિયે ન ચડાય'' કંઈ વાંધો નહી, આપણે શનિવારે વાળ ન કપાવવા, નખ ન કાપવા કે એક દિ' માથામાં તેલ ન નાખવું. દિ'નો ક્યાં દુકાળ છે ? બાકીના છ વાર છે, બીજો કોઈ વાર પસંદ કરવો. પણ ખિજડે મામો બેઠો હોય, પીપળાના ઝાડવે ભૂત હોય કે આંકડોનો ચૂલાપાયો ન કરાય-એ પાછી સારી વાત છે. એ ખોટા વહેમ નથી, પણ એ પર્યાવરણરક્ષાના હેતુસર વૃક્ષોને બચાવવા માટેની એ કહેતી છે.

ગાય-બળદ ખરીદવાના હોય કે ટ્રેક્ટર જોડાવવાનું હોય, કૂવો ગાળવાનો હોય કે મકાનના પાયા છાપવાના હોય, તિથિ-વાર-ને ચોઘડિયાનો મેળ કરવામાં શું કામ વખત ગુમાવવો, કોઈ કહેશો ? પૂરા મનથી કોઈ કામની શરૂઆત કરીએ તો એમાં સફળ થવાના જ હોઈ એ, ઠાલું મુહૂર્ત જોવરાવ્યે શું વળે ? દેખીતી રીતે એના થકી થતું નુકશાન ભલે ન ભળાતું હોય, પણ એનાથી નુકશાન શું થાય તે કહું? એનાથી મનની નબળાઈ વધે છે. સ્વપુરુષાર્થ પરનો ભરોસો ઘટે છે. ''કામ પાર પડશે જ'' એવી દ્રઢતા ઓછી થાય છે.

આપણો વિશ્વાસ આપણી જાત ઉપરથી ખસીને પેલા સારા મૂહૂર્ત ઉપર ચાલ્યો જાય, એ આપણી નબળાઈ જ ગણાય. લગ્નો તો સારું મૂહૂર્ત જોઈને જ કરાતાં હોય છતાં છૂટાછેડા થતાં જ હોય છે. આવા વહેમમાંથી મુક્ત થવાનો કુટુંબને દાખલો બેસાડવા જ અમારા સંયુક્ત કુટુંબના એક દીકરાના લગ્ન બીજા કોઈ ન કરે તેવા ''ધોકા'' એટલે કે દિવાળી અને બેસતા વર્ષના વચ્ચેના દિવસે ખાસ કમૂર્તુ જોઈને કર્યા ! એમનો ઘરસંસાર આદર્શ દાંપત્યને રૂપે વહી રહ્યો છે.

આ ૨૧મી સદી વિજ્ઞાનયુગની ચાલી રહી છે. છતાં આપણે ત્યાંના ભણેલા કલાકારો, ક્રિકેટરો,રાજકારણીઓ, વિજ્ઞાનીઓ અને મોટા મોટા ખેરખાંઓ પણ ખોટા વહેમો અને અંધશ્રદ્ધામાં ગરકાવ થયેલા ભળાય છે.આ સાચા શિક્ષણની નિશાની નથી. પોતાના પુરુષાર્થ પર જીવનારો ખેડૂત શું આમાંથી બાકાત નહીં રહી શકે ? કહેતી છે; મન હોય તો જરૂર માળવે પહોંચાય હો મિત્રો ! દ્રઢ સંકલ્પ શું નથી કરી શકતો ?

-મો-૯૩૨૭૫૭૨૨૯૭

## ૧૩ સ્વર્ગમાં પ્રવેશ...

**ડો. બી. એમ. શેલડિયા**

મે સાંભળ્યું છે કે એક સાધુ, એક ફકીર મર્યા. તેણે જીવનમાં કોઈ પાપ કર્યું હતું નહીં. જીવનનું પ્રત્યેક ડગલું સંભાળીને ભર્યું હતું. નાની-એવી પણ ભૂલ કરી નહોતી. તે બિલકુલ નિશ્ચિત હતા કે સ્વર્ગનાં દ્વારે પરમાત્મા મારું સ્વાગત કરવા તૈયાર હશે. નિશ્ચિતતા સ્વાભાવિક હતી. જીવનભર તેણે કષ્ટો સહન કર્યાં હતાં. અને પુરસ્કારની માંગ હતી. સ્વાભાવિક રીતે જ અક્કડ પણ હતા. જ્યારે તે સ્વર્ગના દરવાજે પહોંચ્યા, તો મસ્તક નમાવીને સ્વર્ગમાં પ્રવેશ કરવાની ઈચ્છા નહોતી. બેન્ડ-વાજાથી સ્વાગત થશે, આવી કોઈક ઊંડાણે માંગણી હતી.

પરંતુ દરવાજે જે દૂત મળ્યો, દરવાજો તો બંધ હતો અને તે દૂતે કહ્યું કે તમે એક વિચિત્ર માણસ છો. તમે પહેલા જ માણસ છો, જે પાપ કર્યા વિના જ અહીં આવી ગયાં છો. હવે અમે મોટી મુશ્કેલીમાં છીએ. કારણ કે અહીંનો જે નિયમ છે, તેમાં તમે ક્યાંય પણ બંધ બેસતાં નથી. ગ્રંથમાં લખ્યું છે - સ્વર્ગના દરવાજાના નિયમોનાં પુસ્તકમાં - કે જેમણે બહુ જ પાપ કર્યા હોય, તેને નર્કમાં મોકલી દો; જેમણે પાપ કરીને પ્રાયશ્ચિત કર્યું હોય, તેને સ્વર્ગમાં મોકલી દો. તમે તો પાપ જ નથી કર્યું. તમને નર્કમાં મોકલીએ, તો મુશ્કેલી છે. કારણ કે જેમણે પાપ નથી કર્યું, તેને નર્કમાં મોકલાય કેવી રીતે! અને તમે તો પાપ કર્યું જ નથી, એટલા માટે પ્રાયશ્ચિતનો કોઈ સવાલ જ નથી. તમને સ્વર્ગમાં કેવી રીતે મોકલાય! બન્ને દરવાજા બંધ છે - સ્વર્ગનો પણ અને નર્કનો પણ. અને અમે તમારી સાથે શું કરીએ, લીગલ ઝંઝટ ઊભી થઈ ગઈ છે.

તમારી મોટી કૃપા ગણાશે, તમે પૃથ્વી ઉપર પાછાં જાઓ; બાર કલાકનો અમે તમને સમય આપીએ છીએ; કૃપા કરીને તમે અમને ઝંઝટમાં ન નાખો. હંમેશથી ચાલ્યો આવતો નિયમ છે, તેને તોડો નહીં. બાર કલાકને માટે પાછા પૃથ્વી ઉપર જતાં રહો, અને એક નાનું-મોટું પાપ કરીને આવો. પછી પ્રાયશ્ચિત કરી લેવું. સ્વર્ગનો દરવાજો તમારું સ્વાગત કરી રહ્યો છે. અને પાછા તમે એટલા અક્કડ થઈને ઊભા છો કે નર્ક જવાને યોગ્ય છો, પરંતુ તમે પાપ કર્યું નથી! અને સ્વર્ગમાં તો તે પ્રવેશ કરે છે, જે વિનમ્ર છે, અને તમે તો જરા પણ વિનમ્ર નથી. એક નાનું પાપ કરીને આવો. થોડી વિનમ્રતા પણ આવી જશે. થોડું ઝૂકવું પણ શીખી જશો. અને તમે એકપણ પાપ કર્યું નથી, તેથી તમે મનુષ્ય જીવન વ્યર્થ ગુમાવી દીધું.

તે સાધુ બહુ જ ગભરાયા. તેણે કહ્યું, શું કહો છો! મનુષ્ય જીવન વ્યર્થ ગુમાવી દીધું? તે દેવદૂતે કહ્યું, નાનું-એવું પાપ કરી લો, તો મનુષ્ય વિનમ્ર થાય છે, નમે છે, ઝૂકે છે, અસ્મિતા તૂટે છે. અને નાનું એવું પાપ માનવીય છે, હ્યુમન છે. તમે ઇનહ્યૂમન લાગો છો, બિલકુલ અમાનવીય લાગો છો. તમે પાછાં જતાં રહો.

સાધુ પાછા આવ્યા. રાત્રે દેવદૂત તેને પૃથ્વી ઉપર મૂકી ગયા. મોટી મુશ્કેલી ઊભી થઈ. તેણે ક્યારેય કોઈ પાપ કર્યું નહોતું. બાર કલાકનો જ સમય હતો. એની સમજણમાં જ આવતું નહોતું કે ક્યું પાપ કરું! પાછું એ પણ હતું કે પાપ નાનું જ હોય, વધારે મોટું ન હોય. અને પાપનો અનુભવ ન હોવાથી, મોટી મુશ્કેલી હતી. બહુ જ વિચાર્યું, કંઈ સમજમાં આવતું નથી કે શું કરું. છતાં પણ વિચાર્યું કે ગામની તરફ ચાલું. !

જેવા ગામમાં પ્રવેશ કરતાં હતા, એક બિલકુલ કાળી-કૂબડી, કદરૂપી સ્ત્રીએ ઝૂંપડી પાસે ઈશારો કર્યો. ગભરાયા. સ્ત્રીઓથી હંમેશા દૂર રહ્યાં હતા. વિચાર્યું કે આ પાપ સાચું. કોઈ પાપ તો કરવાનું જ છે. અને વળી સ્ત્રી એટલી કદરૂપી છે કે પાપ પણ નાનું જ થશે. ચાલ્યા ગયા. સ્ત્રી તો ખૂબ જ આનંદિત થઈ.

રાત્રે તે સ્ત્રી પાસે રહ્યા, તેને પ્રેમ કર્યો. અને સવારે ભગવાનનો આભાર માનતા કહ્યું કે ચાલો એક પાપ તો થઈ ગયું, હવે પ્રાયશ્ચિત કરી લઈશ અને સ્વર્ગમાં પ્રવેશ મળી જશે. જેવા ઝૂંપડીમાંથી વિદાય થવા લાગ્યા કે તે સ્ત્રી તેના પગમાં પડી ગઈ અને તેને કહ્યું કે સાધુ, મને ક્યારેય કોઈએ ચાહી નથી, કોઈએ ક્યારેય પ્રેમ કર્યો નથી. તમે પહેલા માણસ છો, જેણે મને આટલો પ્રેમ, આટલી લાગણીથી જોઈ. આટલા પ્રેમથી મને સ્પર્શ કર્યો અને પોતાની પાસે લીધી. એક જ પ્રાર્થના છે કે આ પુણ્ય માટે ભગવાન તમને બહુ જ મોટો પુરસ્કાર આપે.

સાધુની છાતી બેસી ગઈ. આ પુણ્યનો ભગવાન તમને પુરસ્કાર આપે! સાધુએ ઘડિયાળ જોઈ કે મુશ્કેલી થઈ ગઈ, એક કલાક જ બચી છે. આ અગિયાર કલાક ખરાબ થઈ ગઈ!

આગળની મને ખબર નથી, એક કલાકમાં તેણે શું કર્યું. સ્વર્ગે પહોંચી શક્યો કે ન પહોંચી શક્યો! પરંતુ મુશ્કેલ છે કે તે કોઈ પાપ કરી શક્યો હોય. તેનું કારણ છે. આ વાર્તામાંથી કેટલાક ખ્યાલો લેવા જરૂરી છે.

પહેલી વાત તો, જેટલું સરળતાથી આપણે વિચારીએ છીએ, તેટલી સરળતાથી નિર્ણય કરવો સરળ નથી કે પાપ શું છે અને પુણ્ય શું છે. આપણે તો કૃત્યો ઉપર લેબલ લગાડી દઈએ છીએ કે આ પાપ છે અને આ પુણ્ય છે. કોઈ કૃત્ય પુણ્ય નથી, કોઈ કૃત્ય પાપ નથી. ઘણું બધું કૃત્ય કરનાર ઉપર અને કરવાની સ્થિતિ ઉપર આધાર રાખે છે.

નિશ્ચિત જ ફરીથી વિચારીએ, આ વાર્તામાં હસીએ નહીં. જે સ્ત્રીને ક્યારેય કોઈએ પ્રેમ કર્યો ન હોય, તેને જો કોઈકનો પ્રેમ મળે અને પુણ્ય જેવો લાગતો હોય, તો કોઈ ભૂલ છે? અને પરમાત્મા પણ જો આને પુણ્ય માને, તો શું આપણે કહીશું કે ભૂલ થઈ? આ સાધુ પણ બાદમાં ચિંતામાં પડી ગયા કે પુણ્ય શું છે? પાપ શું છે? જો બીજાને આટલું સુખ મળ્યું હોય, તો પાપ ક્યાં છે? જો બીજો આટલો આનંદિત થયો હોય કે તેનાં જીવનનું ફૂલ પહેલી વખત ખીલ્યું હોય, તો પાપ ક્યાં છે?

પાપ કૃત્યમાં નથી. કૃત્યોનું શું પરિણામ હોય છે! તેમાં પણ પરિણામનો કોઈ અંત નથી. આપણે કૃત્ય આજે કર્યું છે, તે કૃત્યનું પરિણામ હજારો વર્ષ સુધી આવતું રહેશે. કારણ કે પરિણામોની શ્રૃંખલા છે. જો બધાં જ પરિણામો કૃત્યમાં સમાવિષ્ટ કરવામાં આવે, તો નિર્ણય કરવો બહુ જ મુશ્કેલ છે કે શું પાપ છે, શું પુણ્ય છે.

બીજી વાત આ વાર્તામાંથી ખ્યાલમાં લેવી જરૂરી છે કે આ સાધુ તો જાણી-બૂઝીને પાપ કરવા ઇચ્છતા હતા, છતાં પણ પાપ થઈ શક્યું નહીં. આ બહુ જ ગહન છે.

મો.૯૪૨૮૧૯૧૩૧૧

**હરિ ભજો.**

'અપરિગ્રહી બની, નિરાશ્રિત બની એકાંતમાં હરિ ભજો. એકાંત એટલે જયાં ચિત્તને વિક્ષિપ્ત કરનારી કોઈ વાત ન હો, જયાં ભોજન કરવામાં નથી આવતું, જયાં કોઈ ભોગ ભોગવવામાં નથી આવતા, જયાં કોઈ બીજી ચર્ચા કરવામાં નથી આવતી, એને એકાંત કહેવાય. એનાથી ભજનમાં, સાધનામાં બહુ બળ મળે છે. એવી રીતે આત્મા પર બોર્ડ લગાવી દો, ભજન કરો એ નિષ્કામ હો, ભજન કેવળ ભજન માટે કરો. નીતિ અને કર્મ ચોખ્ખા રાખો સમય તમારા દરવાજા પાસે ચોકીદાર તરીકે કામ કરશે.'

## ૧૪ સંસ્થા સમાચાર (માર્ચ, ૨૦૨૬)

**સંકલન : પ્રશાંત મહેતા**

---

**લોકભારતી સમાચાર**

- લોકભારતીના વિદ્યાર્થીઓનો અતિપ્રિય એવો કાર્યક્રમ 'સાહસદોડ' તા.૨જીના રોજ લોકભારતીથી હડમતિયા આશ્રમ સુધી યોજાયો. સવારે ૦૬-૦૦ કલાકે શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ સાહસદોડનો પ્રારંભ કરાવ્યો. સૌ વિભાગના વિદ્યાર્થીઓ ઉત્સાહથી જોડાયા. રસ્તામાં વચ્ચે બે-ત્રણ જગ્યાએ લીંબુ-પાણી, ચા-બીસ્કિટની વ્યવસ્થા પણ કરવામાં આવી. હડમતિયા આશ્રમ પહોંચ્યા પછી સામૂહિક સંમેલન યોજાયું, જેમાં દોડમાં ઝડપથી પહોંચેલ વિદ્યાર્થીઓને પુસ્તક ભેટ આપી સન્માનવામાં આવ્યા. બપોરનાં ભોજન-પ્રસાદ બાદ આ કાર્યક્રમ પૂરો થયો.
- તા.૦૩ના રોજ હોલિકાદહનના કાર્યક્રમમાં સમગ્ર લોકભારતી પરિવાર એકઠો થયો. હોલિકાદહન અને પછી ધાણી-દાળિયા-ખજૂરની પ્રસાદી વિતરણ પછી કાર્યક્રમ પૂરો થયો. બીજે દિવસે સવારે ધૂળેટી નિમિત્તે રસ ધરાવતાં સૌ વિદ્યાર્થીઓ અને કાર્યકરો મેદાનમાં એકઠા થયા અને રંગે રમ્યા. અંતે મુક્ત અભિવ્યક્તિનો એક ટૂંકો કાર્યક્રમ યોજાયો. રાત્રે લોકસંસ્કૃતિક, લોકકલા અને સાહિત્યનો એક કાર્યક્રમ 'ડાયરાની ડેલી' યોજાયો, જેમાં રાજકોટથી શ્રી નામદેવભાઈ પંડ્યા, શ્રી દર્શિતભાઈ સાકડેચા, શ્રી આકાંક્ષાબહેન ગોંડલિયા, શ્રી બંસીબહેન રંગાણી, શ્રી ભાવેશભાઈ દક્ષિણી, શ્રી જયભાઈ સાકરિયા અને શ્રી કપિલભાઈ જોશી દ્વારા વિધવિધ રજૂઆતો કરવામાં આવી.
- તા.૦૬ના રોજ NEP માર્ગદર્શિકા મુજબ શેઠ સી.એન.વિદ્યાવિહાર, અમદાવાદ ખાતે ૩૫ જેટલા શિક્ષણવિદ્ વ્યક્તિઓ સાથે એક ભાષાશિક્ષણ ચિંતન શિબિરનું આયોજન થયેલું. જેમાં શ્રી વિશાલભાઈ જોશીએ પણ આ બેઠકમાં રાજયના અન્ય સાહિત્યકારો અને ભાષાસ્ત્રીઓની ઉપસ્થિતિમાં પોતાના વિચારો અને અનુભવો કહેવાની તક મળી હતી.
- તા. ૦૬ અને ૧૩ના રોજ માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા યોજાયેલ વિવિધ કાર્યક્રમોનું 'જીવંત પ્રસારણ' કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ખેડૂતોને દર્શાવવામાં આવ્યું.
- તા.૦૭ના રોજ લોકસેવા મહાવિદ્યાલય આયોજિત સંમેલનમાં દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓએ મેળવેલ કાર્યાનુભવના અનુભવો રજૂ કરાયા જ્યારે બપોરે ૨-૦૦થી૫-૦૦ સમય દરમિયાન પરફોર્મિંગ આર્ટ વિષય અનુસંધાને શ્રી દિવ્યરાજ ભોજક દ્વારા સંગીત વિશેનો કાર્યક્રમ થઈ ગયો.
- તા.૦૮ના રોજ શુભેચ્છક શ્રી અક્ષયભાઈ વજુભાઈ શાહ-દંપતી ઘણાં વર્ષો પછી સંસ્થાની મુલાકાતે આવ્યાં, બધા જ વિભાગોમાં રસપૂર્વક ફર્યા અને લોકભારતીની પ્રગતિ જોઈ પ્રસન્નતા વ્યક્ત કરી.
- તા. ૦૮ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર પર ઉજવણી કરવામાં આવી.
- લોકભારતીની સાયં પ્રાર્થનાના શ્લોકોની સમજણ આપવાનો એક કાર્યક્રમ તા.૦૯થી પ્રાર્થના પછી

રોજ બાર-પંદર મિનિટ એમ, તા.૨૦ સુધી શ્રી હસમુખભાઈ દેવમુરારિ દ્વારા વિદ્યાર્થીભોગ્ય યોજાઈ ગયો.

- લોકભારતી મુકામેની પૂ.મોરારિબાપુની કથાના નિમિત્તમાત્ર યજમાન શ્રી હર્ષાબા ગોહિલના પ્રેમાગ્રહથી તેમના જ યજમાનપદે બગસરા મુકામે યોજાયેલી કથામાં તા. ૦૮ અને ૦૯ના રોજ શ્રી અરુણભાઈ દવે તથા તા.૧૦ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી ગિરીશભાઈ દવે, શ્રી જયવંતસિંહ ગોહિલ, શ્રી રેખાબહેન વ્યાસ, શ્રી જીવનભાઈ જોગરાણા, શ્રી પરેશભાઈ રાઠોડ, શ્રી દિનુભાઈ ચુડાસમા, શ્રી વિજયભાઈ પધારિયા, શ્રી શ્રદ્ધાબહેન વેગડ, શ્રી પ્રકાશભાઈ રાઠોડ અને શ્રી ભરતભાઈ પરમાર તથા તા.૧૩મીના રોજ શ્રી જગદીશગિરિ ગોંસાઈ, શ્રી ધીરુભાઈ રાઠોડ, શ્રી માધવીબહેન પંડ્યા અને શ્રી પૂજાબહેન પુરોહિત જઈ આવ્યાં.
- તા.૧૦ના રોજ લોકસેવા મહાવિદ્યાલયની બોર્ડ ઓફ સ્ટડીની મિટિંગ યોજાઈ ગઈ. યુનિવર્સિટી પ્રતિનિધિ તરીકે ડૉ.એ.યુ.ખાનસાહેબ ઓનલાઈન ઉપસ્થિતિ રહી માર્ગદર્શન આપ્યું. તૃતીય વર્ષની ઈન્ટરશીપ અને સેમિનાર પેપર મૂલ્યાંકનનું માળખું નક્કી કરવામાં આવ્યું.
- તા.૧૦ અને ૧૧ દરમિયાન લોકસેવા મહાવિદ્યાલય તૃતીય વર્ષની મૌખિક પરીક્ષાઓ યોજાઈ ગઈ.
- આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ નિમિત્તે ત્રિવેણી કલ્યાણ ફાઉન્ડેશન આયોજિત રાજ્ય કક્ષાના મહિલા સંમેલનમાં કળસાર મુકામે શ્રી હસમુખભાઈ દેવમુરારિએ તા.૧૧મીના રોજ હાજરી આપી.
- ભારત સરકારના યુવા મંત્રાલયના આયોજન તળે અને શ્રી પાર્થેશભાઈ પંડ્યાના માર્ગદર્શન હેઠળ મંત્રાલયના અધિકારીશ્રીઓ તથા પીરામલ ફાઉન્ડેશનના અધિકારીઓનું એક જૂથ તા.૧૩મીના રોજ લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયું. તેઓએ કુલપતિશ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી સાથે મિટિંગ કરી. સાયં પ્રાર્થનામાં પણ હાજરી આપી.
- તા. ૧૪ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરમાં સત્યનારાયણની શૈક્ષણિક કથા યોજાઈ. શ્રી મહેશભાઈ પાઠક દ્વારા કથા રસપાન કરાવવામાં આવ્યું.
- તા.૧૫ના રોજ અમદાવાદ મુકામે અચલા એજયુકેશન ફાઉન્ડેશન દ્વારા શ્રી દિનુભાઈ ચુડાસમાને સાહિત્યિક પ્રકાશનો માટે ‘વિશિષ્ટ ઍવૉર્ડ’થી સન્માનિત કરવામાં આવ્યા.
- સણોસરા ગામમાં રામજીમંદિરના મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવમાં પધારેલા પૂ. મોરારિબાપુ ત્યાંનો કાર્યક્રમ પતાવીને લોકભારતીમાં શુભેચ્છા મુલાકાતે આવ્યા. મહેમાન ઘરના હીંચકે બેસીને પરિવારજનોને ટૂંકું સંબોધન અને આશીર્વચન કહ્યાં.
- તા.૧૭ના રોજ ગુપ્તપ્રયાગ એજ્યુકેશન ટ્રસ્ટ (મુંબઈ) સંચાલિત એચ.એમ.વી. આર્ટસ્ એન્ડ કોમર્સ કૉલેજ, ઉના ખાતે ૪૧માં તેજસ્વી વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ અને વાર્ષિકોત્સવના મુખ્ય મહેમાન વક્તા તરીકે અધ્યાપક શ્રી વિશાલભાઈ જોશીએ પ્રાસંગિક ઉદ્‌બોધન આપ્યું.
- તા. ૧૭ના રોજ બાગાયત ખાતા, ભાવનગર દ્વારા આયોજિત મિટિંગમાં ભાગ લેવા માટે શ્રી નિગમભાઈ શુકલ ભાવનગર જઈ આવ્યા.
- લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટના વ્યવસ્થાપક મંડળની એક બેઠક તા.૧૮ના રોજ સાંજના ૦૫-૦૦ કલાકે યોજાઈ ગઈ.
- તા.૧૯ના રોજ સાંજના એકાએક જ વરસાદી વાતાવરણ સર્જાયું, થોડીવાર વાવાઝોડું અને વરસાદ થયો. વીજળી ગુલ થઈ ગઈ. વૃક્ષોની ડાળીઓ, પાંદડાં વગેરેથી ચારેકોર કચરો-કચરો

કરી નાંખ્યો. સદ્‌ભાગ્યે બહુ ઓછો સમય આવું તોફાની વાતાવરણ રહ્યું પણ બાગાયતી પાકને તો સારું એવું નુકસાન થયું.

- તા. ૧૯ના રોજ માનનિય કેન્દ્રિય કૃષિમંત્રીશ્રી દ્વારા આયોજિત કાર્યક્રમનું 'જીવંત પ્રસારણ' કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ખેડૂતોને દર્શાવવામાં આવ્યું.
- તા.૨૦ થી તા.૨૨ દરમિયાન લોકસેવા પ્રથમ વર્ષની વાચન શિબિર યોજવામાં આવી.
- તા.૨૦ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરમાં 'ચકલી બચાવો અભિયાન'તળે જાણીતા પર્યાવરણવિદ્ શ્રી વિરજીભાઈ બાલા અને રમેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો. તેમના તરફથી કૂંડા અને માળાઓનું વિતરણ કરવામાં આવ્યું. શ્રી જગદીશગિરિ ગોસાઈના માર્ગદર્શન તળે યોજાયેલ આ કાર્યક્રમનું સંચાલન શ્રી કવિતાબેન વ્યાસ અને આભારદર્શન શ્રી અમિતભાઈ સાસાણી દ્વારા કરવામાં આવ્યું હતું.
- તા.૨૧ના શ્રી જગદીશગિરિ ગોસાઈ ઘરશાળા ડી.એલ.એડ. કૉલેજના વાર્ષિક ઈન્સ્પેકશનની કામગીરીમાં જઈ આવ્યા.
- તા. ૨૧થી ૨૩ દરમિયાન લોકભારતી અધ્યાપનમંદિર સણોસરા અને શેત્રુંજી ડેમ કેમ્પસમાં પી.ટી.સી.ની તાલીમ પામેલા, વર્ષ ૧૯૭૫/૭૭ની બેચના તાલીમાર્થીઓનું સતત પાંચમુ સ્નેહમિલન આત્મીયતાપૂર્વક સંપન્ન થયું. લગભગ ૪૯ વર્ષ પહેલાંના સંસ્મરણો વાગોળી સૌ ધન્ય થયા. આ સ્નેહ મિલનમાં શ્રી મનુભાઈ શાહ, શ્રી હિંમતભાઈ પંડ્યા, શ્રી બટુકભાઈ વોરા, શેત્રુંજી ડેમ કેમ્પસના નિયામક શ્રી લાલજીભાઈ સોલંકી અને સૌ સ્નેહીઓએ ઉપસ્થિત રહી સૌને રાજી કરી દીધા. 'મા' લોકભારતીએ આપેલી જીવનભરની હૂંફ બદલ સૌએ માતૃસંસ્થાને વંદન કરીને કૃતજ્ઞતા વ્યક્ત કરી.
- શ્રી ધ્રુવભાઈ ભટ્ટ અને શ્રી શબનમબેન વીરમાણીની પ્રેરણા અને ઉપસ્થિતિમાં તથા શ્રી મમતાબેન ચૌહાણ અને તેના જૂથ દ્વારા આયોજિત વલ્લભીપુરની આસપાસનાં ગામડાંઓમાં ભક્તિસંગીતનો કાર્યક્રમ 'વસુંધરાની વાણી' યોજાયો, તેમાં તા.૨૧ના રોજ પચ્છેગામ મુકામે શ્રી અરુણભાઈ દવે, શ્રી રામચંદ્રભાઈ પંચોળી, શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને અન્ય કેટલાંક કાર્યકરો જઈ આવ્યાં.
- તા.૨૧ના રોજ લોકભારતીના શુભેચ્છક શ્રી પારુલભાઈ પટેલના સૂચનથી શ્રી છગનભાઈ પટેલ અને શ્રી પરશોત્તમભાઈ પટેલ લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયા.
- તા.૨૧ના રોજ લોકભારતીના શુભેચ્છક લંડન નિવાસી શ્રી વિજયભાઈ શાહ લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયા.
- તા.૨૩ના રોજ લોકભારતીના શુભેચ્છક ડૉક્ટર પંપવાળા શ્રી પરશોત્તમભાઈ પટેલ લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયા.
- લોકભારતી ખેતી વિભાગના કાર્યકર શ્રી છગનભાઈ જાંબુચાનાં ધર્મપત્ની શ્રી મંજુબહેન જાંબુચાએ હસ્તકલા ક્ષેત્રે ઠીક ઠીક પ્રગતિ કરી છે અને મોરની નાની-મોટી પ્રતિકૃતિઓ બનાવી ગુજરાત અને દેશ કક્ષાએ નામના અને સન્માન પ્રાપ્ત કર્યાં છે. તેમને તા.૨૪ના રોજ સાયં પ્રાર્થના અનુસંધાને સમગ્ર લોકભારતી પરિવાર તરફથી સન્માનવાનો એક નાનકડો ઉપક્રમ યોજાઈ ગયો. તેમના અંગેની એક વીડિયો ક્લિપ દર્શાવવામાં આવી, શ્રી અરુણભાઈ દવે અને શ્રી રામચંદ્રભાઈ પંચોલીનાં હસ્તે સન્માનરાશિ તરીકે રૂપિયા અગિયાર હજારનો ચેક અને શ્રીફળ-સાકરનો પડો અર્પણ કરવામાં આવ્યાં.
- તા.૨૪ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના પ્રથમ વર્ષનાં વિદ્યાર્થી ભાઈ-બહેનો કે જેઓ ગાંધીવિચાર-દર્શનને ભણીને સમજે છે. એ સૌ

માટે ગાંધી મ્યૂઝિયમ-રાજકોટ જોવાનો શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવેલ. પરત થતાં આજી ડેમ જોઈને કસ્તૂરબા ધામ-ત્રંબા દર્શન કર્યા, છાત્રો સાથે શ્રી ધીરુભાઈ રાઠોડ અને શ્રી દિનુભાઈ ચુડાસમા જઈ આવી ગયા.

- તા.૨૫ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના બુધ સંમેલનમાં ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓએ પોતાના કાર્યાનુભવનું પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન આપ્યું હતું.
- તા. ૨૫ના રોજ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા આયોજિત એક દિવસિય તાલીમમાં ભાગ લેવા માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાંથી શ્રી નિગમભાઈ શુકલ અને શ્રી પ્રદીપભાઈ ક્યાડા જૂનાગઢ જઈ આવ્યા.
- લોકભારતીના શુભેચ્છક અને ઈફકોના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી તા.૨૭ના રોજ ઓચિંતા જ સાયં પ્રાર્થના વખતે આવી પહોંચ્યા. શ્રી દિલીપભાઈ સંઘાણીએ ઈફકો તરફથી લોકભારતી સંસ્થાને સારા એવા દાનની રકમનો ચેક અર્પણ કર્યો અને તેઓએ લોકભારતી પ્રત્યેની પોતાની શુભેચ્છાઓ વ્યક્ત કરી.
- લોકભારતીના પૂર્વવિદ્યાર્થી શ્રી પાર્થેશભાઈ પંડ્યાની સંસ્થા ItoWe દ્વારા હાલોલ તાલુકાનાં છ ગામોનાં પચાસેક જેટલાં ગ્રામજનોનો 'સ્વચ્છતાસેતુ' નામે એક પ્રેરણા પ્રવાસ તા.૨૭ના રોજ લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયો.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા. ૨૭ અને ૩૦ એમ કુલ બે દિવસ કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના સયુક્ત ઉપક્રમે વિકાસ કમિશ્નરશ્રીની કચેરી ગાંધીનગર તથા પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર લોકભારતી સણોસરાના સંયુક્ત આયોજન અન્વયે (RGSA ) અંતર્ગત (GPDP)ની તાલીમ યોજાઈ ગઈ. આ તાલીમમાં સરપંચ, ઉપસરપંચ અને સભ્યો કુલ મળીને ૬૩ લોકોને તાલીમ આપવામાં આવી હતી. તાલીમ જિલ્લા પંચાયત ભાવનગર-નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી સોનારા સાહેબના માર્ગદર્શન હેઠળ આયોજન થઈ હતી. તાલીમમાં જિલ્લા પંચાયતના નાયબ ચીટનીશ શ્રી અર્જુનભાઈ દેસાઈ, સિહોર તાલુકા પંચાયતમાંથી વિસ્તરણ અધિકારી શ્રી જિજ્ઞાબહેન સાંબડ તથા રેખાબેન ડાભી તેમજ ભાવનગર તાલુકા પંચાયતમાંથી વિસ્તરણ અધિકારીશ્રી ચાર્ડ કૃણાલભાઈ તેમજ ટ્રેનર તરીકે સુશીલભાઈ પંડયા અને મિનાક્ષીબહેન મહેતા હાજર રહ્યાં હતાં.
- તા.૨૮ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના શનિ સંમેલનમાં ડૉ.રાજેન્દ્રભાઈ ખીમાણીએ વિદ્યાર્થીઓને જીવન અને વ્યવસાયલક્ષી માર્ગદર્શન આપ્યું.
- છેલ્લાં કેટલાંક વર્ષોથી ગુજરાત-મધ્યપ્રદેશ-મહારાષ્ટ્રની ત્રિભેટે સરહદે આદિવાસી વિસ્તારમાં શિક્ષણ અને ગ્રામવિકાસ ક્ષેત્રે કાર્યરત અને ગ્રામશિલ્પી જેવી સંકલ્પનાથી કાર્યરત શ્રી અલ્પેશભાઈ રમેશભાઈ બારોટ તા.૨૮ના રોજ લોકભારતીની ટૂંકી મુલાકાતે આવી ગયા. તેઓ કુલપતિ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી, શ્રી અરુણભાઈ દવે અને અન્ય સૌને મળ્યાં, તેમની પ્રવૃત્તિથી સૌને વાકેફ કર્યા.
- સ્પીકમેકે મૂવમેંટના ભાવનગર ચેપ્ટરના કૉ-ઓર્ડીનેટર અને લોકભારતીના શુભેચ્છક શ્રી ઉદયભાઈ ભટ્ટ તા.૨૮ના રોજ લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવ્યા. તેઓએ લોકભારતીના બધા જ વિભાગોની વિગતે મુલાકાત લીધી. સ્પીકમેકે મૂવમેંટ દ્વારા આઈઆઈટી-ખડગપુર મુકામે યોજાનારા સ્પીકમેકેના આંતરરાષ્ટ્રીય શિબિરમાં લોકભારતીથી જનારા ગ્રુપની અભિમુખતા કરી.
- તા. ૩૦ના રોજ બેલા સંસ્થા ખાતે આત્મા પ્રોજેકટ-ભાવનગર અને ગુજરાત પ્રાકૃતિક

વિકાસ બોર્ડ દ્વારા આયોજિત પ્રાકૃતિક કૃષિ પરીસંવાદ કાર્યક્રમ માનનીય રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષતામાં યોજાયો. જેમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના કાર્યકર શ્રી જગદીશભાઈ કંટારિયા, શ્રી પ્રદીપભાઈ ક્યાડા અને શ્રી પરેશભાઈ રાઠોડે ભાગ લીધો.

**આંબલા સમાચાર**

- તા.૦૨ના રોજ આંબલાના પૂર્વવિદ્યાર્થી શ્રી હરેશભાઈ ભટ્ટ અને તેમના ધર્મપત્ની ૪૫ વર્ષથી આસામમાં એન.જી.ઓ. ચલાવી સેવાકાર્ય કરે છે. તેમને આસામના રાજયપાલ દ્વારા સન્માનિત કરવામાં આવેલ. તેમને ખૂબ ખૂબ અભિનંદન.
- તા.૦૪ના રોજ ધુળેટી નિમિતે રંગોત્સવ ખૂબ ઉત્સાહપૂર્વક ઊજવવામાં આવ્યો હતો.
- ધો. ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા પૂર્ણ કરી.
- તા. ૧૯થી ૨૮ દરમિયાન દર વર્ષની જેમ આ વર્ષે પણ બોર્ડના પેપર તપાસનું કેન્દ્ર આંબલામાં રહ્યું હતું. લોકશાળામાં ૧૭૫ જેટલા શિક્ષકો પેપર તપાસવા માટે આવી ગયા.
- આંબલા લોકશાળા તથા મોજીલી શાળાને શાળામાં બાળકો ટેકનોલોજીના ઉપયોગ દ્વારા અભ્યાસ કરી શકે તે માટે ભાવનગર રોટરી કલબ તરફથી બંને શાળાઓને સ્માર્ટ બોર્ડનું દાન મળેલ છે. સંસ્થા પરિવાર દાતાશ્રી ભાવનગર રોટરી કલબનો આભાર વ્યક્ત કરે છે.
- તા.૨૨ના રોજ ધો.૦૯ અને ૧૧ની પ્રવેશ પરીક્ષા યોજાઈ ગઈ, તેમાં ગામના અને બહારગામથી કુલ ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી છે.
- તા.૨૫ના રોજ મણાર ખાતે વ્યવસ્થાપકમંડળની બેઠક યોજાઈ ગઈ.
- સુરતથી જીવનભારતી મંડળમાંથી તા.૧૩ના રોજ ૧૫ વ્યક્તિની ટીમ શિક્ષણ પ્રણાલીને જોવા અને જાણવા માટે આવી ગયા.
- માર્ચ માસમાં કમોસમી વરસાદ અને વાવજોડાને કારણે આંબામાં નુકશાન વધુ થયું છે.

**મણાર સમાચાર**

- તા. ૨૬ ફેબ્રુઆરીથી શરૂ થયેલી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓને કુમકુમ તિલક અને મોં મીઠું કરાવી ઉત્સાહભેર શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી અરુણભાઈ દવેએ પણ વીડિયો કૉલિંગથી જોડાઈને તમામ વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને પરીક્ષા માટે પ્રેરક આશીર્વાદ અને શુભકામનાઓ આપી હતી.
- તા. ૪ના રોજ હોલિકાદહન સાથે હોળી-ધુળેટીની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પર્વમાં આચાર્યશ્રી અને સ્ટાફગણ પણ જોડાયા હતા.
- તા. ૧૦, ૧૧ અને ૧૨ના રોજ ધો. ૯ના ૫૨ વિદ્યાર્થીઓ માટે પર્યાવરણ જાગૃતિ અને ઐતિહાસિક જ્ઞાનના હેતુથી ત્રણ દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓએ ભોળાદ, લોથલ અને 'ગણતર' સંસ્થાની મુલાકાત લીધી હતી. આ સાથે જ નળ સરોવર ખાતે બે દિવસની પર્યાવરણ શિબિર પણ યોજાઈ હતી. આ પ્રવાસમાં શાળાના સ્ટાફમાંથી ભાવેશભાઈ અને રાજુભાઈ તથા બી.એડ્. ના તાલીમાર્થી શ્રી વૈશાલીબહેન અને શ્રી ઉષાબહેન જોડાયા હતાં.
- તા. ૧૨ના રોજ ધો. ૧૧ના વિદ્યાર્થીઓ માટે એક દિવસીય પગપાળા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ફાયર સ્ટેશન, દીવાદાંડી અને કચરા વ્યવસ્થાપન કરતી કંપની GEPILની મુલાકાત લીધી હતી. આ સાથે જ વિદ્યાર્થીઓએ દરિયા કિનારે સફાઈ કાર્યક્રમ યોજીને શ્રમદાન કર્યું હતું. જેમાં આચાર્યશ્રી તથા

સમગ્ર સ્ટાફ જોડાયો હતો.

- તા. ૧૩ના રોજ ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા બહેનો માટે એક સેમિનાર યોજાયો હતો. જેમાં વિદ્યાર્થી બહેનોને નિરામય જીવનશૈલી વિશે માર્ગદર્શન અને ધોરણ ૧૨ પછી આરોગ્યલક્ષી કોર્સ વિશે માહિતી આપવામાં આવી હતી.
- તા. ૨૮ના રોજ ભાવનગર જિલ્લા શિક્ષણાધિકારી શ્રી પઢેરિયા સાહેબ સંસ્થાની શુભેચ્છા મુલાકાતે પધાર્યા હતા. અને તેમની સાથે સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી દિલીપસિંહ પરમાર પણ જોડાયા હતા. તેમણે વિદ્યાર્થીઓ સાથે રૂબરૂ વાર્તાલાપ કર્યો હતો.
- તા. ૨૯ને રવિવારના રોજ માનનિય કેબિનેટ શિક્ષણ મંત્રી શ્રી પ્રદ્યુમનસિંહ વાજા સાહેબ ભાવનગરના શિવશક્તિ હોલ ખાતે પધાર્યા હતા. આ પ્રસંગે ભાવનગર જિલ્લાના તમામ બક્ષીપંચ છાત્રાલયોના વ્યવસ્થાપકો, ગૃહપતિશ્રીઓ અને મંત્રીશ્રીનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.
- તા. ૩૦ના રોજ આયોજિત એક દિવસિય આચાર્ય અધિવેશનમાં શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા, મણારને વર્ષ ૨૦૨૫-૨૬ની 'શ્રેષ્ઠ શાળા' તરીકે પસંદ કરવામાં આવી છે. શ્રી ડાયાભાઈ ડાંગરે જિલ્લા શિક્ષણાધિકારી શ્રી પઢેરિયા સાહેબના વરદ્ હસ્તે આ ગૌરવશાળી એવોર્ડ સ્વીકાર્યો હતો. આ સિદ્ધિ બદલ સમગ્ર સંસ્થા પરિવાર ગર્વની લાગણી અનુભવે છે.

**માઈધાર સમાચાર**

- તા. ૦૧ના રોજ સ્ટીલકાસ્ટ કંપનીની સી.એસ.આર. ટીમ માઈધાર કેન્દ્રની મુલાકાત આવી ગઈ.
- તા.૦૭ના રોજ શ્રી અરુણભાઈ દવે સાથે સમગ્ર કાર્યકર મિત્રોની બેઠક યોજાઈ ગઈ.
- તા.૨૫ના રોજ સરકારી આયુર્વેદ હોસ્પિટલ-તળાજા દ્વારા માઈધાર કેન્દ્રમાં સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.
- તા. ૨૮-૦૨થી ૦૨-૦૩ સુધી આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર,મોજીલું શિક્ષણ અને અહિંસાની કેળવણી દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ અનુસંધાને ટીમાણા, ઢુંઢસર,માંડવડા-૧, સતુઆબાબા-પાલીતાણા તેમજ મોખડકા પ્રા શાળામાં વિજ્ઞાન સપ્તાહની ઉજવણી કરી બાળકોને વિજ્ઞાનની પ્રવૃત્તિથી માહિતગાર કર્યા.
- તા.૧૭ના રોજ સરકારી ડેન્ટલ કૉલેજ અને હોસ્પિટલ-અમરગઢ દ્વારા દાંતનો સારવાર કેમ્પ માઈધાર કેન્દ્રમાં યોજાઈ ગયો.
- તા. ૨૯થી ૩૧સુધી મહેસાણા વિશ્વગ્રામ ખાતે કાશ્મીરના પ્રવાસ અનુસંધાને યોજાયેલ તાલીમ શિબિરમાં માઈધાર કેન્દ્રમાંથી શ્રી એભલભાઈ, શ્રી ભદ્રેશભાઈ અને શ્રી હરેશભાઈ જઈ આવ્યા.

**શ્રદ્ધાંજલિ**

- લોકભારતીના શુભેચ્છક, સર્વોદય આશ્રમ-પીંડવળના નિયામક શ્રી સવજીભાઈ બગડાનું તા.૦૨-૦૩-૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- લોકભારતીનાં પૂર્વવિદ્યાર્થિની શ્રી સુધાબહેન મનસુખપરી ગોસાઈનું ૭૨ વર્ષની વયે તા.૨૮-૦૩-૨૦૨૬ના રોજ ભાવનગર ખાતે દુઃખદ અવસાન થયેલ છે.
- ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા અને લોકભારતીના તેજસ્વી વિદ્યાર્થી અને જાણીતા પત્રકાર શ્રી હમીરભાઈ સોલંકીનું ભાવનગર ખાતે દુઃખદ અવસાન થયેલ છે.
- લોકભારતીના શુભેચ્છક, કાઠિયાવાડ ખાદી કાર્યાલય-ચલાળાના સ્થાપક ટ્રસ્ટી એવા શ્રી રવજીભાઈ સોલંકીનું તા. ૩૧-૦૩-૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## લોકભારતીના વિદ્યાર્થીઓનો અતિપ્રિય એવો 'સાહસ દોડ' કાર્યક્રમ





લોકભારતીથી હડમતિયા આશ્રમ સુધીની સાહસ દોડ.




આચાર્ય અધિવેશનમાં શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ, લોકશાળા-મણારને વર્ષ ૨૦૨૫-૨૬ માટે 'શ્રેષ્ઠ શાળા' તરીકે પસંદ કરવામાં આવી.




અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા શ્રી દિનુભાઈ ચુડાસમાને સાહિત્યિક પ્રકાશનો માટે
'વિશિષ્ટ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા.




To.


**From :**

**Registered** *BVR/151/2024-2026, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2026*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** मेहुलभाई भट्ट - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-